વર્ષ બાવનમું • અંક ત્રીજો • માર્ચ • ઓગણીસ સો પંચોતેર

કુમાર

સંસ્થાપક • રવિશંકર રાવળ

તંત્રી • બચુભાઈ રાવત




એકલ ગોપિકા (સ્વ. અબ્દુર્રહમાન ચુઘતાઈ)
એમની લાક્ષણિક શૈલીથી ભિન્ન એવું એક ચિત્ર (જુઓ આ અંકની 'કલાવાર્તા')

સળંગ અંક ૬૧૫



હર્ષદ (હરસિદ્ધ)માતાનું મંદિર – મિયાણી (ચિત્રકાર · મગનલાલ દેસાઈ) — સ્થળ-પરિચય માટે જુઓ 'માધુકરી'



ગીત-અંજલી
ચિત્રકાર
અબ્દુર્રહમાન ચુઘતાઈ

અસ્ખલિત મુલાયમ રેખાઓ,
સમતોલ સંયોજન,
સપ્રમાણ વિવિધ મધુર રંગછાયા
અને પ્રત્યેક આકારની પૂર્ણ સ્પષ્ટ
રજૂઆત સાથે, નરી વાસ્તવિકતાથી
દૂર કોઈ કલ્પનાભોમમાં વિહાર
કરાવતી ઈસ્લામી છાંટવાળી
કાવ્યમય ચિત્રાલેખના એ આ
મરહૂમ ચિત્રકારની આગવી ને અજોડ
લાક્ષણિકતા રહી છે.
એમનો પરિચય આ અંકની
'કલાવાર્તા'માં આપ્યો છે.

૧૯૭૪/૭૫ની 'લોકપ્રિય'ની તદ્દન નવી નવલકથાઓ

શ્રી દિલીપ રાણપુરા

નયન સમાયો શ્યામ	૨૦–૫૦
અગન સેજ સજાવો સાજન	૯–૫૦
અંધાપો	૯–૦૦
મધુડંખ	૧૫–૫૦
હરિયાળાં વેરાન	૧૨–૭૫

શ્રી પ્રીતમલાલ કવિ

ચહેરામહોરા	૧૩–૭૫
મૃગજળ	૧૪–૫૦
પારેવાં મોતી ચૂગે	૧૫–૫૦

શ્રી મૂળરાજ રૂપારેલ

કળીએ દીધાં ડંખ	૧૦–૫૦
પ્રેમથી વીંધાણા પ્રાણ	૧૦–૦૦

શ્રી મહલાદ બ્રહ્મભટ્ટ

સંગ્રામ	૧૨–૦૦
અમીભર્યાં નેનાં	૧૨–૨૫
ઊંડા અંધારેથી	૧૨–૫૦

શ્રી ઈલા આરબ મહેતા

રાધા	૬–૦૦

શ્રી વર્ષા અડાલજા

છેવટનું છેવટ	૮–૨૫

શ્રી મનસુખલાલ ઝવેરી

કાચનું કારાગાર	૭–૭૫
હૈયાં હિજરાયેલ	૯–૦૦
આનંદભવન	૯–૦૦

શ્રી ઉમિયાશંકર અજાણી

મોનો ખેલાડી	૧૪–૦૦

શ્રી નવનીત સેવક

સંદિગ્ધા	૭–૫૦

શ્રી ગુણવંત ભટ્ટ

એક સપનું એક સંસાર	૧૦–૨૫
આક્રંદ	૧૦–૦૦
અગન પડછાયા	૧૦–૦૦
સૂકાં સાગર ભીના કિનારા	૧૦–૫૦

શ્રી નાનાભાઈ જેબલિયા

રંગ બિલોરી કાચના	૧૩–૦૦
મેઘરવો	૧૩–૫૦

શ્રી જયોતિર્ રાવલ

ચુક્તા	૧૦–૨૫

શ્રી યોગેશ્વર

પ્રીત પુરાની	૧૦–૫૦

શ્રી હસમુખ શેઠ

ભીતરે ભર્યો લાવા	૧૭–૦૦
ફટકિયાં મોતી	૧૨–૫૦
અજંપાના ઓરતા	૧૫–૫૦
પીગળ્યો નહિ ધુમ્મસનો પહાડ	૧૨–૦૦

— વિસ્તૃત સૂચિપત્ર મંગાવો —

: પ્રકાશક :

લોકપ્રિય પ્રકાશન

૧૧૦–૧૧૨ · પ્રિન્સેસ સ્ટ્રીટ · મુંબઈ-૪૦૦૦૦૨

માર્ચ ૧૯૭૫ • અંક ૬૧૫

તંત્રી: બચુભાઈ રાવત ∞ ઉપતંત્રી: બિહારીલાલ ટાંક

ચિત્રો

કાવ્યો

ચરિત્ર

વાર્તા

લેખો

વિભાગો

'કુમાર' સામાન્યતઃ દર માસની ૧૫મી તારીખે બહાર પડે છે. તે પછી અંક ન મળે તો તરત તેની ફરિયાદ કરવી. અકસ્માતે ગુમ થએલા અંકોની ફરિયાદોને, અમારી પાસે નકલો હોય છે ત્યાં સુધી પહોંચી વળવાનો પ્રયત્ન કરીએ છીએ; પરંતુ એવા ગુમ થએલા અંકો ભરપાઈ કરી આપવાનું બંધન અમારે માથે રહેતું નથી.

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક : બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન: કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ. ૧૪૫૪ રાયપુર. અમદાવાદ-૧.
વાર્ષિક લવાજમ: રૂ. ૨૪-૦૦; પરદેશ: રૂ. ૪૦ યા પાઉન્ડ ૨ યા ડૉ. ૫-૫૦; છૂટક નકલ: રૂ. ૨-૫૦

વાચકો લખે છે...

પદ્મશ્રી અંગે

અનેક વાચકોના અભિનંદનપત્રો મને મળ્યા છે. એ સર્વનો આથી જાહેર આભાર માનું છું. એ વિષયમાં એક ગેરસમજૂતી પ્રવર્તતી લાગે છે. 'પદ્મશ્રી' એ અંગ્રેજ અમલ દરમિયાનના 'રાવસાહેબ'–'રાવબહાદુર' જેવો ઈલ્કાબ કે ખિતાબ નથી. ભારતના રાજ્યબંધારણે ખિતાબો ને ઈલ્કાબોની પ્રથા રદ કરીને તેની મના ફરમાવેલી છે. એટલે આ 'ટાઈટલ' નહિ પણ 'ઍવાર્ડ' કહેવાય છે. એ 'ખિતાબ' નહિ પણ 'પુરસ્કાર' છે. અને એ અગાઉની માફક નામની આગળ કે પાછળ (મને લખેલા પત્રોનાં સરનામાંમાં લગાડવામાં આવે છે તેમ) ઈલ્કાબ તરીકે લગાડાય નહિ. જૂના સમયમાં રાજાઓ કવિઓ–કલાકારો–વીર પુરુષો વગેરેની પ્રજાસેવા માટે એમને જેમ પાઘ-પોશાક કે શાલ-દુશાલા આપતા કે હાથે સુવર્ણ-કંકણ કે પગે તોડો પહેરાવતા એના જેવું આ પ્રજાસેવા માટેનું સંમાન સમજવાનું છે. —બ. રા.

नत्वहं कामये...

પેલો શ્લોક 'નત્વહં કામયે રાજ્યમ્...' કોણે લખ્યો છે, એની ચર્ચા 'કુમાર'માં ચાલતી હશે. હું સુસાફરીમાં છું એટલે 'કુમાર'ના એ અંકો મેં જોયા નથી. એ શ્લોકનો ભાવ મને માન્ય છે, પણ એ શ્લોક મેં અથવા અમારા આશ્રમના કોઈએ બનાવ્યો નથી. એ મેં ક્યાંથી મેળવ્યો એ મને અત્યારે યાદ નથી. એનો ભાવ બૌદ્ધોને ગમે એવો છે. મારા જેવો સાધનાપૂર્ણ થઈ મોક્ષ મેળવી શકે તો યે પુનર્જન્મ લેતાં ડરે નહિ. દુઃખતપ્ત લોકોનું દુઃખ કાયમને માટે મટાડવા ગમે તેટલા જન્મો લેવા તૈયાર થઈએ. અમારા તુકારામે કહ્યું છે: 'તુકા મ્હણે ગર્ભવાસી સુખે ઘાળાવે આમ્હાંસી'.

(મુંબાઇ) —કાકા કાલેલકર

ગુપ્તકાળનાં શોભાંકનો ૧

ડિસેમ્બરના અંકમાં શ્રી મધુસૂદન ઢાંકી 'ગુપ્તકાળનાં શોભાંકનો'નું વિસ્તૃત વિવરણ કરતાં લખે છે કે 'ગુણવત્તાની ઉત્કૃષ્ટતામાં કે સહજ અભિજાત્યમાં, એને તે પછીના તરતનાં કાળનાં કે મધ્યયુગનાં સુશોભનો આંબી શક્યાં નથી'. ને પછીના જ વાક્યમાં તેઓશ્રી લખી જણાવે છે કે 'અલંકારનાં આયોજન-સંગઠનમાં વિશેષ ચાતુર્ય, તેના લગાવ અને સંસ્થાપનમાં વિવેક, તેમ જ વાસ્તાંગ સાથેની તેની એકભાવિતા સિદ્ધ કરવામાં ગુપ્તકાલીન સ્થાપત્યોથી પ્રારંભિક મધ્ય કાળનાં વાસ્તુસર્જનો ચોક્કસ ચડી જાય'. વળી, આગળ ચાલતાં શ્રી ઢાંકી મંતવ્ય વ્યક્ત કરે છે કે 'પણ ગુપ્ત શોભનોના વળાંકાઓનાં ચારુ ચલન, તેના પિંડમાં દેખાતા સૂક્ષ્માતિસૂક્ષ્મ દળ-વિદળ નિપજાવતા મુલાયમ સ્પર્શ-અનુસ્પર્શ, ને સ્વચ્છ તથા ઊંડા, તાકાતભર્યા ઉતાર-ચઢાવ, તેમાં પ્રતિચ્છન્ન રહેલાં બબ્બે ત્રણુત્રણ અને કેટલીક વાર તો ચારે પરિમાણો અને એના લાલિત્યભર્યા અંદાજ તેમજ ઉપસાવ-ઉપાડ, ને તે સૌ ઉપરવટ પ્રસ્તુત અલંકારોના અંતરંગમાંથી છલછલ ઉભરાતા રસના બહેલાવ-ફેલાવ સામે મધ્યકાળનાં આકર્ષક છતાં થાકેલ ઊતરેલ જણાતાં શોભનો ઊભાં રહી શકે તેમ નથી.' શ્રી ઢાંકીનાં ઉપર્યુક્ત વાક્યો પરસ્પર વિરોધાભાસી હોવા ઉપરાંત વિશેષણોના અતિરેકમાં અટવાએલાં છે.

હકીકતમાં તો ગુપ્ત કાળનાં સ્થાપત્ય અને શિલ્પકળા ગુણવત્તાની દષ્ટિએ નિઃશંક ઉત્કૃષ્ટ હોવા છતાં ભારતીય કળાજીવનના સર્વશ્રેષ્ઠ નમૂના નથી. ભાવાત્મક અભિવ્યક્તિ કે આલંકારિક આયોજન, કળામય લાલિત્ય કે વૈચારિક વૈવિધ્યની દષ્ટિએ મધ્યકાલીન શોભાંકનો, ગુપ્તકાલીન શોભાંકનોની તુલનામાં નિઃસંદેહ ચડિયાતાં છે. ઈ. સ.ની ૯મી સદીથી ૧૨મી સદી સુધી સમસ્ત ભારતમાં અત્યંત પ્રભાવશાળી, અલંકારયુક્ત, કલ્પનાસમૃદ્ધ અને ચૈતન્યથી તરવરાટ કરતાં શિલ્પ અને સ્થાપત્યનું સર્જન થયું. આ સંદર્ભમાં શ્રી ઢાંકીએ મધ્યકાલીન શોભનો માટે કરેલો શબ્દપ્રયોગ 'થાકેલ-ઊતરેલ' તદ્દન અસ્થાને અને અનુચિત છે.

મધ્ય-પૂર્વ ભારતમાં ચંદેલ (૧૦મી સદી), બંગાળમાં સેન (૧૨મી સદી), મધ્ય ભારતમાં ગુર્જર-પ્રતિહાર (૮મી સદી) તથા ચેદી (૯મી સદી), પશ્ચિમમાં સોલંકી (૧૨મી સદી) દક્ષિણમાં પશ્ચિમી ચાલુક્યો (૧૨મી સદી) તથા હંપીમાં પાશ્ચાદ્–પશ્ચિમી ચાલુક્યો અને દ્વારસમુદ્રમના હોયસળ (૧૨મી સદી) આ સર્વ રાજવંશોના આધિપત્ય હેઠળ જે શોભાંકનોનું સર્જન થયું તે ભારતીય કલાના ઇતિહાસમાં અદ્વિતીય છે. તેમાં યે દ્વારસમુદ્રમના હોયસળવંશ કૃત પાષાણ કૃતિઓની તુલનામાં આવે એવું કોઈ શોભાંકન વિશ્વના કોઈ પણ પ્રાચીન દેશના કોઈ પણ રાજકુળ દ્વારા ક્યારે ય સર્જાયું નથી. મારા ઉપર્યુક્ત વિધાન બાબત કોઈને સંદેહ હોય તો કર્ણાટક રાજ્યના હળેબીડ બેળુર (મધ્યકાલીન દ્વારસમુદ્રમ્) ગામોની મુલાકાત લઇને હોયસળ કુળની શિલ્પ-સ્થાપત્યસમૃદ્ધિનાં દર્શન આજે પણ કરી શકે છે. દેવદેવી કે ગંધર્વ-કિન્નર, ગજપતિ કે સિંહ (શાર્દૂલ), મૃગ-હંસ-મકર કે ઈતર પ્રાણીસૃષ્ટિ, કટિમેખલા કે રત્નમાલા, તોરણો કે સ્તંભો, વનલતા કે ફૂલવલ્લી, દ્વારપાળ કે શાર્દૂલમર્દક-સમગ્ર જીવનનાં ભિન્નભિન્ન વૈવિધ્યોને આવરી લેતી હોયસળકુળની શિલ્પસમૃદ્ધિ ખરેખર અનુપમ ને અદ્વિતીય છે. 'મધ્યકાલીન ભારતની શિલ્પસમૃદ્ધિ' વિષય પર મુંબાઈમાં આયોજાએલું મારા ફોટોગ્રાફોનું પ્રદર્શન-જે મેં સાર્વજનિક પ્રદર્શન માટે ન્યૂ યૉર્ક મોકલેલું તે પ્રિન્ટ અને નેગેટિવ દુર્ભાગ્યે હું ખોઈ બેઠો છું, એટલે જિજ્ઞાસુ વાચકોની જાણ માટે પણ હોયસળની કોઈ શિલ્પકૃતિ 'કુમાર'માં પ્રકાશિત કરવા અસમર્થ છું. આમ મધ્યકાલીન શોભાંકનો બધી દષ્ટિએ ગુપ્તકાલીન સર્જનો કરતાં ચડિયાતાં હોવા છતાં, ગુપ્ત સામ્રાજ્યનાં અદ્વિતીય પ્રભાવ તથા વૈભવ, અપૂર્વ સમૃદ્ધિ અને વિશાળ રાજ્યવિસ્તાર તથા સાંસ્કૃતિક પ્રસારને કારણે ગુપ્તોની છાયામાં ઢંકાઈ ગયાં છે ને વિદ્વાનોની નજરે તુલનામાં ઓછાં ચડ્યાં છે.

આમ છતાં ગુપ્તકાલીન શોભાંકનો ઉત્કૃષ્ટ પ્રકારનાં છે એ હકીકત વિષે બે મત હોઈ ન શકે. પણ ગુપ્તકાળનાં શોભાંકનોમાં પાષાણકૃતિઓ કરતાં સિક્કાઓ પરનાં અંકન તેની આકૃતિઓ અને લેખનની સમૃદ્ધિમાં ભારતના ઇતિહાસમાં અમૂલ્ય અને અદ્વિતીય છે. વીણાવાદક સમુદ્ર ગુપ્ત ધનુર્ધારી ચંદ્રગુપ્ત (દ્વિતીય), અશ્વારૂઢ કુમારગુપ્ત (પ્રથમ), ચક્રધ્વજધારી કચગુપ્ત, પદ્મારૂઢ સરસ્વતી, મયૂરને દ્રાક્ષપાન કરાવતો કુમારગુપ્ત ઇત્યાદિ સુંદરાકૃતિઓને સિક્કાઓ પર શોભાંકિત કરતી કળા ભારતીય ઇતિહાસમાં સર્વશ્રેષ્ઠ છે. ઉપરાંત, એક બે અપવાદને બાદ કરતાં, લાલિત્યભરી સંસ્કૃત ભાષામાં તથા બ્રાહ્મી લિપિમાં અંકિત થએલાં લેખન અન્ય કોઈ પણ રાજકુળના સિક્કાઓ પરનાં લખાણો કરતાં વધુ લાંબાં અને સુશ્રાવ્ય છે. (દા. ત. ક્ષત્રપના સિક્કાઓ પરનું લખાણ અપવાદરૂપ-લંબાણમાં ગુપ્ત લખાણ કરતાં વધારે લાંબુ છે.) કેટલાં મધુર અને સુશ્રાવ્ય છે આ લેખાંકનો।

'પરમ ભાગવત મહારાજાધિરાજ શ્રી કુમારગુપ્ત મહેન્દ્રાદિત્ય:'; 'શ્રી ગુપ્તકુલસ્ય મહારાજાધિરાજ શ્રી ચંદ્રગુપ્ત વિક્રમાદિત્યસ્યઈત્યાદિ.

શ્રી ઢાંકીનો લેખ માહિતીપૂર્ણ અને રસપ્રદ છે. ગુપ્ત કુળના નરેશો કેવળ સર્વગ્રાહી વિજેતાઓ જ નહિ પણ પરમ વિદ્વાન, કલારસિક, લોકવત્સલ, કુશળ વહીવટકર્તા, વિચક્ષણ સેનાપતિ, એકચક્રી ભારતના સ્વપ્નદ્રષ્ટા, ધર્મરક્ષક અને પ્રબુદ્ધ શાસકો હતા, જેમનો જોટો જગતના ઇતિહાસમાં મળવો મુશ્કેલ છે. આવા

મહાન કુળનાં શોભાંકનો વિષે અતિ રસપ્રદ લેખ પ્રસ્તુત કરવા બદલ શ્રી ઢાંકીને અભિનંદન.
(મુંબાઇ) —જગદીશ ગાંધી

૨

અંક ૬૧૨માં મારા 'ગુપ્તકાળનાં શોભાંકનો'લેખમાં મહાસ્થાનનાં જે અપરૂપ પ્રાણિ-અંકનો રજૂ કર્યા છે તે સ્થળ વર્તમાને બંગાળમાં નહિ પણ બંગલાદેશમાં છે. પ્રાચીન સાહિત્યમાં 'માતંગ-નક્ર'નો એક પર્યાય 'કરિ-મકર' (હાથી-મગર) પણ જોવા મળે છે, જેનું લેખ લખતી સમયે વિસ્મરણ થઈ ગએલું.
(બનારસ) —મધુસૂદન ઢાંકી

થોડુંક અગત્યનું

'કુમાર'માં ચાલતા ચર્ચા-ચક્રમાં થોડાક વિદ્વાનોએ મને જે અંગત પત્રો લખ્યા તેમાંથી કેટલુંક સવિશેષ અગત્યનું છે તે સૌ અભ્યાસીઓ માટે અહીં રજૂ કરું છું:

૧) 'કુમાર' મે '૭૪માં ડૉ. સાંકળિયાએ જૈન ધર્મની પ્રાચીનતા વિષે ચર્ચા કરતા 'કેવલિજ્ઞાન' અને 'નમો અરિહંતાય' શબ્દો નોંધ્યા તે શંકાસ્પદ હોવાનું ડૉ. હરિવલ્લભભાઈ ભાયાણી તેમના એક પત્રમાં મને જણાવે છે. તેઓશ્રી લખે છે: "'કેવલિજ્ઞાન' એ તદ્દન અજાણ્યો પ્રયોગ છે; જૈન ધર્મના પ્રાચીન ને પ્રમાણભૂત ગ્રંથોમાં સર્વત્ર 'કેવલજ્ઞાન' (પ્રાકૃત: કેવલણાણું કે કેવલનાણું) પ્રયોગો હોવાનો મારો ખયાલ છે. બીજું, ડૉ. સાંકળિયાએ કામશેટ પાસેના પાલાગામ પાસેની ગિરિમાળામાંના લેખમાં 'નમો અરિહંતાય' વાંચ્યું છે તે પણ વિચિત્ર લાગે છે. કાં તો 'નમો અર્હતે' હોય અથવા 'નમો અરિહંતાણું' એ પ્રાકૃતમાં હોય. કોઈ પ્રાચીન લેખમાંથી 'અરિહંતા' જેવો મિશ્ર સંસ્કૃત-પ્રાકૃત પ્રયોગ ટાંકી શકાય તો આ પ્રયોગ શ્રદ્ધેય બને".

૨) 'કુમાર' મે '૭૪માં ડૉ. સાંકળિયા તથા અન્યત્ર લગભગ બધા વિદ્વાનો ખારવેલને જૈન માને છે અને તેના નામે લેખને ચડાવે છે; પણ શ્રી નાથાલાલભાઈ મંડલી વિચારણીય મુદ્દો રજૂ કરે છે કે ખારવેલ જૈન હોય તો તે તેના જીવનમાં આઠ આઠ યુદ્ધો ખેલે ખરો? અતઃ ખારવેલ જૈન હોવા વિષે શંકા છે.

૩) 'કુમાર' ડિસે૦ '૭૪માં મારા પત્રમાં 'વાચ' શબ્દને 'વાચ્ય'માંથી વ્યુત્પન્ન થતો દર્શાવ્યો છે ત્યાં ડૉ. હરિવલ્લભ ભાયાણી જણાવે છે કે 'વાચ' 'વાચા'માંથી છે, જેમ જ્વાલા > ઝાળ, માળા > માળ, દિશા > દિશ.

૪) 'કુમાર' ડિસે૦ '૭૪ અંકમાં નૃસિંહ પ્રતિમા વિષેના મારા પત્રમાં (૧) આમ છે: 'વઘઈ ગામની પ્રતિમા શુદ્ધ નૃસિંહ-પ્રતિમા છે જ્યારે દેવગઢની પ્રતિમા નૃસિંહ-વિષ્ણુની પ્રતિમા છે.' મતલબ કે દેવગઢ-પ્રતિમા નૃસિંહ સ્વરૂપે વિષ્ણુની છે. પેલી માત્ર નૃસિંહ-પ્રતિમા છે.
(પોરબંદર) —નરોત્તમ પલાણ

ઠાકુર જયદેવસિંહમાં સુધારો

'ઠાકુર જયદેવસિંહ'વાળા મારા લેખમાં પ્રારંભે અપાએલી બનારસના મહાન સંગીતકારોની સૂચિમાં જગનામી શહનાઈનિવાઝ બિસ્મિલ્લાખાંનું નામ હૈયે હોવા છતાં સરતચૂકથી રહી ગયું છે. એ જ પ્રમાણે બહુ જ સારું ગાતાં સિદ્ધેશ્વરીદેવીનાં સ્વર્ગીય બહેન રાજેશ્વરીનું નામ પણ ઉમેરવું જોઇએ. બનારસમાં બહારથી આવી થોડાં વર્ષોથી ધંધાર્થે, નોકરી અર્થે વસેલા કલાકારોનાં નામ તેમાં નથી આપ્યાં, પણ બનારસી પરંપરામાં ઊછરેલા ને જેમના થકી 'બનારસ'નું નામ ઉજ્જ્વલ છે તેમનાં જ નામો આપ્યાં છે. કિરાના ઘરાનાના ઉસ્તાદ અબ્દુલ ગનીખાં પાસે મુઝફ્ફરપુરમાં તાલીમ પામેલા મારા ગુરુ છન્નુલાલ મિશ્રા, પં૦ ઓમકારનાથ ઠાકુરના પટ્ટશિષ્ય શ્રી બળવંતરાય ભટ્ટ કે આગ્રાદિ ઘરાનાના ગાયક મિત્રવર્ય એમ. આર. ગૌતમ આદિ સારા ગાયકોનાં નામ, તેઓની તાલીમ બનારસી પરંપરામાં ન હોઈ તેમ જ બનારસ તેમનું અસલ વતન ન હોઈ ત્યાં આપેલાં નથી. વળી લેખમાં 'જોગકોસ' રાગમાં તેનું સર્જન 'જોગ'માં 'માલકોસ' નહિ પણ 'ચંદ્રકોસ' મિશ્રિત કરવાથી થાય છે તેવો સુધારો વાંચવો.

આ લેખ પરનાં ત્રણ અવલોકન ('કુમાર'-૬૧૨માં) વાંચી આનંદ થયો. શ્રી અજિત શેઠ ઉચ્ચ કોટિના હળવા સંગીતના સરસ ગાયક છે. તેમને જરૂર કોઈ ને કોઈ સ્થળે ભવિષ્યમાં મળવાનું બનશે તેમ માનું છું (શ્રી સુનીલ કોઠારીના લેખનનો હું ઘણાં વર્ષથી પ્રશંસક છું. તેમને મળવાની અભીપ્સા ગયે વર્ષે પૂરી થએલી.) અજિતભાઈએ કરેલા પ્રસ્તુત લેખ વિષેના એક અવલોકનનો સ્પષ્ટતા ખાતર અહીં ઉત્તર આપું છું. લેખના પાછલા ભાગમાં વસ્તુતયા 'વિષયાંતર' નથી, પણ ઠાકુરસાહેબની વિચારધારાને વિસ્ફુટ કરવા ખાતર મેં દાખલાઓ અને વિવેચનથી વિસ્તાર કરેલો છે; (તેમાં ક્યાંક ક્યાંક ભાવાવેશનો આવેગ જરૂર છે) ઠાકુરસાહેબનાં તેમ જ મારાં સંગીત વિષેનાં વલણો વચ્ચે લગભગ સો ટકાનું કહી શકાય તેવું સામ્ય હોઈ, સંપુષ્ટિ રૂપે મેં મારી પાસેની કેટલીક માહિતીઓ ઠેકાણે ઠેકાણે ભાષ્યાર્થે ઉમેરેલી છે. આખરે કોઈ વ્યક્તિના જીવનને આલેખીએ ત્યારે કેવળ ઘટનાઓની હારમાળા તેમજ ચારિત્ર્યઘડતરનાં પ્રેરક બળોની વાત કરવા અતિરિક્ત તેમની વિચારધારાઓ વિષે પણ કહીએ, સમજવા પ્રયત્ન કરીએ તો વ્યક્તિત્વનાં સર્વાંગીણ પાસાં જોવામાં મદદ મળે છે. લેખ લાંબો તો થઈ ગએલો જ, એટલે ત્યાં કેટલીક વાતો કહેવી છોડી દીધેલી, તો કોઈ કોઈનું લખતી વેળાએ વિસ્મરણ થઈ ગએલું. જેમ કે જાપાનની યાત્રા અને ત્યાં સંગીતનું તુલનાર્થે અધ્યયન; તેમણે બ્રહ્મદેશ, કમ્બોડિયા, જાવા ઈત્યાદિ દેશોનાં સંગીત સાંભળી તેમાં જોએલી ભારતીય ભુપાલી, માલકોસ, દુર્ગાદિ રાગોની ઉપસ્થિતિ, તેમનું અંગત સમૃદ્ધ પુસ્તકાલય અને અન્ય ભારતેતર સંગીત-સંપ્રદાયોનાં સિદ્ધાંતોનું અધ્યયન વગેરે.

ઠાકુરસાહેબ વર્તમાન હિંદુસ્તાની પરિપાટીમાં આવેલ આલાપની ઓછપ અને તાનની,– તેમાં યે સોપારીની ઝીણામાં ઝીણી કાતરી જેવી, શ્રુતિનાશન્ અતિદ્રુત, 'તૈયારી'વાળી તાનોની અતિશયતાથી ખૂબ અકળાય છે. આ તાનોમાં 'કુસ્વર' (બેસૂર) અને 'અપસ્વર' (રાગમાં હોય તેથી ભિન્ન કિંવા અન્ય સ્વર)નો પ્રવેશ (હવે કેટલાક કલાકારોના વિરલ અપવાદો સિવાય) સાર્વત્રિક થઈ પડયો છે. (આવી સ્વર વિલોપતી કડક તાનોને કર્ણાટક સંગીતકારો ઘટોત્કચ્છે કુરુક્ષેત્રમાં કરેલાં અટ્ટહાસ્યો સમી અને 'આસુરી' મનાવે છે, જેની પાછળ ખૂબ મર્મ રહેલો છે.)
(બનારસ) —મધુસૂદન ઢાંકી

શાંતિલાલ શાહનાં મોઝેઈક ૧

શાંતિલાલ શાહનાં મોઝેઈક ચિત્રો ગુજરાતમાં 'અલંકારાર્થે કલા'ની નવી દિશા ખોલી આપે છે. મૂળ ઈરાકમાં સુમેર સંસ્કૃતિ જેટલા પુરાણા કાળે જન્મેલી ને આસીરિયાના નિનેવેના ત્રણેક હજાર વર્ષ પૂર્વેના રાજમહાલયમાં અને બાબિલોનના સમ્રાટ નેબુચેદનેઝારના સમયના ઈસ્વી સન પૂર્વેના છઠ્ઠા શતકનાં નગરદ્વારોમાં પૂર્ણતાએ પહોંચેલી, લાદીના ચોરસ ખંડોમાંથી થતી ભિત્તિ-ચિત્રણા પછીથી બિઝેન્ટાઈન યુગના તુર્કી, આર્મેનિયા, યુનાનાદિ દેશોનાં ખ્રિસ્તી દેવળોમાં લાદીની કપચીના ટુકડાઓના પ્રયોગથી પૂર્ણતાએ પહોંચેલી. આપણે ત્યાં ૧૯મી સદીના અંતિમ ચરણથી લઈ ૨૦મીના આરંભકાળ સુધીમાં મુંબાઈ, સૂરતાદિ શહેરોમાં દીવાનખાનાની છો લાદીની કપચીઓથી કરી તેમાં કિનારીએ ચૉકલેટ રંગનો પટ્ટો અને વચ્ચોવચ્ચ ચૉકલેટ વર્તુળમાં અષ્ટદલ કે વિશેષ પાંખડીવાળું લીલા રંગની કપચીથી કાઢેલું ફૂલ જોવા મળતું. શ્રી શાંતિલાલ શાહનાં મોઝેઈક ચિત્રો તો એ પ્રકારની કપચીની ભોંથી હજાર ગાઉ આગળ નીકળી ગયાં છે. શાંતિભાઈના રંગોમાં પણ અદ્યતનતા અતિરિક્ત મીઠાશ ને નાવિન્ય પણ છે. રેખા મોઝેઈકના માધ્યમમાં શક્ય હોય તે પ્રકારની છે. સંયોજનમાં

સંતુલા કોઈ કોઈ ચિત્રોમાં સહેજસાજ ઓછી-અદકી હશે, પણ શ્રી શાંતિ શાહે સ્થાનાનુરૂપ પ્રતીકો યોજી, તેના આધારે ચિત્રની સંરચના ઉઠાવી છે તે સહેજે જોઈ શકાય છે. ત્યાં કલ્પનાનો અભાવ હોવાનું લાગતું નથી. મોટા પાયા પર રચાતાં અને પીછીની સહાય વિના લાદીની કપચી ઠાંસીને ઉપસાવવામાં આવતાં ચિત્રોમાં કેટલીક મર્યાદાઓ અને કઠણાઈઓ સ્વાભાવિક રીતે જ ઉપસ્થિત હોય છે; તે વાત લક્ષમાં લઈ, તેવી ચિત્રણા શોભન ને ઉઠાવમાં કેટલે અંશે સફળ રહે છે એ તથ્ય પર જ વિશેષ ધ્યાન અપાવું જોઈએ. શ્રી શાંતિ શાહનાં ચિત્રો એ દૃષ્ટિએ તો ઠીક પ્રમાણમાં સફળ રહે છે. તેમને આ નવતર આકર્ષક પ્રયોગ માટે ધન્યવાદ. તેમનાં હવે પછી આવનાર કપચી ચિત્રણાનાં દૃષ્ટાંતોમાં સવિશેષ પ્રગતિ જોઈ શકાશે તેમ માનું છું. એ માટે તેમને વિશેષ અવકાશ તેમજ તકો મળી રહેશે તેવી અપેક્ષા ગુજરાત પાસે રાખી શકીએ.

૨

૬૧૦મા અંકમાં ભાઈ શ્રી શાંતિ શાહનાં મોઝેઈકનાં શોભનચિત્રો વિષે લેખ વાંચીને આનંદ થએલો કે ગુજરાતમાં આવી સુંદર કળાપ્રવૃત્તિને ભાઈ શાંતિભાઈએ પોતાની આગવી પ્રતિભા અને શક્તિથી ઠીક ઠીક જમાવી છે. આવી જાતની કળાપ્રવૃત્તિ બીજે ભાગ્યે જ થઈ છે. આ રીતે ભવિષ્યના કળાકારો માટે નવાં દ્વાર પણ તેમણે ખોલ્યાં કહેવાય. ભાઈ શાંતિભાઈએ સ્થળ, કદ અને જનરુચિનો સમન્વય કરીને જે કળાકૃતિઓ રચી છે ને ઈમારતોને યોગ્ય રીતે શોભાવી છે તે ધન્યવાદને પાત્ર છે.

(અમદાવાદ) —સોમાલાલ શાહ

૩

૬૧૦મા અંકમાં આવેલી કલાવાર્તામાં શ્રી શાંતિ શાહનાં મોઝેઈક મ્યૂરલ વિષે વાંચ્યું.

તેમના સ્ટુડિયોમાં તૈયાર થઈ રહેલાં તેમની દીવાલ ઉપર લગાવેલાં કેટલાંક મોઝેઈક ચિત્રો મેં જોયાં છે. ગુજરાતભરમાં વિવિધ સ્થળોએ વિશાળ કદમાં તૈયાર થએલાં તેમનાં તે મોઝેઈક ચિત્રો જોવાથી કળાના આ પ્રકારમાં એમની કાર્યકુશળતાનો ખયાલ આવે છે. મારી જાણ મુજબ ગુજરાતમાં મોઝેઈકની કારીગરીને ચિત્રનું સ્વરૂપ આપી તેને લોકપ્રિય બનાવનાર તેઓ આજે એકલા જ છે.

દ્વારકાની એસ. ટી.ના મકાન માટે બનાવેલું તેમનું મ્યૂરલ સૂચક પતીકોથી શોભતા ચિત્ર સંયોજન ને સુંદર રંગવૈવિધ્યથી મનોહર બન્યું છે. તેમનાં મ્યૂરલ જોઈને ખરેખર આનંદ થાય છે.

એમણે શરૂ કરેલો આ કલાપ્રકાર ગુજરાત અને ગુજરાત બહાર વિકસે અને એમની સાથે કામ કરીને બીજા કલાકારો પણ તૈયાર થાય એમ હું ઈચ્છું છું.

(અમદાવાદ) —રસિકલાલ ન. પરીખ

૪

૬૧૨મા અંકમાં શ્રી વાસુદેવ સ્માર્તે શ્રી શાંતિ શાહનાં મોઝેઈક મ્યૂરલ્સ બાબતમાં લખ્યું છે. આશ્ચર્ય* એ થાય છે કે 'કુમાર'ના ૬૧૦મા અંકમાં શ્રી શાંતિ શાહનાં મોઝેઈક મ્યૂરલ્સ ઉપર પ્રશંસાનાં પુષ્પો વેર્યાં છે: 'કલાકાર શાંતિ શાહે મોઝેઈકનાં સેંકડો ચોરસ ફૂટનાં વિશાળ શોભનચિત્રો રચીને આ કલાકૌશલને એક નવું પરિમાણ આપ્યું છે.' ફક્ત બે જ અંકોના ગાળામાં શ્રી સ્માર્તનો અભિપ્રાય છપાએલો જોઈ ખૂબ ખેદ થયો. કદાચ સંપાદકશ્રીની નજર બહાર એ વસ્તુ બની હશે. 'કુમાર'નાં આટલાં બધાં–એટલે કે ૬૧૦ અંક સુધીની 'કુમાર'ની પ્રતિષ્ઠા–કલાકૃતિઓ બાબતમાં વિચક્ષણ સૂઝ–ને ૬૧૨મા અંકમાં શ્રી સ્માર્તનું લેખન છાપીને એ 'પ્રતિષ્ઠા'-કલ સૂઝને ધક્કો માર્યો છે એમ કહું તો ખોટું નથી.

બીજો પ્રશ્ન એ થાય છે કે શ્રી વાસુદેવ સ્માર્તે એકાદ પણ મ્યૂરલ જોયું હશે? મને લાગે છે કે તેમણે એક પણ મ્યૂરલ નથી જોયું. જો જોયું હોત તો ૬૧૨મા અંકમાં તેમણે લખેલું લખાણ કદાચ પ્રશંસાત્મક જ હોત.

અત્યાર સુધી મોઝેઈક એ કારીગરી છે એવી માન્યતા પ્રચલિત છે. પરંતુ શ્રી શાંતિ શાહે એ કારીગરીને કલાસ્વરૂપ આપી, પ્રતિષ્ઠિત તેમજ નવોદિત કલાકારો માટે નવી ક્ષિતિજો ખોલી આપી છે.

(અમદાવાદ) —'ચન્દ્ર' ત્રિવેદી

[*એમાં આશ્ચર્ય પામવા જેવું કશું નથી. ખુદ અમારી ટીકા કરતા પત્રો પણ અમે છાપ્યા છે.]

નવી ટૂંકી વાર્તા

૬૧૩મા અંકમાં 'નવી ટૂંકી વાર્તા' એ શ્રી બહાદુરશાહ પંડિતનો વ્યંગાત્મક લેખ ટૂંકામાં ઘણું કહી જાય છે. મારા જેવાની મનોવ્યથા ઠાલવતો હોય તેવો એ લેખ સુંદર છે. અત્યાર સુધી નવી વાર્તા સમજાતી નહોતી એ મને મારી જ મર્યાદા લાગતી હતી, પણ હવે શ્રદ્ધા બેઠી છે કે સમજવા માટે જે મનને ઉદ્વિગ્ન બનાવે એ જ નવી ટૂંકી વાર્તાની સિદ્ધિ ગણાય। જો આ જ હકીકત હોય, તો આ સાહિત્યપ્રકારનું ભાવિ કેટલું અને કેવું? એ તો સમય જ કહેશે ને? જેવો પ્રજાનો અધિકાર! સમ ખાવા જેટલું જ્યાં લોકો વાંચતા થયા ત્યારે દુર્બોધ વાચનથી સાહિત્ય પ્રત્યે ઉદાસીનતા તો નહિ આવી જાય?

(અમદાવાદ) —દક્ષિણકુમાર જોશી

સાંજુકું ઘર / ઉશનસ્

• શિખરિણી •

હવે સંધ્યાકાળે ઘર ભણી વળે ગોધણધૂલિ,
ઘરોના માળામાં ચણ લઈ વળે પ્રાતર-ચલી;
ધૂળે વીંટાએલા ધૂસર ઘરમાં ધૂંધળી દગે
પ્રવેશું છું આખા દિનભર પ્રવાસે શ્લથ પગે.
અહો, મારું નાનું નીડ સરિખડું માટી-ઘર આ,
અમે જે પોતીકા કર-શ્રમથી સર્જેલ સ્થળ આ;
મને એવું વ્હાલું નમતી વયના સાંજુક સમે
સમેટાઈ શેરીમહીંથી જ્યહીં મારાં શિશુ શમે.

નિહાળું સાંજુકા શ્લથ વરણના આવરણમાં
વીંટાએલું મારું ઘર અધિક આસક્તિથી કંઈ;
નહિ માટી-ચૂનો-ઈંટ-લીંપણુ તે આ 'ઘર', નહિ;
ચણાતું આવે તે ઘર-વળત બાળા-ચરણમાં.
ન તે જે મેં સ્થાપ્યું, તમ કર થકી
અહીંત્યહીં ઉથામ્યું ય ગમતું,
શિશુ હે, સાંજુકા ધ્વનત નીડ પે
ગગન ય નથી ભદ્ર ઝમતું.

કરું છું / દીપક બારડોલીકર

• ગઝલ •

તિમિર રજનીને અજવાળ્યા કરું છું,
લઉં છું ક્યાં ? સતત આપ્યા કરું છું.

અહીં આપે છે કોઈ સાથ ક્યારે ?
જનમથી એકલો ચાલ્યા કરું છું.

કદી એકાંતના દરિયામાં ડૂબી
જીવન-અમૃતને ચાખ્યા કરું છું.

કોઇને માપવાનો ક્યાં સમય છે ?
હું મારા પંડને માપ્યા કરું છું.

કદી મારી જ સાથે આથડું છું,
કદી હું મુજને પંપાળ્યા કરું છું.

નગર ઊંઘી ગયું ઓછાડ ઓઢી,
ન જાણે કેમ હું જાગ્યા કરું છું!

કોઈને ક્યાં ખપે છે તેજ 'દીપક'?
અમસ્તો હું હૃદય બાળ્યા કરું છું!

કાળો જાદુ / જિતેન્દ્ર કા. વ્યાસ

• ગાન •

પડછાયા ફફડાવી પાંખો ઊડયા ને ગયો આભ મહીં જામી અંધાર!

સૂરજના સાત સાત ઘોડાઓ ફસડાયા
આથમણે દેતાં રે દોડ
સૂરજ તો લોહીતણા કોગળા કરીને હવે
સૂતો છે તાણીને સોડ!
કાળો તે જાદુ આ જામ્યો છે ધરણીથી આભલાની પેલી યે પાર!
પડછાયા ફફડાવી પાંખો ઊડયા ને ગયો આભ મહીં જામી અંધાર!

વાયરો વહે એ જાણે ઘૂંટાતા શ્વાસ
કોક કૂવાને તળિયે બૂડેલના,
તારાઓ જાણે કે સળગે છે લાખ લાખ
દીવાઓ વાંસે ચૂડેલના!
પગલાંની વાત ક્યાં ? શ્વાસ મહીં ખડકાતો પર્વતના પથ્થરનો ભાર!
પડછાયા ફફડાવી પાંખો ઊડયા ને ગયો આભ મહીં જામી અંધાર!

પાદર પે પાળિયાઓ ખાંડાં લઈ ખેલતા
ધીંગાણાં લોહીઝાણ કાય!
લાલલાલ ચૂંદડી રમતી આવે ને પછી
કૂવામાં ભૂસકાઓ ખાય!
પોઢી-મસાણમહીં-દુનિયા પૂછે છે: 'ગામ આવવાની કેટલી છે વાર ?'
પડછાયા ફફડાવી પાંખો ઊડયા ને ગયો આભ મહીં જામી અંધાર!

વર્ષમાં માત્ર બે જ અણોજા પાળી બારેમાસ અને જીવનભર અવિશ્રાંત અભ્યાસરત રહી અનેકવિધ જ્ઞાન-શાખાઓમાં અવગાહન-સંશોધન કરીને આજથી એક હજાર વર્ષ પહેલાં ૧૫૦ થી ૧૮૦ જેટલા અભ્યાસપૂર્ણ ગ્રંથો રચી જનાર 'અલ ઉસ્તાદ' વિદ્વાન, જે હિન્દુસ્તાનની સંસ્કૃતિ તથા એના જનસમાજને સાચી રીતે સમજવા માટે સાંપ્રદાયિકતાથી પર રહી બધા સ્તરના હિન્દુઓમાં મુક્તપણે ભળવા ઉપરાંત અહીંના જ્ઞાનપ્રચુર ગ્રંથોનો જાતે અભ્યાસ કરવા માટે સંસ્કૃત ભાષા શીખનાર પ્રથમ મુસ્લિમ હતો.

પોતાના સમયની જાણીતી બધી વિદ્યાઓ પચાવી જઈને જ્ઞાનવિજ્ઞાનની વણખેડાએલી અજાણ સીમાઓ વળોટી નવાં સીમાચિહ્નો રોપી જનાર સર્વતોમુખી બુદ્ધિપ્રતિભા માનવ ઇતિહાસમાં ક્યારેક ક્યારેક જ પ્રકટી છે. હજાર વર્ષ પહેલાંના ઈસ્લામિક જગતના સર્વોચ્ચ વિદ્વાનોમાં ગણના પામતો અલ-બિરૂની એક એવી પ્રતિભા હતો. ખગોળશાસ્ત્ર, ગણિત, પદાર્થવિજ્ઞાન, ભૂગોળ અને ભૂસ્તરશાસ્ત્ર, ઇતિહાસ અને ભાષા, માનવજાતિઓ તથા ઔષધવિજ્ઞાન વગેરે જેવાં વિજ્ઞાનક્ષેત્રો ઉપરાંત કાવ્ય, કથાસાહિત્ય ને ફિલસૂફી જેવાં અનેકવિધ જ્ઞાનક્ષેત્રોમાં એનો પ્રવેશ જ નહિ, આગવી દેણગી પણ હતી.

અને આ સઘળાં ક્ષેત્રોમાં એણે કરેલાં સંશોધનો ને એ દરેક વિષય અંગે એણે લખેલું મબલખ લખાણ એ સમયની અનેક રાજકીય ઊથલપાથલો વચ્ચે અને પોતાને વેઠવી પડેલી અનેક મુસીબતો વચ્ચે પણ જારી રાખીને સતત કાર્યરતતાનું પણ એક અજબ ઉદાહરણ એણે પૂરું પાડયું છે. એની જ્ઞાનશોધ કેવળ કુતૂહલ-પ્રેરિત નહોતી, પણ એમાં પૂરા અર્થમાં વૈજ્ઞાનિક તાસીર જોવા મળે છે. ઈસ્લામી ઉપરાંત એ સમયની અગ્રગણ્ય વિવિધ સંસ્કૃતિઓ વિષેની એની સમજ ને એ પ્રત્યેનું એનું માન ખરા જ્ઞાનીના તાટસ્થ્યનો આદર્શ આપી રહે છે. આમ છતાં આશ્ચર્યની વાત છે કે એના જ સમકાલીન સહવિદ્વાન ઍવિસેના જેટલો અલ-બિરૂની ખ્યાત નથી. હજી એક સદી પહેલાં રશિયામાં પ્રાચીન રાજ્યોની સમયાનુક્રમણીનું એનું પુસ્તક પ્રકટ થયું ત્યારે એની બહુમુખી પ્રતિભાનું એક અગ્રગણ્ય મધ્યકાલીન ઇતિહાસકાર તરીકેનું પાસું જ માત્ર પ્રકાશમાં આવેલું. એ પછી ગણિત, ખગોળ, ભૂગોળ વગેરે અંગેનું એનું અન્ય લખાણ જેમજેમ સાંપડતું ગયું તેમતેમ એની વિદ્વત્તા વધુ ને વધુ પ્રકટ થવા લાગી, અને જેમજેમ એનો ઊંડો અભ્યાસ થતો ગયો તેમતેમ એના વ્યક્તિત્વનો અને એના જ્ઞાનનો પ્રભાવ વૃદ્ધિગત થતો ગયો.

અબુ અલ-રેહાન મુહમ્મદ ઈબ્ન અહમદ અલ-બિરૂની એ એનું પૂરું નામ. ઈ. ૯૭૩ની ૪થી સપ્ટેમ્બરે એનો જન્મ થયાનું મનાય છે. પણ એક કાવ્યમાં એણે જણાવ્યું છે કે, '...હકીકતે મને મારા વંશ વિષે બહુ ખબર નથી, કારણ મારા વડવાઓ વિષે હું કંઈ જાણતો નથી. મારા પિતા કોણ હતા એની જ મને જાણ નથી.' જ્યાં એ જન્મ્યો અને ઊછર્યો એ ખ્વારિઝમ એ સમયે મધ્ય એશિયામાં ત્યાંની વિકસિત અરબ સંસ્કૃતિ માટે લાંબા કાળથી વિખ્યાત હતું. ત્યાંનાં સમૃદ્ધ નગરો ભવ્ય પ્રાસાદો, મસ્જિદો અને મદ્રેસાઓથી શોભતાં. વિજ્ઞાનનો પણ ત્યાં ઘણો વિકાસ થએલો હતો. અબુ-નસ્ર અલ ફરબી ને ઈબ્નસીના (ઍવિસેના) જેવા મહાન અરબ વિદ્વાનોની એ ભૂમિ હતી. પણ બગદાદની જાહોજલાલ અરબ ખિલાફતની ત્યારે અવદશા આરંભાઈ ચૂકી હતી. એનો લાભ લઈ ઊભી થતી રિયાસતો વચ્ચે વારંવાર સંઘર્ષો થતા રહેતા હતા. ખ્વારિઝમ પણ એમાંથી મુક્ત નહોતું. છતાં આવી ડામાડોળ જેવી સ્થિતિમાં યે અલ-બિરૂનીનો ઉછેર એકધારો અને સુપેરે થઈ શક્યો. ખ્વારિઝમના શાહી કબીલાના અબુ નસ્ર મન્સૂર ઈબ્ન-અલી ઈબ્ન ઇરાક અથવા ટૂંકમાં મન્સૂર તરીકે ઓળખાતા હોશિયાર ગણિતજ્ઞ અને ખગોળશાસ્ત્રીએ અલ-બિરૂનીની પરવરિશ કરેલી. એણે એને યુક્લિડની ભૂમિતિ અને ટૉલેમીનું ખગોળશાસ્ત્ર શિખવાડયું. યુવાનીના આરંભમાં એ એક ગ્રીક શિક્ષકના પરિચયમાં આવ્યો. આ જ્ઞાનપિપાસુ યુવાનને એ શિક્ષકે પોતાના અભ્યાસ માટે વિવિધ છોડ, બીજ અને ફળો એકઠાં કરી લાવવાનું કામ સોંપ્યું, અને એમાંથી જ કદાચ અલ-બિરૂનીને પ્રકૃતિવિજ્ઞાનમાં રસ જાગ્યો.

અલ-બિરૂનીએ લખેલું જે કંઈ લખાણ હાલ ઉપલબ્ધ છે તેમાં પોતાના વિષે એણે જે તૂટક તૂટક માહિતી આપી છે એ સિવાય એના જીવન વિષે વધુ વિગત મળતી નથી, પણ એનાં આ પ્રાપ્ય લખાણો પરથી જેમ એની પ્રખર વિદ્વત્તા પ્રકટ થાય છે તેમ એના અપ્રાપ્ય બીજા અનેક ગ્રંથો વિષે પણ જાણવા મળે છે. વળી, એની પ્રતિભાને ન્યાયયુક્ત રીતે સમજવા તત્કાલીન ઐતિહાસિક પશ્ચાદ્‌ભૂ પણ સમજવી જરૂરી છે.

આજના ઉઝબેકિસ્તાનના એક ભાગ રૂપ પ્રદેશમાં આજથી એક હજાર વર્ષ પૂર્વે ખ્વારિઝમ એક સ્વતંત્ર અરબ સલ્તનત હતી. અવારનવારનાં યુદ્ધો અને આમુદરિયા નદીનાં બદલાતાં રહેતાં વહેણોને કારણે એનાં અનેક મધ્યકાલીન નગરો આજે તો નષ્ટ થઈ ગયાં છે. અલ-બિરૂનીનો જ્યાં જન્મ થવાનું મનાય છે એ કૅથ નગરનું સ્થાન પણ નિશ્ચિત કરવું આજે કઠિન છે, પણ આજના ખીવા શહેરની ઈશાને આમુ દરિયાના જમણા કાંઠે એ વસ્યું હશે એમ લાગે છે. ખ્વારિઝમનું એ પાટનગર હતું. નજીકમાં જ બીજું મોટું નગર જુરજાનિયા હતું, જે આજે ઉરગેન્ચ નામે ઓળખાય છે. આ ઉરગેન્ચની બાજુમાં, અને પ્રાચીન કૅથના સ્થાનની પાસે જ હાલ એક નવું નગર વસ્યું છે. અલ-બિરૂનીની અહીં જન્મભૂમિ હોઈ આ નવા નગરને 'બિરૂની' નામ અપાએલું છે.

અહીં રહીને વિદ્વાન અને પિતા સમ આશ્રયદાતા તેમજ અન્ય જ્ઞાની માણસોના સંપર્કથી અલ-બિરૂનીનો અભ્યાસ અને બુદ્ધિવિકાસ બહુ નાનપણથી જ આરંભાઈ ગયા હતા. સત્તર વર્ષની વયે તો એણે કૅથના અક્ષાંશો નક્કી કર્યા હતા. ચાર વર્ષ બાદ એણે આઠ મીટર મોટા એક વલય અને અન્ય સાધનોની સહાયથી આવાં વધુ સંશોધનો અને નિરીક્ષણોના પ્રયોગોની એક શ્રેણીની યોજના ઘડી કાઢી હતી.

એ જ અરસામાં ખ્વારિઝમમાં આંતરવિગ્રહ થયો અને બાવીસ વર્ષના અલ-બિરૂનીને છુપાઈને દેશ છોડી નાસી જવું પડયું. રાજકીય ઊથલપાથલના બીજા પણ અનેક અનુભવો એને થએલા. એક સમયના શક્તિશાળી સામાનિદ રાજવંશના અંતિમ નબળા કાળ સાથે કારખાની ને ગઝનવિદ સામ્રાજ્યોની ચડતીપડતીનો પણ એ સાક્ષી હતો. સામાજિક સંઘર્ષો, રિયાસતોની લડાઈઓ ને પરદેશી આક્રમણો વગેરેના અનુભવોએ એને વિવિધ માનવસમાજના ઇતિહાસ ને વિકાસનો અભ્યાસ કરવા પ્રેર્યો હતો. નાસીને એ ક્યાં અને કોને આશ્રયે ગયો એની ચોક્કસ વિગત તો મળતી નથી; પરંતુ પોતાની એક કાવ્યરચનામાં, જ્યારે એ 'રે'ના રાજ્યાશ્રય વિના આથડતો હતો ત્યારે એક નજૂમીએ માત્ર એની મુફલિસીને કારણે જ અમુક બાબતો શીખવવા ઈન્કાર કરેલો એવી એક વિગત નોંધી છે. આગળ જતાં અલ-બિરૂનીની સ્થિતિ સુધર્યા બાદ એ જ માણસ એનો મિત્ર બની રહેલો.

એ સમયમાં કાસ્પીઅન સમુદ્રની દક્ષિણની પહાડીમાં વિકસેલા બાવેહિદ રાજ્યે પોતાની સીમાઓ દક્ષિણમાં છેક ઈરાનના અખાત સુધી અને પશ્ચિમમાં મેસોપોટેમિયા સુધી વિસ્તારી હતી. આ બાવેહિદ

ધર્મચુસ્ત ઈસ્લામી પ્રજામાં એનો જન્મ થયો. અવારનવારની લડાઈઓ વચ્ચે અને વિવિધ રાજ્યાશ્રયે એનું જીવન વીત્યું. છતાં માનવતાભર્યું ન્યાયયુક્ત તાટસ્થ્ય જાળવીને એણે અવિરત વિદ્યા-સાધના કરી, ને પોતાનાં અવલોકન-સંશોધનો વડે જ્ઞાનની અનેક શાખા વિસ્તારી. અભ્યાસની એક વૈજ્ઞાનિક ઢબની એણે પહેલ કરી. મુસ્લિમ જગતને—અને એ રીતે બાકીની દુનિયાને પણ, હિંદુસ્તાન-નાં વેદપુરાણો, યોગશાસ્ત્ર, ગીતા અને સંસ્કૃત સાહિત્ય તથા અન્ય અનેક હિંદુ વિદ્યાઓનો તેમજ હિંદની પ્રજા તથા તેની સંસ્કૃતિનો જગતને સાચો પરિચય સૌપ્રથમ એણે જ કરાવ્યો. વિવિધ ધર્મોની ન્યાયયુક્ત સમાલોચના કરનાર પણ એ જ એકમાત્ર મુસ્લિમ હતો.



અલ-બિરૂની

બિહારીલાલ ટાંક

△ ઈરાની કલાકાર આઝરગુઇને કેટલાંક સંશોધનોના આધારે કલ્પેલી અલ-બિરૂનીની છબિ

વંશના સુલતાન ફખ્ર-અલ-દૌલાના કહેવાથી અલ ખોજન્દીએ 'રે' નજીક પહાડ પર એક વિશાળ ક્વાડરન્ટ* બનાવ્યું હતું, ને એના વડે ઈ. ૯૯૪ના વર્ષ દરમિયાનનાં સૂર્ય-સંક્રમણોના અંશ નોંધ્યા હતા. અલ-બિરૂનીએ આ વિશાળ 'ફખ્રી' ક્વાડરન્ટનું વર્ણન આપવા સાથે તેના દ્વારા પોતે કરેલાં નિરીક્ષણોની નોંધો લખી છે; સાથે ખોજન્દીએ કરેલાં નિરીક્ષણો-નાં પરિણામોનો પણ એણે સંદર્ભ આપ્યો છે; એટલે લાગે છે કે યુવાન અલ-બિરૂનીને એની પાસે શીખવા ને ચર્ચા કરવાની તક મળી હશે.

આ જ અરસામાં કાસ્પીઅન સમુદ્રની નૈઋ઼ત્યે ગિલન પ્રાંતમાં પણ અલ-બિરૂનીને રહેવાનું થયું હશે. પોતાનું એક પુસ્તક એણે જિલનના ઈસ્ફાબાદ શાસક અમલદારને અર્પણ કરેલું છે. ઈ. ૧૦૦૦માં પૂરી કરેલી 'પ્રાચીન રાજ્યોની સમયાનુક્રમણિ'ના પોતાના ગ્રંથમાં નોંધ્યા પ્રમાણે એ ઈસ્ફાબાદ પાસે રહ્યો હોવાનું પણ જણાય છે. કદાચ આ એ જ ઈસ્ફા-બાદ હશે જેણે સુલતાન મુહમ્મદના રોષમાંથી ઈરાનના વિખ્યાત કવિ ફિરદોસીને ઉગાર્યો હતો.

ઈ. ૯૯૭માં ૨૪મી મેએ અલ-બિરૂનીએ કૅથમાં ચંદ્રગ્રહણનું નિરી-ક્ષણ કર્યું હતું. આ પરથી સમજાય છે કે કોઈ પણ કારણસર એ કૅથ પાછો ફર્યો હશે. એ જ સમયે બગદાદમાંથી આ ગ્રહણનું નિરીક્ષણ કરવાની ત્યાંના ખ્યાતનામ ગણિતજ્ઞ અબુ ઈ-વફા સાથે એણે અગાઉથી ગોઠવણ કરી હતી, બંનેનાં નિરીક્ષણો દ્વારા એ ગ્રહણના સમયનો તફાવત નક્કી કરી એમણે કૅથ અને બગદાદના રેખાંશનો તફાવત કાઢ્યો હતો.

ઇ. ૯૯૭માં સમાનિદ મન્સૂરના શાસનનો આરંભ થયો. અલ-બિ-રૂની બોખારામાં એના એક દરબારી તરીકે રહેલો. આ સમાનિદ વંશ મૂળ તો જરથોસ્તી હતો, પણ થોડા સમયથી એણે ઈસ્લામ અંગીકાર કરેલો. આજના અફઘાનિસ્તાન, ટ્રાન્સોક્ઝિયાના અને ઈરાન પર એનું શાસન હતું. બોખારાની સહાયથી ગુરગનના ઝિયારિદ શાસક કાબૂસે ગુમાવેલી સત્તા પાછી મેળવી હતી. અલ-બિરૂની ત્યાં પણ રહ્યો હતો. પ્રાચીન રાજવંશોનો અલ-બિરૂનીનો ઈ. ૧૦૦૦માં પૂરો થએલો ગ્રંથ અહીં ગુરગનમાં જ સમાપ્ત થયો લાગે છે. આ ગ્રંથ માત્ર રાજવંશોના કાળ ને ઇતિહાસ પૂરતો જ મર્યાદિત નથી. એના પોતાના કહેવા પ્રમાણે 'શક્ય એટલી વધુમાં વધુ ચોકસાઈથી વિવિધ યુગોનો વિકાસ' દર્શાવવા સાથે માનવજાતિના પ્રારંભથી માંડી ઇતિહાસપ્રસિદ્ધ જળપ્રલય વગેરે સાંકળી લઈ છેક ઍલેક્ઝાંડરના સમય સુધીના માનવવિકાસ અને જે તે કાળમાં જ્ઞાત બધી બાબતોને એમાં એણે આવરી લીધાં છે. અરબી ગ્રીક ને ફારસી પંચાંગો, વિવિધ શાસકો મહાપુરુષો ને શૂરવીરોની કથાઓ તથા મહત્ત્વના રાજકીય બનાવો ઉપરાંત સાંસ્કૃતિક ઇતિહાસ, વિવિધ સ-માજની રીતરસમો ને એમના નીતિનિયમોને પણ એણે એમાં નોંધ્યા છે. મધ્ય એશિયાના પ્રાચીન ઇતિહાસ, પૂર્વ-ઈસ્લામ કાળનાં ખ્વારિ-ઝમનાં પુરાતત્ત્વીય સંશોધનોની અતિ મહત્ત્વની માહિતી, આઠમી સ-દીના આરંભકાળના સોઘદીઅન દસ્તાવેજોની તારીખો ઉકેલવામાં અતિ ઉપયોગી સોઘદીય પંચાંગ વગેરે જેવી કેટલીક મહત્ત્વની સંદર્ભ સામગ્રી એકમાત્ર આ ગ્રંથમાંથી જ મળે છે. વળી, આ જ ગ્રંથમાંથી અલ-બિ-રૂનીના આ અગાઉના બીજા સાત ગ્રંથોનો ઉલ્લેખ પણ મળે છે, જેમાં એણે દશાંશ સંખ્યાઓ, ઍસ્ટ્રોલોબ, ખગોળ-નિરીક્ષણો, જ્યોતિષ અને ઇતિહાસ વિષે લખેલું છે.

બીજી બાજુ આ જ અરસામાં બોખારાના વિશ્વવિખ્યાત તત્ત્વજ્ઞ અને હકીમ ઈબ્નસીના (ઍવિસેના) સાથે ઉષ્ણતા અને પ્રકાશના ગુણધર્મો, આકાશ અને વિશ્વની રચના, પડતા પદાર્થના નિયમો અને અવિભાજ્ય કણો (અણુ) આદિ વિષે ચર્ચા-વિવાદભર્યો પત્રવ્યવહાર પણ ચાલતો હતો. આજે આપણને જાણીને આશ્ચર્ય લાગશે કે તે ત્યારે ત્રીસ જ વર્ષનો—ને ઍવિસેના તો એનાથી યે સાત વર્ષ નાનો હતો!

આટલી નાની વયમાં અત્યંત વિગતસભર અને સંખ્યાબંધ સંશો-ધનો ને નિરીક્ષણોની વિગત આપતાં ગ્રંથલેખનો સાથે એણે સૂર્ય-તારા-ઓનાં યામ્યોત્તર નક્કી કરેલાં. ખલીફ મા'મૂનમાંથી પણ એણે આવો પ્ર-યત્ન કરેલો. પણ ગુરગન અને કાસ્પીઅનની પૂર્વે આવેલા રણમાંના ઓગુઝ તુર્ક વચ્ચેના એક સ્થળેથી આવાં નિરીક્ષણો માટેનો એનો પ્ર-યાસ, કાબૂસે એમાં બહુ રસ ન દાખવતાં, છોડી દેવો પડ્યો હતો.

*ટ્ટે વર્તુળના આકારનું કોણમાપક ઉપકરણ.



◁ આજના અનેક દેશો અલ-બિરૂનીને પોતાનો ગણે છે, પણ એક સાર્વત્રિક તરીકે એ તો સમગ્ર રાષ્ટ્રો અને બધા કાળની અમર પ્રતિભા છે. ઈ. ૧૯૭૩માં એની ૧૦૦૦મી જન્મજયંતી નિમિત્તે અનેક દેશોએ એની છબિ સાથે ખાસ ટપાલટિકિટો બહાર પાડેલી. ડાબી બાજુ સોવિયેત સંઘની ટિકિટ પરની એની છબિ છે.

જમણી બાજુ: અલ-બિરૂનીના સમયનામધ્યએશિયાનાં કેટલાંક જાણીતાં સ્થળો દર્શાવતો નકશો.



ખ્વારિઝ્મના દરબારમાં અલ-બિરૂની કેટલું રહ્યો એ નિશ્ચિત નથી, પણ ઈ. ૧૦૦૩ના ફેબ્રુઆરી અને ઑગસ્ટમાં ગુરગનમાંથી કરેલાં બે ચંદ્રગ્રહણોનાં નિરીક્ષણો બાદ બીજે વર્ષે જુરજાનિયામાં ત્રીજું ચંદ્રગ્રહણ અવલોકયાની નોંધ પરથી લાગે છે કે એ ખ્વારિઝમમાં પાછો ફર્યો હશે. જુરજાનિયામાં એણે યામ્યોત્તર કાઢવા માટે એક વિશાળ ઉપકરણ બનાવ્યાની અને અહીંથી ઈ. ૧૦૧૬ના જૂન સુધીમાં પંદર જેટલાં સૂર્યસંક્રમણો નીરખ્યાં હોવાની નોંધ છે. આ ઉપરાંત, અહીં એણે લગભગ સાડા પાંચ મીટરના વ્યાસવાળો પૃથ્વીનો એક ગોળો પણ બનાવેલો. આ પ્રકારનું કાર્ય પૂર્વના દેશોમાં એણે જ પહેલવહેલું કર્યું.

ખ્વારિઝમના શાહ મા'મૂને અલ-બિરૂનીને કેટલાંક રાજદ્વારી કાર્યો પણ સોંપેલાં અને એણે એ ચાતુરીથી પાર પાડેલાં. આ જ અરસામાં સૈન્યના એક બળવામાં મા'મૂનનું ખૂન થયું અને આ તક ઝડપી લઈ સુલતાન મુહમ્મદ ગઝનીએ ચડાઈ કરી ખ્વારિઝમ કબજે કર્યું. ઈ. ૧૦૨૦ સુધીમાં તો આ ગઝનવિદ સલ્તનત અફઘાનિસ્તાનની સીમા વળોટી ચારે દિશામાં હજારો કિલોમીટર સુધી વિસ્તરી ગઈ હતી.

વિજેતા મુહમ્મદ અહીંથી જે કેદીઓ સીજિસ્તાન(અફઘાનિસ્તાન) લઈ ગયો તેમાં અનેક વિદ્વાનોની સાથે અલ-બિરૂની પણ હતો. પોતાના રાજ્યમાં દેશદેશના વિદ્વાનો એકઠા કરવા સાથે જે તે દેશના રાજવીઓના ટેકેદારોને ત્યાંથી ખસેડવાની નેમ પણ તેમાં રહેતી. ત્યાં કાબુલની દક્ષિણે એક ગામડામાં હવે ચુમાળીસની વયે પહોંચેલા અલ-બિરૂનીને બહુ તંગ હાલતમાં રહેવું પડેલું. પણ આવી નિરાશ્રિત સ્થિતિમાં યે એણે પોતાનું કામ તો જારી જ રાખ્યું. 'તાહદીદ'ના લેખન સાથે એણે જે મળ્યાં તે સાધનોમાંથી જાતે ઉપકરણો બનાવી સૂર્યનાં નિરીક્ષણો કર્યાં. આ ઉપરાંત, એણે ગઝનના અક્ષાંશો પણ નક્કી કરેલા. ત્યાંથી એણે ઈ. ૧૦૨૧ સુધીના સંપાતો ને સૂર્યનાં ઉત્તર-દક્ષિણ અયનોની નોંધ કરેલી.

આ તરફ આવવાથી એને એક બીજો મોટો લાભ પણ થયો. ઈ. ૧૦૨૧માં મુહમ્મદે હિંદુસ્તાન પર આક્રમણ કરતાં અલ-બિરૂની માટે અહીંની સંસ્કૃતિ, ભાષા, વિજ્ઞાન વગેરે વિષયક રસ અને અભ્યાસને વિસ્તારવાની તક મળી ગઈ. આ આક્રમણથી હિંમતમાં આવી આ ગઝની સુલતાન મુહમ્મદે ઈ. ૧૦૨૬માં છેક સૌરાષ્ટ્રની દક્ષિણે પહોંચીને સોમનાથની સમૃદ્ધિ લૂંટ્યાની વિગતો તો જાણીતી છે.

ઈ. ૧૦૨૪માં વૉલ્ગા તરફના તુર્ક શાહે પોતાના રાજદૂતો ગઝન મોકલેલા. આ તુર્કોને છેક ઉ. ધ્રુવપ્રદેશના લોકો સાથે વ્યાપાર-વ્યવહાર હોઈ એમની એ તરફ અવરજવર રહેતી. એમણે જણાવ્યું કે એ દૂર ઉત્તરના પ્રદેશોમાં એમનો સુલતાન હોય ત્યારે એની હાજરીમાં ત્યાં દિવસો સુધી સૂર્ય અસ્ત પામતો નથી ત્યારે મહમદ તો એ સાંભળી ઊકળી ઊઠ્યો, પણ અલ-બિરૂનીએ એ દીર્ઘકાલીન સૂર્યપ્રકાશનું ભૌગોલિક કારણ સમજાવીને મુહમ્મદને શાંત પાડેલો. આ તુર્ક રાજદૂતો પાસેથી એણે એ ઉત્તર પ્રદેશો વિષે ઘણી નવી માહિતીઓ પણ મેળવી લીધી. આ જ રીતે ઈ. ૧૦૨૭માં ચીન અને ઉઈઘર તુર્કના પ્રતિનિધિઓ પાસેથી એણે દૂર પૂર્વના દેશો વિષે પણ ઘણું નવું શીખી લીધું હતું.

ઈ. ૧૦૩૦માં મુહમ્મદનું અવસાન થયું. એના પછી શાહજાદો મસૂદ ગાદીએ આવ્યો. આ દરમિયાનની તંગ દશામાં પણ અલ-બિરૂનીએ પુષ્કળ લખ્યું. ખગોળનો એણે વધુ ઊંડો અભ્યાસ કર્યો, ગણિતશાસ્ત્ર લખવા માટે સામગ્રી એકઠી કરી, ભરતી-ઓટ પર ચંદ્રની અસર વિષે નિરીક્ષણો કર્યાં અને હિંદુસ્તાન વિષેનો એનો જગવિખ્યાત ગ્રંથ લખ્યો.

આ ગ્રંથ લખાયો તે પહેલાં અરબી અને ફારસી સાહિત્યમાં હિંદુસ્તાનને અનેક આશ્ચર્યો ભરેલા દેશ તરીકે વર્ણવાયો હતો. હિન્દુસ્તાનના વિદ્વાનો, ખગોળ અને ગણિતના જ્ઞાતાઓ શિલ્પીઓ અને કવિઓ તો જાણીતા હતા, શતરંજની રમતના શોધક તથા તત્ત્વજ્ઞાનના મૂળ સ્રોત તરીકે પણ આ દેશ ખ્યાત હતો, પણ અલ-બિરૂનીએ હિંદુસ્તાન વિષેનો જે વિસ્તૃત ને ખરો ખયાલ આપ્યો તેની તો ત્યારે કોઈને ખબર નહોતી.

ગઝનથી એ હિંદુસ્તાનમાં આવ્યો અને અહીંના વિદ્વાનો તથા લોકોનો પ્રત્યક્ષ પરિચય સાધી એણે આ દેશ વિષે ઘણુંઘણું જાણ્યું. અલબત્ત, હિંદીઓ સાથે હળવાભળવામાં એને મુશ્કેલી પણ પડી, પણ જ્ઞાનાર્જનની શુદ્ધ ભાવનાથી એ બધી વેઠી લઇને એણે એમાંથી યે માર્ગ સાધી લીધો. સંસ્કૃત ભાષા શીખવા માટેનો એનો પ્રયત્ન તો ઘણો મુશ્કેલ હતો, કેમ કે મુસલમાનો તેમજ હિંદુઓ બંને માટે એ અપવિત્ર બાબત હતી. મુસલમાનો માટે એ 'કાફિર' ભાષા હતી, અને હિંદુઓ માટે એ 'મ્લેચ્છ'ને શીખવવાની હતી એથી. પણ એણે ચાતુરી અને ધીરજથી પોતાનું કામ પાર પાડ્યું. મુશ્કેલી અને ખર્ચ વેઠીને એણે જે મળ્યા તે સંસ્કૃત ગ્રંથો એકઠા કર્યા; એ સમજીને સમજાવી શકે તેવા જ્ઞાતાઓ ને વિદ્વાનોને દૂરદૂરથી શોધીને એમનો સંપર્ક સાધ્યો.

આરંભમાં જ એણે જોઈ લીધું કે એની પોતાની જાતના લોકોમાં હિંદીઓ વિષે ઘણી ગેરસમજો ભરી હતી. એ દૂર કરવા અહીંના જીવનનાં વિધવિધ પાસાં પર ખરી માહિતી આપતાં પુસ્તકો લખવાનું એણે નક્કી

કર્યું. આથી આ બને કોમો વચ્ચે એ સમજણ કેળવવા ધારતો હતો. એ સમયે જ્યારે હિંદુસ્તાનમાં પંજાબનો કેટલોક ભાગ મુહમ્મદની સત્તા તળે હતો ત્યારે હિંદુઓ સાથેનો એમનો રોજિંદો સંપર્ક-સંબંધ વધી રહ્યો હોઈ અરસપરસ સાચી સમજણ કેળવવાની એને બહુ જરૂર લાગતી હતી.

એના આ પ્રયાસો તે અભ્યાસમાંથી 'તારીખ અલ હિંદ'ના ટૂંકા નામે ઓળખાતો ઉપર્યુક્ત ગ્રંથ લખાયો. એમાં એણે હિંદુઓ વિષેની સામાન્ય સમજણ, એમની ઈશ્વરાસ્થા, આત્મા અને એનું પરલોકગમન, સૃષ્ટિ-સર્જન વિષેના ખયાલો, સામાજિક જાતિઓ, મૂર્તિપૂજા અને વેદ પુરાણ તથા અન્ય ધર્મગ્રંથોની સમજ, વ્યાકરણ, વિજ્ઞાન, જ્યોતિષ તેમજ ગ્રહો, તેમનાં અંતર, રાશિસંજ્ઞાઓ, પૃથ્વીનો આકાર, સપ્તદ્વીપ, મેરુ પર્વત, ગ્રહણ અને સાગરનાં ભરતીઓટ, દસ દિશાઓ, કાળ અને દિવસ–માસ–વર્ષ–યુગ–મન્વંતર વગેરેમાં એનું વિભાજન, વિશ્વનાં સર્જન અને લય, નારાયણનાં વિવિધ નામ, વાસુદેવ, મહાભારત યુદ્ધ, ભારતીય તીર્થધામો, અહીંના લોકોની ખાવાપીવાની ને રોજિંદા જીવનની રીતરસમો તથા ઉત્સવો, લગ્નપ્રથા, કાયદા અને શિક્ષાના નિયમો, વારસાની પ્રથા અને નિયમો, ઉપવાસનું મહત્ત્વ, એમ જે કંઈ જાણવા યોગ્ય હતું એ પ્રત્યેક અંગ એણે અલગઅલગ પ્રકરણોમાં વિસ્તારથી લખ્યું છે. મનાય છે કે એના આ ગ્રંથ પરથી જ પ્રેરણા લઇને અકબરના સમયમાં અબુલફઝલે 'આઇને અકબરી' લખ્યું છે.

આ અત્યંત મહત્ત્વના ગ્રંથનું અર્પણ એણે કોઈને કર્યું નથી. પણ મસૂદ ગાદીએ આવ્યા પછી અલ બિરૂનીનું રાજદરબારમાં માન વધ્યું હતું. રાજ તરફથી એને હવે ઠીકઠીક પ્રોત્સાહન મળતું થયું અને એણે ખગોળશાસ્ત્ર વિષેનો એક વિસ્તૃત ગ્રંથ તૈયાર કરી પ્રશસ્તિ સાથે મસૂદને અર્પણ કર્યો. આ ગ્રંથમાં એણે ટૉલેમીની રીતે પણ ખગોળના કેટલાક મુદ્દા ચર્ચ્યા છે. આ વિદ્વત્તાપૂર્ણ ગ્રંથથી પ્રસન્ન થઈ મસૂદે ચાંદીના સિક્કાઓથી લાદીને એક હાથી અલ-બિરૂનીને ભેટ મોકલ્યો, પણ નમ્રતાપૂર્વક એ ભેટ પાછી વાળતાં એણે જણાવ્યું કે 'આવી ભેટ મને મારા અભ્યાસ પ્રત્યેથી વિચલિત કરી દેશે. ડાહ્યા માણસો જાણે છે કે ચાંદી તો ખર્ચાઈ જશે જ્યારે જ્ઞાન ટકી રહેશે. વિજ્ઞાનની શાશ્વત સમૃદ્ધિનો હું ચાંદીના ચળકાટ સાથે વિનિમય કરી શકું નહિ.' આમ જણાવી એણે માત્ર પોતે જીવે ત્યાં સુધી પોતાના અભ્યાસકાર્ય માટે આવશ્યક એટલી સગવડ માગી લીધી. કદાચ આ અનુકૂળ રાજપલટાને કારણે એ ફરી એક વાર સ્વદેશ પણ જઈ શક્યો. એના લખવા પ્રમાણે ચાળીસ વર્ષથી પોતે જેને ઝંખતો હતો એવો એક ગ્રંથ એને આ વખતે મળી ગયો.

પચાસની વય પછી એ કેટલીક ગંભીર માંદગીઓમાં પટકાઈ પડેલો. તબિયતની ચિંતામાં એણે કેટલાક નજૂમીઓને પોતાની આવરદાની અવધ વિષે પણ પૂછી જોયું અને એમાં એને જુદાજુદા ને કેટલાક વાહિયાત ઉત્તરો પણ મળ્યા. જ્યોતિષને એ ખગોળશાસ્ત્રના અભ્યાસમાં સહાયક ગણતો, પણ ફલજ્યોતિષમાં એને શ્રદ્ધા નહોતી જ.

સુલતાન મસૂદ પછી એના શાહજાદા મૌદુદના શાસન (૧૦૪૦–૧૦૪૮)માં અલ બિરૂનીએ રત્નો અને ધાતુઓ વિષે એક અભ્યસનીય પુસ્તક લખ્યું. પણ એ પછી એની આંખ ને કાન નબળાં પડતાં જવાથી એક ગ્રીક સહાયકને સાથે રાખીને પોતાનું કાર્ય જારી રાખેલું.

એનો છેલ્લો ગ્રંથ મુખ્યત્વે ઔષધીય વનસ્પતિ વિષેનો છે. એમાં એણે છોડ, પ્રાણી અને ખનિજનું વિભાગીકરણ પણ આપ્યું છે. વળી, ઔષધીય વનસ્પતિઓને વર્ણાનુક્રમમાં ગોઠવીને એના ગુણ વર્ણવવા સાથે એનાં અરબી નામો ઉપરાંત એનાં ૯૦૦ ફારસી, ૭૦૦ ગ્રીક, ૪૦૦ સીરિયન અને ૩૫૦ હિંદુસ્તાની પર્યાયો પણ આપ્યા છે. નશાકારક વનસ્પતિઓ વિષે પણ એણે એમાં વિસ્તૃત વર્ણન આપ્યું છે. જો કે એનો આ ગ્રંથ અપૂર્ણ રહ્યો, પણ જે કંઈ લખાયું છે—અને એ થોડું નથી—તે જ્ઞાન અને ઉપયોગિતાની દૃષ્ટિએ ઘણું મહત્ત્વનું છે.

કેટલું કેટલું કામ એણે કર્યું છે! પૃથ્વીનો પરિઘ માપવાની સરળતમ રીતો એણે શોધેલી, અને આજનાં અદ્યતન સાધનોથી નીકળેલા માપ કરતાં એની ગણતરીમાં માત્ર ૧૧૦ કિ. મી.નો જ ફેર હતો! સૂર્યચંદ્રનાં તો એણે સંખ્યાબંધ નિરીક્ષણો કરી અનેક નવાં તારણો કાઢ્યાં હતાં. ગ્રહો અને તારાને અલગ પાડવા સાથે તારાઓની દેખીતી તેજસ્વિતા પ્રમાણે એના વિભાગ કરેલા. ધ્રુવ આસપાસનું તારાઓનું ભ્રમણ એણે નોંધેલું ને ૧૦૨૯ જેટલા તારાની એણે નોંધ કરેલી.

હિંદુસ્તાનમાંથી ત્રિકોણમિતિ શીખી એણે એને ખગોળથી અલગ પાડી એક આગવા વિષય તરીકે સ્થાપિત કરી હતી. વર્તુળની ત્રિજ્યાનો એક એકમ તરીકે એણે જ પ્રથમ ઉપયોગ કરીને ભૂમિતિની અનેક ગણતરીઓ સરળ કરી આપી; હિંદી ગણિતનો સૌથી સચોટ ખયાલ એણે જ પ્રસાર્યો ને ઘનમૂળ કાઢવાની રીત પણ. ઈસ્લામી જગતનાં ૬૦૦ જેટલાં સ્થળોનાં અક્ષાંશરેખાંશ એણે કાઢીને નોંધેલાં. આના આધારે જ જુદાંજુદાં સ્થળેથી મક્કા તરફ મોં રાખીને નમાજ પઢવા કઈ દિશામાં બેસવું તે નિશ્ચિત થઈ શક્યું, અને એથી પછી બંધાતી મસ્જિદોના મહેરાબની દિશા નક્કી થઈ શકી. જ્યોતિષનો એ વિરોધી હોઈ એ અંગે એણે એક ખાસ પ્રકરણ પણ લખેલું. ભૂસ્તર વિષયક અવલોકનો કરી એણે એના ફેરફારોની નોંધ લીધેલી. કેટલાક અશ્મીભૂત અવશેષો પણ એણે શોધેલા. સાપેક્ષ ઘનતા, શૂન્યાવકાશ, ઉષ્ણતાનું પ્રસરણ, પ્રકાશનું વક્રીભવન, પ્રકાશ અને અવાજની ગતિનો તફાવત આદિ વિષે પણ એણે સપ્રયોગ નોંધો લખી છે. ભૂમધ્ય ને રાતા સમુદ્રને જોડતી નહેરની કલ્પના અને ખારા પાણીને મીઠું બનાવવાનો વિચાર પણ એણે રજૂ કરેલાં. આમ, એણે આજના વિકસિત જ્ઞાનના લગભગ દરેક વિષયનો આજથી એક હજાર વર્ષ પૂર્વે સ્પર્શ જ નહિ, આગવાં શોધ-સંશોધનો સહિત અભ્યાસ કરીને એ વિષે લખ્યું છે; અને એ માટે એણે જીવનભર અખંડ જ્ઞાનયજ્ઞ ચલાવેલો. જાણવા મળે છે કે વરસભરમાં માત્ર બે તહેવારો સિવાય એ કદી અણોજો પાળતો નહિ—ત્રણસો પાંસઠ દિવસમાંથી ત્રણસો ને ત્રેસઠ દિવસ સતત ને અવિશ્રાંતપણે એ કાર્યરત રહેતો.

આજે તો એના ૨૭ જેટલા ગ્રંથો જ ઉપલબ્ધ છે, અને આ બધું જે કંઈ એના વિષે જાણવા મળે છે તે આ ગ્રંથોના આધારે છે. પણ મનાય છે કે એણે લગભગ ૧૫૦ થી ૧૮૦ ગ્રંથો લખ્યા હતા. ઈ. ૧૦૩૬માં તો એણે પોતે ૧૧૩ની નોંધ કરી છે. અપ્રાપ્ય ગ્રંથો કાં તો નાશ પામ્યા હશે યા હજી મળી આવ્યા નથી. કોઈ પણ બાબતના અભ્યાસ પ્રત્યેનો એનો અભિગમ તદ્દન વૈજ્ઞાનિક રહ્યો છે. એ સમયે જ્ઞાત એટલા બધા ધર્મોની તુલનાત્મક સમીક્ષામાં એના જેટલું તાટસ્થ્ય હજી સુધી કોઈએ દર્શાવ્યું નથી. હિંદ અને એની વિદ્યાઓ તથા લોકો વિષેનો તેમજ અહીંના જીવનનાં અનેક પાસાંઓનો ન્યાયી અને ખરો ખયાલ રજૂ કરનાર પણ એ જ સર્વ પ્રથમ રહ્યો છે. શુદ્ધ વૈજ્ઞાનિક રજૂઆત સાથે માનવને અરસપરસ માનની દૃષ્ટિથી જોવા પર એણે હમેશાં ભાર મૂક્યો છે. એણે જે કંઈ લખ્યું તે જાતે જોઈ ચકાસીને અને શોધ-સંશોધનો કરીને લખ્યું છે. જે કંઈ પોતે શીખ્યો તે બીજાને પણ શીખવ્યું છે.

આમ, કોઈ પણ એક સાંપ્રદાયિક વિચારસરણીમાં બંધાઈ ન રહેતાં જ્ઞાનવિજ્ઞાનનાં વિવિધ સ્વરૂપોનો; પોતાનાં મૌલિક શોધ-સંશોધનો ને નિરીક્ષણો તથા વાસ્તવિક પૃથક્કરણો વડે સુમેળ સાધી આપનાર, હિંદુ તત્ત્વદર્શનોનો ઊંડો અને ન્યાયી અભ્યાસ કરનાર પ્રથમ ભારત-મિત્ર મુસલમાન, આદર્શ વિચારક અલ-બિરૂનીએ રાતદિવસ સતત પ્રવૃત્તિશીલ રહી વિદ્યાસાધનાનો જે આદર્શ સ્થાપ્યો છે એ આજે—હજાર વર્ષ પછી યે એટલો જ પ્રેરણાદાયી રહ્યો છે. □

ત્રણ જણ સિવાય જેમાં બધાંનાં ભાવિની આગાહી હતી તે જ્યોતિષ

લેખક · જયંતીલાલ મહેતા

'કોણ સાંકળ ખખડાવે છે?'

સાંકળના ખખડાટ જેવા ખાલી શબ્દો ખખડ્યા કરે છે. સાંકળ કોઈ ખખડાવતું નથી. પરંતુ રોજ સંધ્યાટાણે ગંગા ડોશીના બોખા મોંના દરમાંથી, હડિયું કાઢતા ઉંદરડાની જેમ, શબ્દો બહાર પડે છે. ડોશીનું ઘર. ફળિયું. ખડકી નિર્જન છે. બહાર ઉભરાતા અંધારાની ગમગીની છે, અને ખાલીપણામાં તરાપ મારવા તલપાપડ બિલાડી જેવી ભીષણ ચૂપકીદી છે. અને તેનાથી ડરી જઈ શબ્દ-ઉંદરો મોંની બખોલમાં પાછા ઘૂસી જાય છે. ચીમળાઈને જરઠ થએલા મોંના કોચલામાં પાછા વળેલા આટલાક જ શબ્દો ધમાચકડી મચાવી મૂકે છે. એક એક અક્ષર ગળામાં આવી અટકે છે અને સુકાઇને ખરી પડવા આવેલા કાકડા સાથે ઘસાતાં ડોશીને ખાંસી ચડે છે. એક ગળફાની સાથે જાણે માત્ર એકાદ જ અક્ષર બહાર ફેંકી શકાતો હોય તેમ ડોશીની ખાંસી અટકતી જ નથી, અટકતી જ નથી.

સાંકળના ખખડાટના ભણકારે શરીરનાં વેરવિખેર હાડકાંના ખડકલાનો ભારો બાંધી ઊભી થવા મથતી ડોશી છેલ્લો અક્ષર ઓકાઈ જતાં પાછી ફસડાઈ પડે છે ને મરી ગએલા મનની સ્મૃતિ-ભોગળો ઉઘડી પડે છે...

રોજ સાંજે સાંકળ ખખડતી અને ગંગામા ઓશરીમાંથી સડપ દઈ ઊભાં થઈ ઝડપથી ખડકી ઉઘાડતાં. રામશંકર રાજ્યગોરની ચાખડીઓના ચટપટાટથી ફળિયું ચેતનવંતુ બની જતું. હવામાં શિવમહિમ્ન સ્તોત્રના શ્લોકો શુદ્ધ ઉચ્ચારણ ને મીઠી હલકથી ગુંજતા. વાતાવરણમાં સ્વચ્છતા, સ્વસ્થતા અને ચુમિતા મહેકતાં ને આહ્લાદક પ્રસન્નતા પ્રસરી રહેતી. આ શાંત મધુર રસમાં ક્યારેક જ કોઈ ભંગ પાડતું. કોઇ અતિ જરૂરી કામ વગર ગોરબાપાને ત્યારે ખલેલ પાડવાની કોઈની હિંમત ન ચાલતી.

રામશંકર, રાજ્યના ગોર હતા. વિશેષે તો આ નાનકડા રાજ્યના દરબાર અભેસિંહ બાપુના બાળગોઠિયા હતા. અભેસિંહજીને ગોરબાપાની આગાહીઓમાં અટલ શ્રદ્ધા હતી. અને એટલે જ છ છ કુંવરીઓના જન્મ પછી પણ અભેસિંહ બાપુ રાણીમાની સાતમી સુવાવડ પ્રસંગે પુત્રજન્મની વધાઈ સાંભળવા સંપૂર્ણ શ્રદ્ધાપૂર્વક ધીરજ રાખી શક્યા હતા. હજારો પ્રજાજનો પણ યુવરાજના જન્મની ખુશાલી માણવા આતુર હતા. ગોરબાપા અને ગંગાગોરાણીને તેથી યે વધુ આતુરતા હતી, તેમના એકના એક પુત્ર શંકરના કાશી પહોંચ્યાના તારની. ગોરાણી આજે કંઈક અધીરાં થઈ રસોડું, પરસાળ અને ફળિયામાં આંટાફેરા માર્યા કરતાં હતાં, જ્યારે ગોરબાપા શાંત ચિત્તે પૂજામાં બેઠા હતા.

સાંકળ ખખડી, બાપુએ મોકલેલા શગરામમાંથી પસાયતો દોડતો ઊતર્યો અને રોજનો નિયમ છોડી પૂજામાં બેઠેલા ગોરબાપાના પગ પકડી લીધા. આંખમાં હર્ષાશ્રુ ને ગળામાં ખખરી બાઝી રહ્યાં. ગોરબાપાએ એના ઊછળતા ઉત્સાહને એક મીઠા મલકાટમાત્રથી વધાવી લીધો. ગંગા ગોરાણીએ પણ હરખ કર્યો અને આજે નિયમભંગ કરી ગોરબાપા ઝટપટ પૂજાપાઠ પતાવી બાપુને બંગલે જવા તૈયાર થયા. ગોરબાપા ખડકીએ પહોંચે તે પહેલાં ગંગાબાનું મોં ખૂલ્યું. એમને કંઈક કહેવું હતું, પણ ઉતાવળમાં ગોરબાપાએ જોયું ન જોયું કર્યું. પળ બે પળ ગોરાણીના મોં પર વિચિત્ર ભાવની વાદળી આવીને વિખરાઈ ગઈ અને એમણે હસીને પસાયતાને ગળ્યું મોં કરાવવા ગોળનું દડબું આપ્યું અને શગરામ ઉતાવળે ઊપડ્યો. તો યે ગોરબાપાને લાગ્યું કે આજે શગરામના બળદ ઢીલા ઢીલા કેમ ચાલે છે! બાપુને આજે ઘોડારમાંથી ફેટન મોકલતાં શું થાતું 'તું! કે પછી આજે જ સાઈસને માંદા પડવાનું મુહૂર્ત આવ્યું! દરબારગઢ પહોંચતાં દસબાર મિનિટમાં પોતાના સ્વભાવ વિરુદ્ધ ગોરબાપા આવું મોં માથા વગરનું ઘણું વિચારી રહ્યા. અને લગભગ દોડતા હોય તેમ બંગલાના બેઠક ખંડમાં પહોંચતાં જ અભેસિંહ બાપુ લંગોટિયા દોસ્ત રામશંકરને બથ ભરી ભેટી પડ્યા. જાણે યુગો બાદ ખોવાએલા મિત્રો મળ્યા.

ગંગા ગોરાણી પરસાળને પગથિયે બેઠાં રાહ જુએ છે. ઘડીકમાં ગોરબાપાની, ઘડીકમાં શંકરના સમાચારની. ઓછાબોલાં ગંગામાના મોઢામાંથી તડતડિયા ફૂટતા હોય તેમ શબ્દો ભડભડાટ ભાગે છે: 'હાં, જઈને ફોરન શંકરને તાર કરવા કીધું' છે. પણ ભૂલકણો ભારે ભઈલો મારો. પાંથીએ પાંથીએ તેલ પૂરી હજારવાર ગોખાવ્યું છે કે દીકરા મારા, તારટપાલમાં ઢીલ કરીશ મા. તારા બાપુને તો ઠીક છે: એમનાં થોથાં ને એમનાં દેવલાં; પણ મારે ક્યાં મન વાળવું બાપલા!'

મોટી ઉમ્મરે ગંગામાને સાંપડેલા એકના એક સંતાન શંકરને પળભર પણ નજરથી અળગો ન કરતાં ગોરાણીમા આજ રઘવાયાં થઈ ગયાં છે. શંકરની દિવસોના કાકલૂદી અને ગોરબાપાની ભરપૂર સમજાવટથી ગોરાણીએ મહાપરાણે દિલ કાઠું કરી શંકરને કાશી ભણવા જવા દેવા હા ભણી છે. પણ એનો માંહ્યલો કચવાયા કરે છે. શું ખાવું, શું પીવું, કેમ હરવું, ક્યાં ફરવું, કેમ સૂવું-બેસવુંની શિખામણ પારાયણથી વાજ આવ્યા છતાં વિવેકી દીકરો માની લાગણી સાચવવા 'હા મા! ભલે મા!' કહેતો ગયો ને કરતો રહ્યો. ને 'મારો દીકરો, મીઠડો બહુ!' કહી ગંગામાએ પોરસાતાં રહી હસતે મોંએ વિદાય-ચાંદલો કર્યો તે યાદ આવતાં ગોરાણી મલકાઈ રહે છે. ત્યાં ખડકીની સાંકળ ખખડે છે. સાઇકલની ઘંટડી પણ રણકે છે. ગોરાણી દોડીને ખડકી ખોલી તારવાળાના હાથમાંથી તાર લગભગ ઝૂંટવી લે છે.—અને અચાનક એમનો હાથ ધ્રૂજે છે, ને તાર નીચે પડી જાય છે. તારવાળો પૂછે છે: 'કાં ગંગામા? શરીરે સુવાણ નથી?' 'નહિ રે બાપલા મને શું ઘા વાગવાના હતા? હું તો રાતી રાણ જેવી છું.' કહી ગંગામા તાર કોની પાસે વંચાવવો તેની ગડમથલમાં પડી જાય છે. 'ખરે ટાંકણે ઈ ઘરમાં હોય જ નહિ ને! કોણ જાણે ક્યાં રોકાણા છે!' બબડીને ગોરાણી ઘડી પહેલાંની રાજ્યના ગાદીવારસના જન્મની ખુશાલીનો પોરસ જાણે વીસરી જ બેઠાં! શંકરનો ગોઠિયો પડોશીનો રમણ દેશમાં આવ્યો છે તે યાદ આવતાં ઘર ઉઘાડું ફટ મેલીને ગોરાણી તાર વંચાવવા દોડ્યાં.

'રમણ! ભઈલા, આ તાર વાંચી દે ને! શંકર હેમખેમ પહોંચ્યો છે તે? સૌને સુવાણ છે ને?'

તાર વાંચી રમણ મૂંગો રહે છે. બોલી શકતો નથી. જાણે વાચા હરાઈ ગઈ છે. ડોળા ફાડી ડોશી સામે સૂનમૂન જોઈ રહે છે. ચિરપરિચિત ગંગામાને બદલે જાણે ભૂતપ્રેત જોતો હોય તેમ રમણની નજર ડીંગરાઈ ગઈ છે. જીભ ઝલાઈ જાય છે. ગંગામાની ઝીણી આંખો વધુ ઝીણી બને છે. ભમ્મરો સંકોચાઈને જાણે નાકની દાંડીને ભીંસવા મથે છે. અને એ ઝીણી આંખોમાંથી એક તીખો પ્રશ્નાર્થ તીરની જેમ રમણના ડોળા પર ત્રાટકે છે. ડોળા વીંધાઈ જાય છે. રમણ રડી પડે છે. રમણની જીભ લોચા વાળે છે: 'ગંગામા, શંકર... શંકર તો ગુજરી ગયો... રેલગાડીને અકસ્માત થઈ ગ્યો તેમાં, ગંગામા!...'

ગંગામા સાંભળતાં નથી. તેમની નજર તારના પીળા પતાકડા અને રમણની રડતી આંખો વચ્ચે રઘવાઈ થઈ રખડે છે. અને અજગર બકરું ગળતો હોય તેમ ધરતીમાં ગળતા ગોરાણીના પગ સામે રમણ વકાસી રહે છે. ગોરાણી ઢગલો થઈ પડે છે. અને રમણના જીવમાં જીવ આવે છે.

આયુર્વેદ વડે સામાન્ય રોગોપચાર-૫૧

પથારીમાં પેશાબ

મોટી વયનાં બાળકોને રાતે ઊંઘમાં પથારીમાં પેશાબ થઈ જાય તે ચિંતાજનક તો ખરું જ. મૂત્રપ્રવૃત્તિ કરાવનાર સ્નાયુ ઉપર કાબૂ ન રહેવાથી આમ બને. બાળકોની જેમ કેટલાકને પુખ્ત વયે અને વૃદ્ધોને પણ આવું બને ત્યારે વધારે મુશ્કેલી. વૃદ્ધોમાં પૌરુષ-ગ્રંથિની વૃદ્ધિને કારણે આમ બને છે.

ઉપચાર

૧) કાળા તલ ખૂબ ચાવીને ખાવાનો એક પ્રયોગ પ્રસિદ્ધ છે. ૨) અગ્નિતુંડી વટી કે વિષતિંદુક વટીનું સેવન કરાવવું. ૩) લોધ્રાસવ આપવો. ૪) ગળોસત્ત્વ, ત્રિબંગ ભસ્મ. વિષતિંદુક ચૂર્ણ, અતિવિષનું ચૂર્ણ, અજમોદાદિ ચૂર્ણ વગેરેનું મિશ્રણ મધ સાથે આપી શકાય. ૫) સૂંઠ, મરી, પીપર, એલચી, સિંધવના મિશ્રણને મધમાં આપવું. ૬) રાત્રે પેશાબ કરીને સૂવાની ટેવ પાડવી. ૭) રાત્રે સૂતાં પહેલાં ઠંડા પાણીએ હાથ-પગ-મોં ધોવાં. ૮) સંધ્યા પછી પાણી ઓછું પીવું. ૯) વહેલા ઊઠવાની ટેવ પાડવી, મોટે ભાગે વહેલી સવારે જ મૂત્રાશયમાં પેશાબનું દબાણ વધી જતાં પેશાબ થઈ જાય છે. ૧૦) વધુ પેશાબ કરે તેવા પદાર્થો શેરડી, છાશ, ગોળ, બરફ, શરબત, કોલ્ડ ડ્રિંક્સ વગેરે ન પીવાં.

વૈદ્ય નવીનભાઈ ઓઝા

ગંગામાનું માથું ટેકવી લઈ બૂમાબૂમ કરી મેલે છે. 'બા, ઓ બા...દોડો! દોડો! ગંગામા...' પડોશમાંથી, શેરીમાંથી સૌ દોડી આવે છે. રમણની વાત સાંભળી રડિયારમણ મચે છે. રમણની બા અને ત્રણચાર પડોશણો ગંગા ગોરાણીને ઝાળી કરી ઉપાડવા મથે છે ત્યાં ગોરાણીને વીજળી આભડી હોય તેમ સડાક કરતાં ઊભાં થઈ ભાગે છે અને પોતાની ડેલીમાં ધૂસી ભડાક દઈને ખડકીને ભોગળ ભીડી દે છે!

'ગંગામા! અરે ગંગામા, સાંભળો તો ખરાં! પણ આમ કાંઈ થાય?' આડોશી-પાડોશીની આર્જવભરી કાકલૂદીઓ ખડકીના બારણાને ભીડેલી ભોગળને સ્પર્શ્યા વગર પાછી ફરે છે અને સૌની મતિ મૂંઝાઈ જાય છે. શું કરવું તે સૂઝતું નથી. ત્યાં શગરામના બળદની ઘંટડી વાગે છે અને ગોરબાપા શગરામમાંથી ઊતરે તે પહેલાં તો એકીસાથે ડઝનબંધ અવાજો તેમને કહેવા, સમજાવવા શોરબકોર કરી મૂકે છે. પળ બે પળ ગોરબાપા શૂન્યમનસ્ક થઈ શગરામમાં પડ્યા રહે છે. પછી ધીરે, સ્વસ્થ પગલે ઊતરી ડેલી પાસે જઈ આસ્તેથી સાંકળ ખખડાવે છે.

'ગોરાણી! ખોલો, ખડકી ખોલો! સાંભળો છો? હું રામશંકર.'

રામશંકર રાજગોર રોજની જેમ જાણે નદીએ નહાઈને આવ્યા હોય તેવી ટાઢી સ્પષ્ટતાથી, તોળાતોળીને સ્વસ્થતાથી શબ્દે શબ્દ ઉચ્ચારે છે. લોકો તેમની આ ગજબની સ્વસ્થતાથી શેહ ખાઈ ગયા હોય તેમ વીખરાઈ જાય છે. માત્ર અંગત સંબંધી જેવા બેચાર પડોશી થોડે દૂર જઈ ઊભા રહે છે. ત્યાં અંદરથી વાઘણની ત્રાડ જેવો ગંગા ગોરાણીનો ધૂધવાટો સંભળાય છે: 'તમે?! તમે તો બહુ મોટા જોશીને? શું કપાળ જોશો જોશ તમે!! મારા ને તમારા?!'

આ અચાનક હુમલાથી ગોરબાપા પણ ઘા ખાઈ જાય છે અને કેટલીક પળ વાતાવરણમાં પેલો કડવો સવાલ ગંધાતા ધુમાડાની જેમ ઘૂમરાયા કરે છે. ઘૂમરાઈ ઘૂમરાઈને વાવંટોળની જેમ ગોરબાપાના પગ ધ્રુજાવી દે છે. પરંતુ તુરત જ ધ્રૂજતા, ગળતા પગને હાથની લાકડીથી સંભાળી લેતા હોય તેમ લાકડી બે પગ વચ્ચે ટેકવી ગોરબાપા ફરી સાંકળ ખખડાવી અવાજમાં આતુરતા અને આર્જવ ભેળવી વીનવે છે.: 'ગોરાણી! ખડકી ખોલો. હું તમને બધું જ સમજાવું...'

પરંતુ ખડકી ખૂલતી નથી. ગોરબાપાના ઘરમાં જાણે વસતિ જ ન હોય તેવી ભેંકાર સૂમસામ છે. તલ પડે ને સંભળાય તેવી ભયાનક શાંતિ વાતાવરણને ભારેખમ બનાવે છે અને ગમગીનીના બોજને વીંધવા મિથ્યા પ્રયત્ન કરતી ફરી એક વાર છેલ્લીવારની વિનંતી ગોરબાપા કરે છે. મથી-મથીને રોકેલાં અશ્રુબિંદુ અવાજનળીમાં ઓગળી જઈ આ આજીજીને હૈયાફાડ ગહેરાઈ અને ગરવાઈ આપે છે: 'ગોરાણી! ગં...ગા! બારણું ખોલ. હું રામશંકર હાથ જોડી વીનવું છું. મને આમ શેરી વચાળે બારો ક્યાં સુધી રાખીશ? ગંગા! ભલી થઈ બારણું ખોલ, ગં...ગા!'

પણ ખડકીનાં ભીડેલાં બારણાંની પાછળની ભેંકાર શૂન્યતા ભેદાતી નથી. રામશંકર રાજગોરની દુ:ખથી ઢળેલી પાંપણો આસ્તે આસ્તે ઊંચકાય છે. શાંત આંખોમાં ઝળકતા અસાધારણ નિશ્ચયનું તેજ તેમને વધુ ગરવા બનાવે છે. હાથ ધીરેધીરે સાંકળ પરથી સરકીને લાકડીને સાહે છે અને મોઢું ફેરવી પગ ઉપાડે છે. ત્યાં જાણે મગજના આગળા ભીડી હોઠ પીસી દાંત કચકચાવી બોલતાં હોય તેવો ગંગા ગોરાણીનો કર્કશ કડવો અવાજ સંભળાય છે: 'તમે?! તમે તો મોટા રાજજોશી ને?! તમારું ભાખેલું કોઈ દિ' ખોટું ન પડે ને?! તો શું જોઈ મારા શંકરિયાને—એકના એક રતનને આમ અંતરિયાળ મરવા મોકલ્યો? જાવ પે'લાં મ રા દીકરાને લઈ આવો. પછી ગામના જોશ જોજો! જાવ કહું છું. સાંભળો છો? જાવ!'

ને બીજી જ ક્ષણે ગોરબાપાના પગ ઊપડે છે. પગની ચાખડીઓનો ચટપટાટ ગોરાણીના તારસ્વરના તરફડાટને પગલે પગલે ચાંપતો હોય તેમ શેરીની ધૂળને વળોટી જાતો ધીરેધીરે નદીકાંઠે જતી સડક પર વેરાતો વેરાતો વિરમી જાય છે. સૌ સ્તબ્ધ થઈ ખોડાઈ રહે છે. ગોરબાપાની આમન્યા અજબની છે. કોઈ કાંઈ બોલી શકતું નથી. આજ ના ઘડી ને કાલનો દિ'. તે દિ'થી રામશંકર રાજ્યગોરનું ક્યાંય નામનિશાન રહ્યું નથી. ગોરબાપાને જાણે ધરતી ગળી ગઈ હોય તેમ ગાયબ થઈ ગયા. કોઈએ કહ્યું તેમણે જળસમાધિ લીધી. કોઈએ કહ્યું હેમાળો ગળવા હાલી નીકળ્યા.

વરસો વીતી ગયાં છે. ફરી આ જન્મે જ શંકરને જોઈને જ મરવાનાં હોય તેમ ગંગામાનું આયુષ્ય ખૂટતું જ નથી. રોજ સંધ્યા ટાણે ડોશીના દિલની સાંકળ ખખડે છે અને હાડકાંના ખોખા જેવા શરીરમાં નવો પ્રાણ સંચરે છે. ડોશી લથડતાં જઈ ખડકી ખોલે છે. ગામ આખું જાણે છે કે ગંગા ડોશીની ખડકી પાસે સાંજવરતનું કોઈ, કાળું કૂતરું યે, ફરકતું નથી. પણ ડોશી ખડકી ઉઘાડી, ડોળા ફાડી, અંધકારને તાકી રહે છે. અને શેરીનો સૂનકાર ફળિયાના ખાલી છાલિયામાં પૂરો ભરાઈ જાય એટલે ફરી પાછાં ડોશી ખડકી વાસી શરીરના ખખડતા ભારાને ખાટલામાં નિર્મમ ભાવે ફંગોળી મોઢેથી હૂઠવો મૂકે છે...અને શેરીને નાકે ઢૂંટિયું વાળી પડેલાં કૂતરાં તેમાં સૂર પુરાવે છે. □

ધ્યાન

[ગયા ડિસેમ્બર માસના 'કુમાર' (અંક ૬૧૨)માં મહર્ષિ મહેશ યોગી પ્રણીત ધ્યાનસાધના (Transcendental meditation)નું મહત્ત્વ અને લાભ સમજાવતો એક લેખ પ્રકટ થએલો. એ પછી ધ્યાન કઈ રીતે ધરવું એ અંગે પૃચ્છા કરતા અનેક વાચકોના પત્રો મળવા લાગ્યા. આ પરથી અગાઉ 'કુમાર'માં યોગાસનો વિષેની અત્યંત લોકપ્રિય લેખમાળા (અને પછી એની અનેક આવૃત્તિ પામેલી પુસ્તિકા)ના લેખક શ્રી દામુભાઈ શુક્લને અમે આ અંગે લખી આપવા વિનંતી કરી. યોગાસનોની સાથે તેઓ ધ્યાન ધરવા અંગેના પણ વર્ષોથી અનુભવી હોઈ એ વિષે માર્ગદર્શન આપવાના તેઓ પૂરા અધિકારી છે. એમણે લખી આપેલો લેખ સાભાર અહીં પ્રકટ કરીએ છીએ. આશા છે કે આમાં રસ ધરાવતા સૌ કોઈને એ માર્ગદર્શક બની રહેશે.–સં.]

લેખક • **દામુભાઈ શુક્લ**

આજકાલ 'ધ્યાન' શબ્દે બુદ્ધિશાળી વર્ગનું ઠીકઠીક ધ્યાન ખેંચ્યું છે. પશ્ચિમના દેશોમાં અને ખાસ કરીને અમેરિકામાં એનો પ્રચાર અને પ્રસાર થયો, એના ઉપર વૈજ્ઞાનિક સંશોધનો થયાં, અને એ ખરેખર ઉપકારક છે એમ ખાતરી થયા પછી તો ત્યાં અને આપણા દેશમાં પણ એને માટે ખૂબ ઉત્સુકતા અને આદર વધ્યાં છે.

શારીરિક ઉપભોગોની સુલભતા, એમને મેળવવા એના એકમાત્ર સાધન ધનની પ્રાપ્તિ માટેની દોડધામ, ધનોપાર્જન માટે વપરાતાં ચિત્રવિચિત્ર સાધનોથી ઉત્પન્ન થતી ખેંચ અને એના સિવાયના કોઈ પણ ધ્યેયના લગભગ અભાવથી આધુનિક માણસની શારીરિક ઊર્જા વધારેપડતી વપરાઈ જાય છે. એને કઈ રીતે ફરીથી મેળવવી એ માણસને આવડતું નથી, એટલે એ અનેક તણાવ અને રોગોનો ભોગ બને છે. એમાંથી નીકળવા એ અનેક પ્રકારનાં ઔષધો અને ઉત્તેજકો વાપરે છે, પણ એને મનગમતી રીતે એ નથી જીવી શકતો, નથી મોજ માણી શકતો. સર્વવ્યાપી હતાશાનો એ ભોગ થાય છે ત્યારે એને સાંભળવા મળે છે કે પૂર્વના ઋષિમુનિઓએ શોધી કાઢેલી અને હજારો વર્ષોથી પૂર્વમાં આચરાતી 'ધ્યાન'ની રીત એ અપનાવે તો એનાં બધાં દુઃખોનો અંત આવી જાય! એની તાણ ઓછી થઈ જાય, ઊંઘવા માટે એને ગોળી ન લેવી પડે, જાગે ત્યારે સારી રીતે કામ કરવા માટે પણ એને ગોળી ન લેવી પડે, એનું જીવન સુખી સંતોષી અને ઉત્સાહી બની શકે અને જે સુખ એણે પૈસા અને દવામાં શોધ્યું તે એને વિના મૂલ્યે આ 'ધ્યાન' કરવાથી મળી શકે! એવું આ 'ધ્યાન' શું છે? એને માટેની ફલશ્રુતિ કેટલે અંશે સાચી છે?

ધ્યાન ભટકતા મનને સ્થિર કરવાની એક અતિ પ્રાચીન યુક્તિ છે અને એનાથી ઘણા શારીરિક અને માનસિક લાભો થાય છે એ નિઃશંક છે. પણ ધ્યાન વિષે સાંભળવાથી કે વાંચવાથી કોઈ લાભ થતો નથી.

क्रियायुक्तस्य सिद्धिः स्यात् अक्रियस्य कथं भवेत्।
न शास्त्रपाठ मात्रेण, योगसिद्धिः प्रजायते॥

એને માટે ધ્યાનની ક્રિયાની પૂરેપૂરી સમજણ કોઈ સારા જાણકાર પાસેથી અથવા કોઈ પ્રમાણભૂત પુસ્તકમાંથી વાંચીને મેળવવી જોઈએ અને પછી શ્રદ્ધા અને ઉત્સાહપૂર્વક, લાંબા સમય સુધી ધ્યાન કરતા રહેવું જોઈએ. એમ કરવામાં આવે તો ચોક્કસ બધા તાપ અને સંતાપ ચાલ્યા જાય, શરીર પોતાનું કામ પોતાની રીતે સારી પેઠે કરતું થઈ જાય, મન સ્વસ્થ અને શાંત થાય અને આપણા હાથમાં કર્મ કરવાની એવી અમોઘ પદ્ધતિ આવી જાય કે જેના બળે આપણે જીવનસંગ્રામથી ખંડિત થઈ જવાને બદલે, ભાંગી પડવાને બદલે જીવનના અંત સુધી અખંડ રહી શકીએ અને જીવનનો રસ પૂર્ણપણે પામી શકીએ.

આ ધ્યાન વિષે સાચી સમજણ કેળવવા માટે આપણા શરીર વિષેના પરંપરાગત ખયાલોનો થોડો પરિચય જરૂરી છે.

માનવ શરીરના ત્રણ ઘટકો છે: શરીર, મન અને આત્મા. શરીર અને તેના વ્યાપારો જોઈ અને સમજી શકાય છે. મન અને તેના વ્યાપારો જોઈ શકાતા નથી, પણ પ્રયત્ન કરવાથી સમજી શકાય છે. આત્મા અને તેના વ્યાપારો જોઈ કે સમજી શકાતા નથી. આ શરીર અને મનના વ્યાપારોમાંથી ચિત્તને ખેંચી લઇને તેને આત્મામાં લીન કરવું એનું નામ જ 'ધ્યાન'. એનું નામ જ 'આત્મસ્થ' થવું અથવા ધ્યાનસ્થ થવું. અથવા પરમ શાંતિ અનુભવવી.

આ વાત બોલવા કે લખવામાં સહેલી છે પણ આચરવામાં અતિશય મુશ્કેલ છે. મન ઘણું જ ચંચળ છે. આપણે એની પાસે જે કરાવવા માગતા હોઈએ તેનાથી ઊલટું જ એનું વર્તન હોય છે. આ મનને શાંત કરવું અને પવનને બાંધવો એ સરખું મુશ્કેલ છે. પણ આવું મુશ્કેલ કામ અનેક માણસોએ કર્યું છે અને પોતે તે કામ કેવી રીતે કર્યું તેનો ઇતિહાસ પણ આપણે માટે મૂકેલો છે. જેમ વાઘ અને સિંહ જેવાં પ્રાણીઓ પાસે પણ એમને ધીમે ધીમે કેળવીને અમુક જાતની સૌમ્ય પ્રવૃત્તિઓ કરાવી શકાય છે તેમ મનને પણ ધીમેધીમે કેળવીને એની સ્વાભાવિક પ્રવૃત્તિમાંથી અને એનાં સ્વાભાવિક વલણોમાંથી વાળી શકાય છે અને એને શાંત અને ધ્યાનસ્થ કરી શકાય છે.

આ કામને માટે જરૂર છે. એક તો 'નિશ્ચય'ની. સૂકા પાંદડાને પવન ગમે ત્યાં ઉડાડે તેમ સંજોગોની હડફટે ચડેલો હું ગમે તેમ ફેંકાઉં છું એ સ્થિતિ મારી માણસાઈ માટે લાંછનરૂપ છે; મારે સાચા અર્થમાં 'માનવ' થવું છે અને મારા મનને કેળવીને એને મારા નિયંત્રણમાં લેવું છે. આવો નિશ્ચય કરી લેવો જોઈએ.

પછી બીજી જરૂર છે 'શ્રદ્ધા'ની. અનેક સૈકાઓથી ચાલી આવેલી મનને કાબૂમાં લેવાની આ રીત સાચી છે અને એનાથી હું મારા મનને જરૂર કાબૂમાં લઈ શકીશ, એવી શ્રદ્ધા દૃઢાવવી.

ત્રીજી જરૂર છે અભ્યાસની. આ અભ્યાસ લાંબા સમય સુધી, વચ્ચેવચ્ચે છોડી દીધા સિવાય નિરંતર ચાલુ રાખવો જોઈએ અને પૂર્ણ સંતોષ ન થાય ત્યાં સુધી જંપવું જોઇએ નહિ.

ચોથી જરૂર છે થોડું આત્મનિરીક્ષણ કરવાની. આ વિષયના

○ ○ ○ ○ ○ પ્રાચીન સિક્કા ૩

લેખક • ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રી

ભારતીય સિક્કાની પ્રાચીનતા

સિક્કા પાડ્યાનું વર્ષ જેમાં આપ્યું હોય તેવા ભારતીય સિક્કાઓનો આરંભ ઈસ્વી સનની બીજી સદીથી થાય છે. જેમાં કંઈ લખાણ આપ્યું હોય તેવા ભારતમાં બનેલા સિક્કાઓમાં સહુથી જૂના સિક્કાઓનો સમય રાજાઓનાં નામો તથા લિપિના મરોડ પરથી ઈ. પૂ. ત્રીજી સદી સુધીનો અંકાયો છે. લખાણ વગરના ચિહ્નાંકિત સિક્કા એનાથી યે પ્રાચીન છે એ નિશ્ચિત છે, પરંતુ કેટલા પ્રાચીન એ નક્કી કરવું મુશ્કેલ છે.

ચંદ્રગુપ્ત મૌર્યના સમય (ઈ. પૂ. ૩૨૨-૨૯૮)માં લખાયા મનાતા કૌટિલ્ય કૃત 'અર્થશાસ્ત્ર'માં વિવિધ મુદ્રાઓ (સિક્કાઓ)નો તથા મુદ્રા અધિકરણ (ખાતા)ના અધ્યક્ષનો નિર્દેશ આવે છે. મહાભારત (ઈ. પૂ. ૩૫૦ થી ઈ. સ. ૩૫૦)માં પણ વિવિધ સિક્કાઓના ઉલ્લેખ આવે છે. પાણિનિ (ઈ. પૂ. ૫મી કે ૬ઠ્ઠી સદી) કૃત 'અષ્ટાધ્યાયી'માં નિષ્ક, શતમાન, પાદ, કાર્ષાપણ ઇત્યાદિ સિક્કાઓનો નિર્દેશ આવે છે. બૌદ્ધ જાતક-કથાઓમાં નિષ્ક, સુવર્ણ, સુવર્ણ-માષક, કાર્ષાપણ વગેરે સિક્કાઓના ઉલ્લેખ આવે છે. આ કથાઓ ઈ. પૂ. ૪થી સદીમાં રચાઈ જણાય છે, પરંતુ એમાં ઈ. પૂ. ૬ઠ્ઠી સદીની ય પહેલાંનો સમય પ્રતિબિંબિત થાય છે. કાત્યાયન શ્રૌતસૂત્રમાં રાજસૂયના નિરૂપણમાં શતમાન નામે સિક્કાનો નિર્દેશ છે. આ સર્વ પરથી ભારતમાં લગભગ ઈ. પૂ. ૬ઠ્ઠી સદી જેટલા પ્રાચીન કાળમાં સિક્કા પ્રચલિત હોવાની પ્રતીતિ થાય છે.

એનાથી પ્રાચીન એવા વેદ-સાહિત્યમાં કેટલાક ઉલ્લેખ આવે છે તેના અર્થઘટન વિશે વિદ્વાનોમાં મતભેદ પ્રવર્તે છે. દા. ત. છાંદોગ્ય ઉપનિષદમાં 'નિષ્ક'નો ત્રણ વાર ઉલ્લેખ આવે છે. શતપથ બ્રાહ્મણમાં શતમાન, સુવર્ણપાદ, નિષ્ક ઇત્યાદિના ઉલ્લેખ મળે છે. તૈત્તિરીય બ્રાહ્મણમાં 'કૃષ્ણલ'નો તથા શતમાનનો અને ગોપથ બ્રાહ્મણમાં નિષ્કનો નિર્દેશ છે. તૈત્તિરીય સંહિતામાં શતમાનનો, કાઠક સંહિતામાં 'હિરણ્ય કૃષ્ણલ'નો અને અથર્વવેદ સંહિતામાં નિષ્કનો નિર્દેશ આવે છે. ઋગ્વેદ સંહિતામાં નિષ્કનો તથા 'હિરણ્યપિંડ'નો ઉલ્લેખ થયો છે. અહીં 'શતમાન', 'પાદ' અને 'કૃષ્ણલ' શબ્દ તોલના અર્થમાં પ્રયોજાયા છે કે સિક્કાના અર્થમાં? અને 'નિષ્ક' શબ્દનો ઉદ્દિષ્ટ અર્થ કંઠહાર છે કે સિક્કો?—આ બાબતમાં વિદ્વાનોમાં મતભેદ પ્રવર્તે છે. આથી કેટલાક વિદ્વાનો જે આ શબ્દને સિક્કાના સૂચક માને છે તેઓ ભારતમાં સિક્કાની પ્રાચીનતા છેક ઋગ્વેદ સંહિતા (જે ભારતનું સહુથી પ્રાચીન ઉપલબ્ધ સાહિત્ય છે) સુધી ઠરાવે છે, જ્યારે બીજા કેટલાક વિદ્વાનો જે આ શબ્દોને બીજા અર્થમાં ઘટાવે છે તેઓ સિક્કાની પ્રાચીનતા સંભવતઃ વહેલામાં વહેલી બ્રાહ્મણ ગ્રંથના સમય સુધી સ્વીકારે છે. આ પુરાતન સાહિત્યના સમયાંકનની બાબતમાં પણ વિદ્વાનોમાં ઘણો મતભેદ રહેલો છે. વિદ્વાનોની બહુમતી મુજબ એનો સમય ઈ. પૂ. ૮૦૦ થી ઈ. પૂ. ૧૫૦૦ સુધીનો ગણાય છે. આ પરથી ઓછામાં ઓછા ઈ. પૂ. ૮૦૦ સુધી તો ભારતીય સિક્કાની પ્રાચીનતા દર્શાવી શકાય છે.

પ્રાગ્-વૈદિક ગણાતા હરપ્પી સભ્યતાના અવશેષોમાં મળેલા મોટા કોઠારો રાજ્યનું મહેસૂલ ધાન્ય રૂપે મળતું હોવાનું સૂચવે છે. એના અવશેષોમાં મુદ્રાઓ (મહોરો) મળી છે, સિક્કા મળ્યા નથી. ઋગ્વેદ સંહિતામાં, ઐતરેય બ્રાહ્મણમાં તથા શતપથ બ્રાહ્મણમાં દ્રવ્ય તરીકે ગાયોનો નિર્દેશ આવે છે. ઋગ્વેદ સંહિતામાં આવતો નિષ્કનો ઉલ્લેખ દ્રવ્યનો આભૂષણ રૂપે નિર્દેશ સૂચવે છે. હિરણ્યપિંડના ઉલ્લેખ પરથી સોનાની ધાતુના ગઠ્ઠાનો દ્રવ્ય તરીકે ઉપયોગ સૂચિત થાય છે. કૃષ્ણલ (રતી), પાદ અને શતમાન શરૂઆતમાં ધાતુના નાનામોટા તોલ તરીકે ને આગળ જતાં તે તે તોલના પ્રમાણિત સિક્કા તરીકે પ્રચલિત થયા હશે. આમ, વેદ-સાહિત્યમાં દ્રવ્યવિનિમયનાં વિવિધ માધ્યમનો વિકાસ પ્રતિબિંબિત થાય છે.

પશ્ચિમની સંસ્કૃતિનાં મૂળ લગભગ દરેક ક્ષેત્રમાં ગ્રીસમાં હોવાનું માલૂમ પડે છે. સિક્કાની બાબતમાં પણ એમ જ છે કે, ગ્રીસનાં નગરરાજ્યોએ સિક્કા પાડવાની પદ્ધતિ લીડિયા દેશ પાસેથી અપનાવી હતી. આથી પશ્ચિમના વિદ્વાનો સિક્કાની પ્રાચીનતાની બાબતમાં લીડિયાનો ખાસ ઉલ્લેખ કરતા હોય છે. આ દેશ પશ્ચિમ એશિયામાં આવેલો છે. ત્યાં સિક્કાનો આરંભ ઈ. પૂ. સાતમી સદીમાં થયો હોવાનું માલૂમ પડ્યું છે, ચીનમાં એનો આરંભ ઈ. પૂ. પાંચમી સદી સુધીમાં થઈ ચૂક્યો હતો. ભારતમાં સિક્કાનાં પગરણ પ્રાયઃ આ બંને દેશો કરતાં ય વહેલાં થયાં હોય એમ લાગે છે.

(ચાલુ)

જાણકારોએ કહેલું છે કે માનવ ચિત્તની પાંચ ભૂમિકાઓ હોય છે: (૧) મૂઢ (૨) ક્ષિપ્ત (૩) વિક્ષિપ્ત (૪) એકાગ્ર અને (૫) નિરુદ્ધ.

આમાંથી મૂઢ ભૂમિકામાં જે માણસો છે એ તો આ વિષય તરફ વળવાના જ નહિ. એમની ચેતના એટલા નીચા સ્તર પર કામ કરે છે કે એને પોતાની તાત્કાલિક જરૂરિયાતો સિવાય બીજી કોઈ બાબતની સમજણ કેળવવાની જરૂર જ લાગતી નથી.

ક્ષિપ્ત ચિત્તવાળાઓમાં બુદ્ધિ વિકસિત હોય છે, પણ પોતાના સ્વાર્થમાં જ એ કાર્ય કરતી હોય છે. જે કરવાનું કે મેળવવાનું મન થાય એને માટે કારણો શોધી આપવાનું કાર્ય એ કરે છે અને પોતાને ગમે અને પોતાની માન્યતા પ્રમાણેનાં સુખસુગવડ મળે એને માટે જ એ પ્રયત્નશીલ રહે છે.

વિક્ષિપ્ત ચિત્તવાળાઓની ભૂમિકા આનાથી વધારે ઊંચી હોય છે. પોતાની ઇચ્છાઓ અને આકાંક્ષાઓની બહાર જઇને એમની બુદ્ધિ વિચાર કરે છે અને કોઈ એમના જમાનામાં યોગ્ય ગણાય એવા આદર્શને સ્વીકારીને એને માટે એ કાર્યરત બને છે.

આ ત્રણે ભૂમિકામાં રહેલા માણસોનું મન ક્ષુબ્ધ હોય છે કેમ કે એમનો અહમ્ કાર્યરત હોય છે અને ડગલે ને પગલે એને વિરોધ અને વિગ્રહનો મુકાબલો કરવો પડે છે. આથી આ ભૂમિકાના માણસો કાયમ તાણાવની સ્થિતિમાં હોય છે અને માનસિક તથા શારીરિક પરિસ્થિતિમાંથી ઊભાં થતાં વિઘ્નોનો એમને સામનો કરવો પડતો હોય છે. જેને વધારેમાં વધારે શામક ગોળીઓની—tranquilizers (ટ્રાન્ક્વિલાઇઝર્સ)ની જરૂર પડતી હોય છે તે માણસો આ ભૂમિકાઓમાં હોય છે.

આપણી પરંપરાએ સાચવી રાખેલું અને આધુનિક વિજ્ઞાને સાબિત કરેલું સત્ય આ છે કે ઉત્તમોત્તમ શામક કોઈ ગોળી હોય તો તે છે 'ધ્યાન'ની ગોળી. જેમ દવાની ગોળી ત્રણ વખત લઈએ છીએ તેમ આ ધ્યાનની ગોળી સવારમાં, સાંજે અને રાતના મોટા ભાગની ઊંઘ પૂરી કર્યા પછી પરોઢમાં ચાર વાગ્યે લેવામાં આવે

તો જે મારક રોગોથી આધુનિક માનવ પીડાય છે, તેમાંથી એ ચોક્કસ બચી જાય છે અને સુખ તથા શાંતિપૂર્વક એની જીવન-યાત્રા પૂરી કરે છે. આ ધ્યાનની સ્થિતિને યોગ્ય થવા માટે, ચિત્તની ચોથી અને પાંચમી—'એકાગ્ર' અને 'નિરુદ્ધ' ભૂમિકાઓ પ્રાપ્ત કરવા માટે સાધકે થોડી પૂર્વતૈયારી કરવાની જરૂર હોય છે.

જેમ થોડી જ મહેનતે પરીક્ષામાં પાસ કરાવવાની જાહેરાતો થાય છે, જેમ થોડા જ સમય દવા લેવાથી રોગોને મટાડવાની જાહેરાતો થાય છે, તેમ થોડા જ સમયમાં ધ્યાનની સ્થિતિ મેળવી આપવા માટેની પણ જાહેરાતો થાય છે. એનાથી ભ્રમમાં પડ્યા સિવાય, યોગ્ય પૂર્વભૂમિકા તૈયાર કરીને ઓછામાં ઓછા છથી બાર માસ સુધીની સાધનાની તૈયારી હોય તેવા માણસોએ જ આ માર્ગ સ્વીકારવો જોઈએ. એનાથી ચિત્તની એકાગ્રતા સાધી શકાશે અને આગળ વધીને ચિત્તને નિરુદ્ધ કરી શકાશે. જે અગડંબગડં વિચારો મગજમાં ચાલ્યા જ કરે છે, જે સંકલ્પવિકલ્પોથી આપણું ચિત્ત અસ્થિરતાની પરાકાષ્ઠાએ પહોંચે છે, જે અનિદ્રા અને અશાન્તિની સ્થિતિમાં આપણે કાયમ રહેવું પડે છે તે બધું ક્યાંય અદૃશ્ય થઈ જશે અને આપણને 'કાયસંપત'* અને પ્રજ્ઞા પ્રાપ્ત થશે.

પૂર્વતૈયારીના ભાગ રૂપે ચિત્ત કઈ ભૂમિકામાં છે એ જાણવું જેટલું જરૂરી છે, તેટલું જ જરૂરી છે યમ-નિયમના પાલનનું, તથા આસન-પ્રાણાયામના સેવનથી શરીરની સ્થિરતા અને શક્તિ વધારવાનું કામ. પરંપરાગત પાંચ 'યમો' અને પાંચ 'નિયમો'ની અહીં માહિતી આપતો નથી, પણ એટલું જણાવું કે ધ્યાનને માર્ગે જનાર માટે મોટામાં મોટો 'યમ' મિતાહાર છે અને મોટામાં મોટો 'નિયમ' મીઠી વાણી અને મીઠું વર્તન છે. ધ્યાનને માટે આસનોમાં સારામાં સારું આસન 'સિદ્ધાસન' છે અને પ્રાણાયામોમાં 'કેવલ કુંભક' છે. યોગાસનોના મારા પુસ્તકમાં પ્રાણાયામ ઉપર જે નોંધ આપી છે એ તો સામાન્ય જીવન જીવવા માગતા અને નીરોગી રહેવા માગતા માણસો માટે છે. જેમને ધ્યાન કરવું છે એમને માટે કુંભક સાથેના પ્રાણાયામનો થોડો અભ્યાસ જરૂરી છે, અને એ પ્રાણાયામ કઈ રીતે કરવો એ ટૂંકાણમાં આગળ બતાવેલું છે.

યોગાંગો આઠ છે, અને આપણે અહીં સાતમા યોગાંગ વિષે વિચાર કરીએ છીએ. પાંચમું યોગાંગ છે 'પ્રત્યાહાર'. જ્યારે માણસને સંજોગોની પ્રતિકૂળતા પજવે છે અને પદાર્થોની સુખ-સંતોષ આપવાની શક્તિ મર્યાદિત છે એમ જણાય છે ત્યારે ધીરે ધીરે એ એની બહિર્મુખતાને અંતર્મુખતામાં ફેરવવા માંડે છે. આ પ્રક્રિયાને માટે પારિભાષિક શબ્દ છે પ્રત્યાહાર. પછી આવે 'ધારણા'. મનને સ્થિર કરવા માટેનું પહેલું પગથિયું ધારણા છે.

શરૂઆતમાં કોઈ દેખી શકાય એવી મૂર્તિ અથવા દીપ કે કમળ જેવાં પ્રતીકો સામે રાખીને મનને સ્થિર કરવાનો પ્રયત્ન કરવાનો હોય છે. અથવા ઇષ્ટનામ કે મંત્રનો જપ એને માટે કરવાનો હોય છે. એમાં સફળતા મળે એટલે અંતર-ચક્ષુથી દેહમાં જુદે જુદે સ્થાને જુદાં જુદાં ચિહ્નો ઉપર મનને સ્થિર કરવાનું છે.

ધારણાની અવસ્થામાં જે વસ્તુ, ભાવ્ય કે ધ્યેય ઉપર ચિત્ત સ્થિર કર્યું હોય એમાં કોઈકોઈ વાર ગરબડ થઈ જાય છે. ને ચિત્ત બીજેત્રીજે ભટકવા માંડે છે. લાંબા અભ્યાસ પછી એ સ્થિતિ જાય છે અને ચિત્તની પ્રશાન્તવાહિતા, એકધારો ધ્યેયમાં સ્થિર રહેવાનો ચિત્તનો પ્રવાહ ચાલુ થાય છે. આને 'ધ્યાન' કહેવામાં આવે છે.

એ સ્થિતિમાં પણ 'હું ધ્યાન કરું છું—મારા કલ્યાણ માટે, મારા શ્રેય માટે હું આ પ્રયત્ન કરું છું' એવું ભાન ચાલુ રહે છે. એ ભાન પણ જતું રહે અને આત્મા પરમાત્મામાં લીન થઈ જાય, શરીર અને સંસારની વિસ્મૃતિ થઈ જાય એવી ચરમ શાંતિની વિરામની સ્થિતિ આવે તેને 'સમાધિ' કહેવામાં આવે છે.

જેને આધ્યાત્મિક માર્ગે ખૂબ આગળ જવું છે એ ધ્યાનથી અટકતા નથી, પણ ખંત ને શ્રદ્ધાવીર્યથી આગળ જાય છે અને એક એવો અનુભવ મેળવે છે જેને અનુભવી જ જાણી શકે છે. એ અનુભવ શબ્દોમાં ઉતારી શકાતો નથી; એ અનિર્વચનીય છે. એ અવસ્થામાં જે પરમ તત્ત્વની ઝાંખી થાય છે એને માટે નકારવાચક શબ્દો જ વપરાય છે. એ તત્ત્વ અગમ્ય છે, અચિંત્ય છે, અવર્ણ્ય છે, અશોષ્ય છે, અદાહ્ય છે, અક્લેદ્ય છે. ટૂંકામાં એ અનુભવને માટે 'નેતિ નેતિ' સિવાય બીજું કંઈ જ કહી શકાતું નથી.

આપણે તો પહેલેથી ઉપયોગિતાવાદની દૃષ્ટિ રાખી છે. યોગાસનો અને પ્રાણાયામ ઉપરની નોંધ એ જ દૃષ્ટિએ લખ્યાં. આ ધ્યાન ઉપરની નોંધ પણ એ જ દૃષ્ટિએ લખાય છે. સંસારના અનુભવોથી સંતપ્ત માણસ કંઈક શાતા મેળવી શકે, ખાકનું પૂતળું રહેવાને બદલે કુદરતનું શ્રેષ્ઠ સર્જન 'યોગસ્થ' અને યુક્ત માણસ થઈ શકે અને જીવનમાં શક્ય એટલાં સુખ, શાંતિ અને સમાધાન મેળવી શકે એ એની પાછળનો હેતુ છે. (ચાલુ)

* એ યોગશાસ્ત્રનો પારિભાષિક શબ્દ છે. એનો અર્થ છે: 'શરીરનું રૂપ, લાવણ્ય, બળ અને વજ્ર જેવી મજબૂતી. એ મૂળ સૂત્ર આમ છે:

'रूप लावण्य बल वज्र संहनन त्वानि कायसंपत्'

સાહિત્યકોશ

હરિ ૐ આશ્રમવાળા પૂ. મોટા પ્રેરિત અને ચરોતર એજ્યુકેશન સોસાયટી દ્વારા આયોજિત 'ગુજરાતી સાહિત્યકોશ'માં નીચેની વિગતોનો સમાવેશ થનાર છે:

(૧) ગુજરાતી ભાષાના સાહિત્યકારો-સંસ્કાર પુરુષો.
(૨) ગુજરાતી સાહિત્ય અંગેની સંસ્થાઓ-મંડળો, અગત્યની સંસ્કારસંસ્થાઓ, મંડળો.
(૩) ગુજરાતી સાહિત્યને લગતાં સામયિકો.
(૪) લોકસાહિત્ય સાથે સંકળાયેલા સંસ્કાર પુરુષો, સંશોધકો.
(૫) લોકસાહિત્યનાં સ્વરૂપો.

આ અંગેની મહત્ત્વની માહિતી મુદ્દાસર અને સર્વગ્રાહી રીતે લખી અમને પહોંચાડવામાં આવશે તો ચાલી રહેલા કોશકાર્યને મદદ થશે.

ઉપરના મુદ્દાઓને લગતી માહિતી જે સાહિત્યપ્રેમીઓ, સંસ્કારપ્રેમીઓ પાસે હોય તેમને તે નીચેના સરનામે પહોંચાડવા અમારું જાહેર નિમંત્રણ છે. 'સાહિત્યકોશ વિભાગ' મહાદેવ દેસાઈ સમાજસેવા મહાવિદ્યાલય, ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ-૩૮૦ ૦૧૪

સૂર્યના કરતાં યે મોટા પરિવારવાળો ગુરુ

(સૂર્યમાળાના ગ્રહો-૪)

લેખક - ડૉ. યશવંત ગુ. નાયક

નવે ગ્રહોમાં મધ્યસ્થ અને સૌથી મોટો 'ગુરુ' પશ્ચિમમાં દેવતાઓના રાજા 'જ્યુપીટર'ના નામે ઓળખાય છે, જ્યારે ભારતમાં એને દેવતાઓના 'ગુરુ' (કે) 'બૃહસ્પતિ'નું નામ અપાયું છે. પૃથ્વીના કદ કરતાં એનું કદ આશરે ૧,૩૧૨ ગણું છે. પૃથ્વીનો વ્યાસ આશરે ૧૨,૮૩૧·૭૦ કિ. મી. (૭૯૭૦ માઈલ) છે જ્યારે ગુરુનો વ્યાસ લગભગ ૧,૪૨,૮૦૭ કિ. મી. (૮૮,૭૦૦ મા.) છે. પૃથ્વી કરતાં ગુરુનું વજન ૩૧૮·૪ ગણું છે. એના દ્રવ્યની ઘનતા પૃથ્વીની ઘનતા કરતાં ચોથા ભાગની, એટલે કે દર ઘન સેન્ટીમીટરે ૧·૩૩ ગ્રામ જેટલી છે.

સૂર્યની આસપાસ એ સહેજ લંબગોળાકાર વર્તુલમાં પરિભ્રમણ કરે છે. એ રીતે એ સૂર્યથી વધુમાં વધુ ૭૮,૩૨,૬૫,૦૦૦ કિ. મી. (૪૮,૬૫,૦૦,૦૦૦ મા.) અને ઓછામાં ઓછા ૭૪,૮૬,૫૦,૦૦૦ કિ. મી. (૪૬,૫૦,૦૦,૦૦૦ માઈલ) દૂર રહે છે. પૃથ્વીથી એનું સરેરાશ અંતર ૬૨,૭૯,૦૦,૦૦૦ કિ. મી. (૩૯,૦૦,૦૦,૦૦૦ મા.) ગણાય છે.


પોતાની ધરી ઉપર ૯ કલાક અને ૫૫ મિનિટમાં એ એક ચક્ર પૂરું કરે છે, જ્યારે દર સેકન્ડે ૧૨·૮૮ કિ. મી. (૮ મા.)ની ઝડપે ફરે છે. સૂર્યની એક પ્રદક્ષિણા કરતાં એને પૃથ્વીના ૪૩૩૩ દિવસ એટલે કે ૧૧·૮૭ વર્ષો લાગે છે, જ્યારે એનો દિવસ આપણા દિવસથી આશરે ચોથા ભાગનો જ।

ગુરુ ઉપર ૩૮,૬૪૦ કિ. મી. (૨૪૦૦૦ મા.) ઊંચાઈ સુધી વાતાવરણ છે, પરંતુ તેમાં રહેલા વાયુઓ પૃથ્વીથી ભિન્ન છે. એવું જણાયું છે કે એના વાતાવરણમાં મુખ્યત્વે ઍમોનિયા અને મિથેન વાયુ છે. ઍમોનિયા હાઇડ્રોજન અને નાઇટ્રોજનનો બનેલો છે જ્યારે મિથેન વાયુ હાઇડ્રોજન અને કાર્બનનો બનેલો છે. શરૂઆતમાં કદાચ ગુરુ ઉપર હાઇડ્રોજન અને ઑક્સિજન વાયુનું પ્રમાણ વધુ હશે, પરંતુ કાળક્રમે નાઇટ્રોજન સાથે સંયોજાઇને ઍમોનિયા વાયુ પેદા કરવામાં મોટે ભાગે હાઇડ્રોજન વપરાઈ ગયો છે, જ્યારે થોડો ભાગ ઑક્સિજન સાથે સંયોજાઇને પાણી બન્યો હશે. આ પાણી ઘણુંખરું બરફના રૂપમાં એની સપાટી ઉપર અને ખાસ કરીને એના ધ્રુવપ્રદેશોમાં એકઠું થયું હશે.

ગુરુના આ વાતાવરણનું દબાણ પૃથ્વી પરના વાતાવરણના દબાણ કરતાં ૧૦ લાખ ગણું હશે. આટલા પ્રચંડ દબાણમાં હાઇડ્રોજન વાયુ સંકોચાઈને લગભગ ઘન સ્વરૂપ ધારણ કરી એક નવા જ પ્રકારની ધાતુની જેમ એની સપાટી ઉપર અસ્તિત્વ ધરાવતો હશે તેમ મનાય છે.

બધા ગ્રહોમાં ગુરુને સૌથી વધુ એટલે કે ૧૨ ઉપગ્રહો છે. એમાં 'ઇઓ', 'યુરોપા', 'ગૅનિમીડ', અને 'કૅલિસ્ટો'. એ ચાર મોટા ઉપગ્રહો છે. સાદાં બાઇનોક્યુલરથી પણ આ ચારે ઉપગ્રહો જોઈ શકાય છે. આમાંથી યુરોપા આપણા ચંદ્ર જેવડો અને બાકીના ચંદ્રથી થોડા મોટા છે. આ ઉપરાંતના આઠ ઉપગ્રહો પ્રમાણમાં ઘણા નાના છે. સૌથી નજીક નાનો 'એમેલ્થિયા' ગુરુથી ૧,૮૧,૯૩૦ કિ. મી. (૧,૧૩,૦૦૦ મા.) અને સૌથી મોટો કૅલિસ્ટો ૧૮,૮૩,૭૦૦ કિ. મી. (૧૧,૭૦,૦૦૦ મા.) દૂર છે. ત્રણ નાના ઉપગ્રહો એ બેની વચ્ચે આશરે ૧૧,૨૭,૦૦૦ કિ. મી. (૭,૦૦,૦૦૦ મા.)ની નજીકના અંતરનાં છે, જ્યારે બીજા ચાર નાના ઉપગ્રહો ૨૨,૫૪,૦૦૦ કિ. મી. (૧૪,૦૦,૦૦૦ મા.)ની નજીકના અંતરે છે.

ગુરુની એક વિશિષ્ટતા એ છે કે સૂર્યનાં કિરણો મારફતે જેટલી ગરમી તે મેળવે છે તેના કરતાં બે કે ત્રણ ગણી ગરમી એ પોતે બહાર પાડે છે. આ શક્તિ કઈ રીતે પેદા થાય છે તે બાબત હજી ચોક્કસાઈથી કહી શકાતું નથી. એવું મનાય છે કે ગુરુમાં (રેડિયમ જેવા) કિરણોત્સારી પદાર્થોનું પ્રમાણ ઘણું વધુ હોવાથી તેના દ્વારા આ ઉષ્મા બહાર પડતી હશે.



નામ પ્રમાણે સૂર્યની ગ્રહમાળામાં 'ગુરુ' સૌથી મોટો છે. નવે ગ્રહોના સંયુક્ત દળનો લગભગ $\frac{2}{3}$ ભાગ એના એકલામાં જ સમાએલો છે. હકીકતે તો એ ગ્રહ જેવો ઓછો અને સુપ્ત તારા જેવો વધુ છે. તારાઓની પેઠે એ સ્વયં (સૂર્ય પરથી) મેળવે છે એ કરતાં વધુ ગરમી જાતે પેદા કરે છે. વળી, નવ ગ્રહોના સૂર્યપરિવાર કરતાં બાર ઉપગ્રહોવાળો એનો પરિવાર મોટો હોઈ એ સૂર્યના નાના ભાઈ જેવો લાગે છે. એના ઉપગ્રહોમાં એક ગૅનિમીડ 'બુધ' જેવડો તો બીજો 'કૅલિસ્ટો' આપણા ચંદ્રથી યે મોટો છે, જ્યારે ત્રીજો 'યુરોપા' પૃથ્વીના પાંચમા ભાગ જેવડો છે. આ ઉપગ્રહોને પોતાનું આગવું વાતાવરણ હોવાનું પણ જણાયું છે. ગુરુની સૌથી નજીકનો એક ઉપગ્રહ મિનિટના ૧૬૧૦ કિ.મી.ના વેગે ગુરુની પ્રદક્ષિણા કરે છે. ગુરુના વાતાવરણમાં દેખાતા વિવિધરંગી વાદળથરના પટ્ટાઓમાં દેખાતું પૃથ્વી કરતાં યે વધુ વિશાળ રક્તરંગી ધાબું સમગ્ર ગ્રહપરિવારમાં અદ્વિતીય છે. અમેરિકન યાન 'પાયોનિયર-૧૦' દ્વારા લેવાએલી ગુરુની આ છબિમાં એ વિશાળ ધાબું તથા તેનાથી થોડે દૂર ગુરુના વાદળથર પર પડતો એના એક ઉપગ્રહનો પડછાયો જોઈ શકાય છે.

પહેલાં એવું મનાતું હતું કે ગુરુ હજી પૃથ્વીની જેમ ઠંડો પડયો નહિ હોય અને એનું ઉપલું પડ ઘણું ગરમ હશે એટલે તેમાંથી આ ગરમી બહાર પડતી હશે. પરંતુ હવે એ ચોક્કસાઈથી કહી શકાય કે ગુરુનું ઉપલું પડ ઘન અવસ્થામાં અને ઠંડુ પડેલું છે અને તેથી એમાંથી બહાર પડતી ઉષ્ણતા તેના રેડિયમ-ગુણી કિરણોત્સારી પદાર્થોને જ આભારી છે.

ગુરુના વાતાવરણમાં વાદળો દેખાય છે. શુક્રનાં વાદળો બધી બાજુએ એકસરખી સપાટીનાં દેખાય છે, પરંતુ ગુરુનાં વાદળો વિષુવવૃત્તને સમાંતર જુદા જુદા પટાઓમાં વહેંચાએલાં દેખાય છે અને આ વાદળપટનો વિસ્તાર પણ વારંવાર બદલાયા કરે છે. વળી આ વાદળોને કારણે ગુરુની ભૂમિ પણ જોઈ શકાતી નથી, દૂરબીન વડે માત્ર આ વાદળપટના રંગો, આકાર તથા વિસ્તારને ધીમે ધીમે બદલાતા જોઇ શકાય છે. આ ઉપરાંત, આ વાદળોમાં કેટલેક સ્થળે નાનાંમોટાં ધાબાં પણ જોવા મળે છે. એમાં દક્ષિણ ગોળાર્ધમાં એક લાલ ધાબું વિશિષ્ટ છે. ઈ. ૧૮૭૮માં આ ધાબું રતુમડા રંગમાંથી જોતજોતામાં ઘેરું રક્ત રંગી બની ગયું હતું અને તેનો વિસ્તાર ૪૮,૩૦૦ કિ. મી. (૩૦૦૦ માઇલ) લાંબો અને ૧૧,૨૭૦ કિ. મી. (૭૦૦૦ મા.) પહોળો જણાયો હતો. આ ધાબું ઇ. ૧૬૬૪ અને ઈ. ૧૮૩૧માં આવી જ રીતે લાલ બની મોટું થયું હોવા-

લઘુકથા

ભાવ-પ્રતિભાવ

'સારસ્વત'

કરુણાશંકર ડૉ. દિનેશની ઓસરીમાં પ્રવેશ્યા. પણ અંદરની વાતચીત કાને પડતાં બહાર જ થંભી ગયા.

'હમણાં "ઉત્તરાયણનું પુણ્યદાન કરો" કરતાક ને મહારાજ આવી ઊભા રહેશે. મહોલ્લામાં ગયા છે એટલે આવતાં કંઈ વાર નહિ લાગે.'

'મેં તો તમને ચેતવ્યા જ હતા કે આવા ગામડાગામમાં બામણ-ની વળી શી મિત્રતા? અહીં તો બધા લે-ખાઉ જ હોય.'

'એ તો ઠીક, પણ શહેરની એટિકેટની આ લોકોને ક્યાંથી ખબર પડે? માગવા-ન માગવાનો વિવેક સમજે જ નહિ.'

'આવી મોંઘવારીમાં આવાઓને ક્યાંથી અપાય? અને એક વાર આપ્યું કે પછી દર વારતહેવારે આપવું પડશે'.

'ખરું વળી, અને આ મહારાજને પાંચ-દશથી ઓછું અપાય પણ શું? ને આ તો સ્નેહી મહારાજ! ચા-નાસ્તો તો સમજ્યા, પણ...'

'જુઓ, તમે થોડી વાર અંદરના ખંડમાં જતા રહો. હું કહીશ કે વિઝિટે ગયા છે.'

મિત્ર પતિ-પત્નીનો સંવાદ સાંભળી કરુણાશંકર સ્તબ્ધ થઈ ગયા: 'આ લોકો બસ, આ સિવાય બીજી રીતે વિચારતાં જ નથી!'

એટલામાં દિનેશચંદ્રને રસોડામાંથી અંદરના ખંડમાં જતા જોયા. તક ઝડપી લઈ કરુણાશંકર બોલ્યા: 'જે શ્રીકૃષ્ણ, દાક્તરસાહેબ!'

'ઓહો મહારાજ! આવો, આવો! જયશ્રીકૃષ્ણ!' મહારાજ ડૉકટ-રના મોં સામે તાકી રહ્યા. પછી ફળીમાં પતંગ ચગાવતા ડૉકટરના બા-બાને બોલાવ્યો: 'ઋષભભાઈ, આમ આવો તો!'

ડૉકટરને કશી ગતાગમ ન પડી. સુલોચનાબહેન પણ બારણામાં ઊભાં ઊભાં વિસ્મિત નેત્રે જોઈ રહ્યાં.

મહારાજે પાંચની નોટ કાઢીને બાબાને આપી. દંપતી આનાકાની કરતાં રહ્યાં. મહારાજે કહ્યું: 'અરે, આજે ઉત્તરાયણના દિવસે ના ન પડાય. કાકા પાસે તો ભત્રીજો માગે ને? કેમ ભાઈ, ખરું ને?...જાઓ પતંગ લાવજો હોં...' ને ખુલ્લા દિલે હસતાહસતા ઝોળી હલાવતા ચાલવા માંડયા. દાક્તરાણી બોલ્યાં: 'ભાઈ, ચા તો પીતા જાઓ.'

'બસ બહેન! તમારો ભાવ છે એટલે પહોંચી ગઈ.' દાક્તર અને પત્નીની નજરો ભેગી થઈને નીચે ઢળી ગઈ. □

ની નોંધ છે. ઈ. ૧૮૯૦ પછી આ લાલ ધાબાનો રંગ ઝાંખો અને ઈ. ૧૯૫૭માં ફરી તેજ બન્યો હતો. આ લાલ ધાબું કોઈક મહાન ઊંચા જ્વાળામુખીમાંથી નીકળતી જ્વાળા અને ઉષ્ણ પદાર્થોની ધૂણીનું હોવા-નો એક વાદ રજૂ થયો હતો, પરંતુ આ ધાબાનું સ્થાન બદલાયા કરતું હોવાથી આ વાદને પૂર્તિ મળતી નથી. કેટલાક વૈજ્ઞાનિકો માને છે કે આ સ્થાનની ભૂમિ ઘણી ઊંચી હશે અને ત્યાં મહાન વમળો પેદા થવાથી ઍમોનિયા વાયુ ઉષ્ણ થઈ એક સ્તંભ રૂપે ઊંચે ચડી વાદળોમાંથી ફૂટી નીકળીને આ ધાબું પેદા કરતો હશે. આ ધાબાની આસપાસનું દ્રવ્ય દૂર ખસી જાય છે અને એની ફરતે જાણે ઊંડી ખાઈ પેદા થઈ હોય તેવી કાળી પટ્ટીઓ દેખાય છે. રૂપર્ટ વાઈલ્ડ નામના ખગોળશાસ્ત્રીના મતે આ લાલ ધાબું ઘન ઉષ્ણ પદાર્થોના વાદળનું બનેલું હોવું જોઇએ અને તે ઘન પદાર્થોની ધૂળનાં વાદળો લાંબા વખત વાતાવરણમાં તરતાં રહી ધાબાંની રચના કરતાં હશે. આમ છતાં હજી આ રક્તરંગી ધાબાનું રહસ્ય સંતોષ-કારક રીતે સમજાયું નથી.

સૂર્યમંડળના આ સૌથી મોટા ગ્રહનું નજીકથી નિરીક્ષણ કરવા ઈ. ૧૯૭૨ની બીજી માર્ચે અમેરિકાના અવકાશ સંશોધન કેન્દ્રથી 'પાયોનિ-યર-૧૦' નામનું એક અવકાશી યાન છોડવામાં આવ્યું હતું. અવકાશમાં ૨૧ માસ લાંબી મુસાફરી કરીને કલાકના ૩૫,૭૪૨ કિ.મી. (૨૨,૨૦૦મા.) ની ઝડપથી ફરતું ૨૬૦ કિલો. વજનનું આ યાન ગુરુની નજીક પહોંચી ગયું હતું. આ દરમિયાન આ યાને ૬૧૧૮ કરોડ કિ. મી. (૩૮ કરોડ મા.)ની મુસાફરી પૂરી કરી હતી અને નવેમ્બર ૧૯૭૩ની ચોથી તારીખે તે આશરે ૩.૦૨ કરોડ કિ.મી. (૨ કરોડ મા.) જેટલું ગુરુની નજીક પહોંચ્યું ત્યારથી તેણે ગુરુના અવલોકનની માહિતી મોકલવા માંડી હતી. નવેમ્બરની આ-ખરે આ યાન ગુરુથી ૧૪.૪૯ લાખ કિ.મી. (૯ લાખ મા.)ના અંતરે ગુરુના ચુંબકક્ષેત્ર તથા વીજ-આયનની વાતાવરણની માહિતી આપતું થયું. એના સંદેશા પૃથ્વી ઉપર સ્પેઈન, ઑસ્ટ્રેલિયા અને કૅલિફોર્નિયા (અમેરિકા) ખાતે સ્પષ્ટ રીતે નોંધાયા અને એ રીતે જાણવા મળ્યું કે ગુરુનું ચુંબકક્ષેત્ર અને આયની વાતાવરણ તેની સપાટીથી ૧૯.૩૨ કરોડ કિ. મી. (૧૨ કરોડ મા.)ની ઊંચાઈ સુધી વિસ્તરેલું છે. વળી તેના આયની વાતાવરણમાં પૃથ્વી કરતાં ૪૦૦ ગણું વધુ આયનીકરણ છે. આથી એવો ભય લાગતો હતો કે કદાચ પાયોનિયર-૧૦નાં અણુશક્તિ સંચાલિત સાધનો કામ કરતાં બંધ થઈ જશે. પરંતુ એવું કશું બન્યું નહિ.

ગુરુના ગુરુત્વાકર્ષણને કારણે પાયોનિયર-૧૦ની ઝડપ ઉત્તરોત્તર વધતી જઈને ગુરુની પ્રદક્ષિણા કરતાં વધીને કલાકની ૧,૨૩,૬૪૮ કિ. મી. (૭૬,૮૦૦ મા.) જેટલી થઈ ગઈ હતી. પાયોનિયર-૧૦ની માહિતી અનુસાર ગુરુના ચુંબક-અક્ષ અને તેના ભ્રમણ-અક્ષ વચ્ચે ૧૫ અંશનો ફેર છે. આથી ગુરુની આસપાસનું ચુંબકક્ષેત્ર પણ પ્રચંડ ઝડપે ફરતું રહે છે. જો આ સમયે આ યાનમાં અવકાશયાત્રી હોય તો તેને ગુરુનું વિશિષ્ટ દર્શન થયું હોત. આ યાત્રીને ચોથા ભાગનું આકાશ ગુરુનાં વાદળોથી ઢંકાએલું નજરે પડત, અને ચંદ્ર કરતાં ૮૫૦૦ ગણો મોટો ગોળો જોવા મળત. ચંદ્રના કરતાં તે ૧૨૦૦૦ ગણો પ્રકાશિત દેખાત અને તેના પરનું રક્તરંગી વિશાળ ધાબું એક અલૌકિક દૃશ્ય રજૂ કરત. આટલી ઊંચાઈ-એ પણ ગુરુનું ગુરુત્વાકર્ષણ બળ પૃથ્વીના કરતાં ૨॥ ગણું જણાયું હતું. આવા પ્રબળ ગુરુત્વાકર્ષણમાં ગુરુની સપાટી ઉપર પૃથ્વી જેટલાં ઊંચાં ગિરિશૃંગો રચાવાની શકયતા નથી.

ગુરુના વાતાવરણમાં રહેલાં વાદળો અનેક સ્તરોમાં વહેંચાએલાં છે અને તે દરેક સ્તર જુદી જુદી પરંતુ પ્રચંડ ગતિથી પરિભ્રમણ કરે છે. એમાં થતાં પ્રચંડ તોફાનોથી પૅસિફિક મહાસાગર જેટલા વિસ્તારમાં ઘૂમરી ખાતો સફેદ વળાક પણ વારંવાર જોવા મળે છે. ગુરુની સપાટી ઉપર કદાચ પ્રવાહી હાઈડ્રોજન, બરફનાં જાડાં સ્તરો અને સૌથી નીચે ઘન દ્રવ્ય હશે એવું અનુમાન થાય છે.

પાયોનિયર-૧૦ દ્વારા પૃથ્વી ઉપર ગુરુની અનેક સ્પષ્ટ છબિઓ મોક-લાઇ હતી. આ છબિઓ જોઇને પછીના અવકાશી યાન પાયોનિયર-૧૧ના માર્ગમાં ફેરફાર કરવામાં આવ્યો. પાયોનિયર-૧૦ ગુરુથી ૧,૨૫,૫૮૦ કિ. મી. (૭૮,૦૦૦ મા.) દૂરથી પસાર થયું હતું જ્યારે પાયોનિયર-૧૧ ગુરુથી આશરે ૩૮,૬૪૦ કિ. મી. (૨૪,૦૦૦ મા.) જેટલા નજીકથી પસાર થઈ ઈ. ૧૯૭૯માં શનિની નજીક પહોંચશે.

પાયોનિયર-૧૦ ગુરુના વિષુવવૃત્તની સમાંતર પસાર થયું હતું એ-ટલે હવે પાયોનિયર-૧૧નો માર્ગ એના ધ્રુવપ્રદેશની છબિઓ લઈ શકે એ રીતે યોજવામાં આવ્યો છે. પાયોનિયર-૧૦નાં યંત્રો ઉપર ગુરુના અં-તરીક્ષમાં રહેલા પ્રબળ વીજ-આયનોવાળા વાતાવરણના પટ્ટાની અસર થઈ હતી. પાયોનિયર-૧૧ ઉપર આનાથી પણ વધુ અસર થવાનો સં-ભવ છે. પાયોનિય-૧૧ ગુરુથી શનિ અને છેવટે પ્લુટોની યાત્રા કરશે એવી ધારણા છે. શનિ ઉપર પહોંચતાં એ ૨.૪૧૫ અબજ કિ. મી. (૧.૫ અબજ મા.)ની યાત્રા કરી ચૂકયું હશે. એના માર્ગમાંથી પણ એ સંદેશા મોકલ્યા કરે છે, પરંતુ હાલ તુરત તો વૈજ્ઞાનિકો એનાં ગુરુનાં અવ-લોકનો અંગેના સંકેતોની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. □

ગુજરાતમાં કલાનાં પગરણ

રવિશંકર રાવળનું આત્મકથાનક અને 'ગુજરાત કલાસંઘની કથા'-૧૬

ફોટોગ્રાફર શિષ્યો

મસૂરીથી હું આવ્યો ત્યારે મારા કુમાર કાર્યાલયવાળા ચિત્રખંડમાં નવા યુવકોની ભરતી થઈ હતી. તેમાં બેચાર જણા માત્ર ફોટોગ્રાફીનો શોખ પૂરો કરવા આવેલા. એમાં ગોવિંદલાલ ભટ્ટ અને રાજકોટવાળા બિહારીલાલ કોઠારી યાદ આવે છે. બિહારીલાલને અહીં આવવાનો આગ્રહ કરનાર તો મારા લીમડીવાળા મિત્ર ભોગીલાલ પરીખ હતા; પણ એમને ત્યાં ન જતાં બિસ્તરો લઈ સીધા 'કુમાર કાર્યાલય'માં જ આવી પડેલા. તેમને બંનેને મેં જગન મહેતાને સોંપી દીધા. બંને જણે જરૂર પૂરતી ફોટોગ્રાફી શીખી કામચલાઉ પ્રવીણતા મેળવેલી. બિહારીલાલ તો થોડું શીખી રાજકોટ પાછા ગયા ને સત્યાગ્રહમાં જોડાયા. પાછળથી એમણે કેટલીક ફોટોગ્રાફી કરી પણ કમાણી કરી શક્યા નહિ, એટલે પારીસની સુગંધીઓ મંગાવી તેમાં મિશ્રણો કરી સુગંધીઓની નાનીનાની શીશીઓ વેચવા બનાવીને ઘરાકી મેળવી. સાથેસાથે ચિત્ર-પણ કરતા. હાલ વયોવૃદ્ધ થવા છતાં કેટલીક સ્થાનિક વનસ્પતિમાંથી સુગંધીઓ બનાવી વેચે છે. એનો કીમિયો પણ તેમનો જ છે.

ગોવિંદલાલ ફોટોગ્રાફી ધ્યાનથી શીખ્યા. એક વાર એક (સારા ઘરનો) વિદ્યાર્થી જગન્નાથનો કૅમેરા ઉપાડી ગએલો, તેને મુદ્દામાલ સાથે પકડી આપવાથી સૌના ધન્યવાદને પાત્ર થતાં, તેને ફોટો-સામગ્રીની નોંધ અને સાચવણુ તથા તકેદારી રાખવાનું ભળાવ્યું.

આ જ અરસામાં રાજકોટથી સોની પરિવારના દામોદર કાળિદાસ ચિત્ર શીખવા આવ્યા. પ્રથમ તો મારી કડક શિક્ષણનીતિથી કાયર થઈ થોડું જાણી ચાલ્યા ગયા; પણ મુંબાઈ, સૂરત, વડોદરાના ચિત્રવર્ગો જોઈ પાછા આવી જણાવ્યું કે કુમાર કાર્યાલય જેવું અંતરંગ શિક્ષણ ક્યાંય પણ મળતું નથી. તેમનો એવો અભિપ્રાય જાણી મને પણ સંતોષ થયો.

ભીખુભાઈ આચાર્ય

એવામાં જૂનાગઢથી ભીખુભાઈ આચાર્યનો પત્ર મળ્યો. તેના સલાહકાર ચિત્રશિક્ષક જામનગરના સોલંકી માસ્તર હતા. તેણે સલાહ આપી કે તેનો સંગીતમય ચિત્રશોખ પૂરો કરવા તેણે મારે ત્યાં ભરતી થવું જોઈએ. ભીખુભાઈનાં માતા રાજ્યની ઇસ્પિતાલમાં વડાં નર્સ હતાં, પણ ખર્ચ કરી ભીખુભાઈને ઘરથી દૂર મોકલવાનું તેમનું ગજું નહોતું. પોતાના સેવાભાવથી તે લોકપ્રિય બન્યાં હતાં, એટલે તેમની અરજીથી કેળવણી ખાતાએ માસિક રૂ. ૬ની છાત્રવૃત્તિ આપી, અને આ ઉત્સાહી વિદ્યાર્થી બાકીના ખર્ચનું જોખમ ખેડી 'કુમાર કાર્યાલય'માં આવી ગયા. એ કપડાંલત્તાંની સુઘડતા, મુખશોભા અને વાળના શોખીન હોવાથી બીજા વિદ્યાર્થીઓમાં જુદા પડી આવતા. નાનકડું મેન્ડોલીન સારું વગાડી જાણતા તેમજ ઊર્મિલ સ્વભાવના હતા. તેનામાં અભ્યાસ-પરાયણ રહેવાની સારી ટેવ હતી, પણ બીજા વિદ્યાર્થીઓની જેમ સાદાઈ નહોતી એટલે અમદાવાદનો ખર્ચ સહી ન શકવાથી પાછા જૂનાગઢ ગયા. તે તેમની માતાના એક જ લાડકા પુત્ર હતા, એટલે માતા દુ:ખ વેઠીને પણ તેના કોડ પૂરા કરતાં હશે. વળી તેને પરણાવી દીધેલા, ને એક બાળકી પણ થઈ હતી. આ બધું તો મેં પાછળથી જાણ્યું હતું.

એક વાર હું મારા પિતાશ્રીના ગુરુ શ્રી નથુરામ શર્માના બીલખા ખાતેના આશ્રમમાં ગુરુપૂર્ણિમા નિમિત્તે ગએલો, ત્યારે રસ્તે જૂનાગઢ ઊતરતાં ભીખુભાઈ આચાર્યે મારું સ્વાગત કરવા ચાર-પાંચ મિત્રો સાથે દૂધપાક-પૂરીનો ભોજન-સમારંભ કર્યો. તે વખતે હું ખરી હકીકત જાણી શક્યો કે ઘરની સ્થિતિ સધ્ધર ન હોવા છતાં મારો ભાવભર્યો સત્કાર કરવામાં તેનાં માતુશ્રીનો પણ ઉમંગ ખૂબ હતો. આવા શ્રદ્ધાળુ શિષ્યને હું મારાથી દૂર થતો સહન કરી શક્યો નહિ. અને એ આશાસ્પદ કલાપ્રકૃતિવાળા જુવાનને કોઈ પણ રીતે મારા અંતરંગ શિષ્યમંડળમાં મોકલવા મેં તુરત તેનાં માતુશ્રીને વીનવ્યાં અને કહ્યું કે રાજ્ય તેને રૂ. ૬ની છાત્રવૃત્તિ આપવા ના વિચારતું હોય તો હું મારા પદરથી રૂ. ૧૦ દર માસે ખર્ચના આપીશ અને થોડા જ વખતમાં તેને સ્વાશ્રયી બનાવી દઈશ. અને ખરેખર તેણે પણ હિંમત બતાવી અમદાવાદ આવી અમારી છાવણીમાં પડાવ નાખ્યો અને મૌલિક ચિત્રો કરવા માંડ્યાં.

એ વખતે મેં અમદાવાદમાં દર વરસે સ્થાનિક ચિત્રકારોની સારી કૃતિઓ, દૃશ્યચિત્રો, માનવપાત્રોની તસ્વીરોનાં વાર્ષિક પ્રદર્શન કરવાનો રિવાજ શરૂ કર્યો હતો અને વિદ્યાર્થીઓ તથા જનતાને તેમાં ખૂબ રસ પડતો. જોકે બહુ મોટા કદનાં ચિત્રો ખરીદ કરવા જેટલી શક્તિ-વૃત્તિ ત્યારે પ્રજામાં નહોતી, પણ ૧૦થી ૫૦ કે ૧૦૦ રૂપિયાની કિંમતનું એકાદ ચિત્ર તો દરેક જણનું વેચાઈ જતું. તેથી એ વિદ્યાર્થીને બહુ ઉત્તેજન મળતું. વળી સહેજ પણ ગુણ કે ભાવવાળું ચિત્ર હોય તો 'કુમાર'માં કલાકારના બે પાંચ લીટીના પરિચય સાથે તેને પ્રસિદ્ધિ આપવાનો મેં રિવાજ પાડ્યો હતો. તેથી ચિત્ર-વિદ્યાર્થી તથા તેના સંબંધી-મિત્રોમાં ઉત્સાહ ફેલાતો. ભીખુભાઈએ પણ નિષ્ઠા અને શ્રદ્ધાથી પોતાનું કામ આગળ વધારીને તથા ભાવના–મમતાથી પ્રજાપ્રેમ મેળવ્યો હતો, એટલે એક શ્રીમંત ઘરના બાળવૃંદને ચિત્રકામ શીખવવા મારી પાસે યોગ્ય વિદ્યાર્થી-શિક્ષકની માગણી આવી કે તુરત ત્યાં માસિક રૂ. ૪૦થી ભીખુભાઈની ગોઠવણ કરાવી આપી. સાથેસાથે તેણે ચિત્રશાળાના પાઠો લેવાનું તો કાયમ ચાલુ રાખ્યું અને નગર બહાર એલિસબ્રિજમાં થએલી સોસાએટીમાં ભાડે ઘર લઈ પત્ની અને બાળકીને બોલાવી લીધાં. છેવટે તેનાં નિવૃત્ત માતુશ્રીને પણ તેડાવી લીધાં હતાં. કમનસીબે તેનાં ભલાં-ભોળાં પત્ની અમદાવાદમાં જ દેવલોક થયાં. પણ તેમની તરફ ભાવથી જોતાં એક પુખ્ત વયનાં વિદ્યાર્થિનીએ આ રસિક યુવાનનો હાથ પકડ્યો. ભીખુભાઈનાં માતુશ્રી એનું દામ્પત્ય જોઈ સુખના ઘૂંટ લઈ ચિરશાંતિમાં સૂતાં.

ત્યાર પછી ભીખુભાઈના નવા સખા પ્રફુલ્લ ફોઝદારે તેમને ગૃહસુશોભનનો રંગ લગાડ્યો. તેમાંથી એક મિત્રે એમને સિનેમા ક્ષેત્રમાં ખેંચ્યા. ત્યાં ઘરના ખંડનાં સુશોભન તથા નવી જાતના ફર્નિચરની પેઢીમાંથી તેને મુંબાઈમાં એક નવો જ ધંધો મળ્યો ને અવનવી રચના, પરદા, શોભનો તથા કલાવસ્તુઓની મૌલિક ગોઠવણોથી તેનો ધંધો જામ્યો. સિનેમાના કલાનિયોજક મટી તે સુશોભનકાર થયા અને છેવટે કોઈ ચિત્રકંપનીએ તેમને ઈટલી મોકલી અદ્યતન કુશળતાના સ્વામી થવાની તક અપાવી. મુંબાઈમાં હાલ પણ આ જ ધંધામાં તે માસિક હજારો રૂપિયા કમાય છે.

છગનલાલની પ્રગતિ

ભીખુભાઈ 'કુમાર' ચિત્રખંડમાં નવો પ્રવેશ પામ્યા હતા તે વખતે તેમના પહેલાં પ્રવેશ પામેલા છગનલાલ જાદવ સાથે તેમને ખાસ મૈત્રીભાવ જન્મેલો. વિદ્યાર્થીઓનાં ચિત્રકામ માટે મેં લોકપ્રિય થએલાં પુરાણકથાનાં ચિત્રો માટે બહુ આદર બતાવ્યો નહોતો, કારણ કે તે વિષયો પૂરતી અભ્યાસ-શક્તિ કે વિવિધ જ્ઞાન અને વિદ્યા તેમનામાં નહોતાં. સાહિત્ય પ્રતિ તો જરા પણ નિશ્ચય અને નિર્ણય કરી શકે એટલું ભણતર પણ તેમનામાં નહોતું. એટલે હું તેમની કરેલી નિસર્ગનોંધ પર ચિત્રરચના કરવા ઉત્તેજન આપતો. એ રીતે ભાઈ છગનલાલે બજારની ફૂટપાથ

પર એક કપડા પર પાથરેલી કાંસકીઓ વેચતી નારીનું ચિત્ર કરવા માંડયું હતું. ચિત્રનો દેહ અભ્યાસપૂર્ણ કરવાની ચોક્સાઈ માટે હું ખૂબ જ કાળજી કરાવતો. છગનલાલ તેમાં ખરેખર સાવચેત અને સ્વાધીન રહેતા. એમના આગળ વિકાસ માટે હું આતુર રહેતો. એવામાં એક વગદાર સ્નેહીએ ઈન્દોરની આર્ટ સ્કૂલમાં તેમને પ્રવેશ અપાવ્યો. અને આગળ વધવાના એ અભિલાષી અમદાવાદ છોડી ઈન્દોર ગયા. ત્યાંના પ્રિન્સિપલ શ્રી દેવલાલીકર હતા. વરસેક દિવસે ભાઈ છગનલાલને સમજાયું હશે કે ઈન્દોરમાં વર્ણચુસ્ત વધારે હશે તેથી અમદાવાદ પાછા આવી ચિત્રખંડમાં જોડાયા અને ખર્ચ માટે નજીકમાં શરૂ થએલી શાળામાં જોડાયા. એ વખતમાં મારા શ્રેષ્ઠ વિદ્યાર્થીઓનાં ચિત્રો મુંબાઈની આર્ટ સોસાએટીમાં રજૂ કરવાનું શરૂ થયું હતું. મુંબાઈના ચિત્રકારો અમદાવાદના ચિત્રકારોના કામને હરીફ ગણતા અને નિંદા પણ કરતા પણ તેમનામાં નિષ્ઠા અને લોકસંસ્કૃતિમાં શ્રદ્ધા નહોતી તેમજ મુંબાઈનું જીવન ભારતનું પ્રતિબિંબ પાડી શકતું નહોતું.

છગનલાલનાં ચિત્રો 'કુમાર'માં પ્રકટ થતાં તેથી તેમની પ્રતિષ્ઠા પણ સારી જામેલી તે પરથી કુમાર કાર્યાલયની નજીકમાં મગનભાઈની હવેલીમાં અમદાવાદની યુવાન નારી-જાગૃતિથી સ્થપાએલા જ્યોતિસંઘમાં પાર્ટ-ટાઈમ ચિત્રશિક્ષક તરીકેનું કામ મળી ગયું અને ત્યાંની ઉત્સાહી વિદ્યાર્થિનીઓમાંથી રત્નપ્રભાબહેન, પેરીનબહેન, શાંતાબહેન અને બીજાં વિદ્યાર્થીબહેનો તેમની પાસેથી ચિત્રકળાની દીક્ષા પામી લોકજીવનનાં સુંદર ચિત્રો કરી શક્યાં, જે 'કુમાર'માં પ્રસિદ્ધ થયાં છે.

પરંતુ ભાઈ છગનલાલને કળાનો વિશિષ્ટ અભ્યાસ કરવાની વૃત્તિ ખૂબ જ પ્રબળ હતી. તે જોઈ ગાંધી આશ્રમમાં હરિજન કલ્યાણનું ટ્રસ્ટ સંભાળતા પ્રિયલાલજીએ તેમને ફરી કોઈ આર્ટ સ્કૂલમાં જવા સ્કૉલરશિપ આપવાની દરખાસ્ત મૂકી. તે માટે છગનલાલે અરજી મૂકી તેમાં ગેરંટર (બાંહેધરી આપનાર) તરીકે મારું નામ મેં આપ્યું ને લખનૌની આર્ટ સ્કૂલના આચાર્ય અસીતકુમાર હલધરના હાથ નીચે પ્રવેશ અપાવ્યો. તે વખતે બીજા પ્રાંતના વિદ્યાર્થીઓ લેવાનો ત્યાં નિષેધ હતો, તેથી મેં મારા બે આઈ. સી. એસ. મિત્રો સ્વ. નાનાલાલ ચમનલાલ મહેતા જે કલેક્ટર હતા અને સ્વ. શિવલાલ પાનાચંદ જે કમિશનર હતા તેમની ભલામણ મેળવેલી અને પાછળથી હરિજન સંઘની છાત્રવૃત્તિ રૂ. ૧૦ ઓછી પડતાં કુમાર કાર્યાલયે પણ યથાશક્તિ મદદ કરેલી. આ વ્યવસ્થા એક જ વર્ષ માટે હતી ને ત્યાંનું શિક્ષણ પણ સંતોષજનક ન લાગવાથી છગનલાલને પણ ત્યાં આગળ વધવાની આશા લાગી નહોતી. જોકે ત્યાંના એક સરસ માનવપાત્રો ચીતરવામાં પ્રસિદ્ધ પ્રાધ્યાપક શ્રી હરિલાલ મેઢ, જે મૂળ ગુજરાતના ત્યાં સ્થિર થએલી નાગર જ્ઞાતિના હતા, તે રજામાં અમદાવાદ આવેલા તેમણે અભિપ્રાય આપેલો કે છગનલાલનું ચિત્ર-સંશોધન લખનૌના વિદ્યાર્થીઓમાં મુગ્ધકર બન્યું હતું. ઉપરાંત છગનલાલ ચિત્રની લખનવી રંગજમાવટમાં પ્રવીણ બન્યા હતા.

લખનૌથી પાછા આવી છગનલાલ ફરી જ્યોતિસંઘના ચિત્રશિક્ષક થયા અને આ દરમિયાન (૧૯૩૪માં સ્થપાએલા) મારા ગુજરાત ચિત્રકલા સંઘમાં રહી બને તેટલી સહાય અને અભ્યાસ ચાલુ રાખ્યાં. તે પછી—ઘણે ભાગે ૧૯૩૯માં—કલાસંઘનાં ૧૫૦ જેટલાં ચિત્રો લઈ હું મુંબાઇની આર્ટ સોસાએટીમાં પ્રદર્શિત કરવા લઈ ગયો તેમાં 'પોતાના

હરિઃ ૐ આશ્રમ તરફનું
ફેબ્રુઆરી અંક માટેનું રૂ. ૫૦નું
જીવનચરિત્ર પારિતોષિક
'ડૉ. ભાઉ દાજી'ના લેખક
પ્રા. શંકરદેવ વિદ્યાલંકારને મળે છે.

લાડકા બાળક માટે પોતાની ઝૂંપડીના દ્વારે બેઠી ભરત ગૂંથતી નારી'નું તેમનું વૉટર-કલર (જળરંગી) ચિત્ર 'ઝૂંપડીની લક્ષ્મી' ગવર્નરનું રૂ. ૧૦૦-નું ઈનામ પામ્યું હતું. તે ચિત્ર ઘણે ભાગે વેચાઈ ગયું છે અને 'કુમાર'-માં તથા 'ગુજરાત કલાકલાપ'માં પૂર્ણરંગી બ્લૉકમાં છપાયું છે. આમ ગુજરાત કલાસંઘના એક તેજસ્વી તારક છગનલાલ ઉમર વધતાં ભીખુભાઇના જ સમયમાં છગનકાકાનું બિરુદ પામ્યા હતા.

હરિપુરા કૉંગ્રેસના કલાસુશોભનના કાર્ય માટે હું તથા કનુભાઈ વિદ્યાર્થી ચિત્રકારોનું જૂથ લઈને ગયા ત્યારે પાછળથી છગનલાલ જ્યોતિસંઘની વિદ્યાર્થિનીઓને લઈ આવેલા અને અમારી જોડેના જ વાંસઘરમાં એમને રાખી એ સર્વને અમારી સાથે કામે જોડયાં હતાં અને પોતે અમારી સાથે રહ્યા હતા. રાત્રે વાંસના પડદા પાછળ બંને સંઘ (કલાસંઘ અને જ્યોતિસંઘ)નાં વિદ્યાર્થીઓ બે બાજુથી અંતકડીની રમઝટ કરતાં અને એમ મૈત્રીનો આનંદ મેળવતાં.

અમદાવાદમાં ઘણાં વર્ષોથી ચાલતા 'ભારત કલામંડળ'ના મંત્રીપદે પણ છગનલાલ રહ્યા. ગુજરાતનું અલગ રાજ્ય થતાં તેમાં લલિત કળાના વિકાસ માટે અકાદમી સ્થપાઇ ત્યારે સરકારી નોકરો ઉપરાંત રાજ્યના સામાજિક વર્ગના ચિત્રકારો પણ લેવાયા, તેમાં મારી સાથે છગનલાલ, શાંતિલાલ શાહ, પ્રો. પનુભાઈ ભટ્ટ વગેરે હતા અને ઘણાં વર્ષ સાથે કામ કર્યું. તે વખતમાં શ્રી ઇન્દુમતીબેન અકાદમીનાં પ્રમુખ હતાં. યજ્ઞેશ શુક્લ સરકારી કલા-નિરીક્ષકની હેસિયતથી અકાદમીના મંત્રી હતા. તેમણે મુંબાઈના ધોરણે જે કામકાજ ચલાવ્યું એમાં હું ક્રાન્તિ ચાહતો હતો. તે ન બન્યું એટલે હું ઘણો વખત વિરક્ત રહ્યો, પણ પછી તેમના નિવૃત્ત થયા બાદ ભગવતી શાહ મંત્રી થયા. તેમને પ્રદર્શનો ને પરીક્ષાઓમાં સુધારા કરવા અનુભવીની જરૂર જણાતાં શ્રી હિતેન્દ્રભાઈ દેસાઈ જે હવે શિક્ષણમંત્રી તરીકે અકાદમીના પ્રમુખ હતા તેમણે મને બોલાવી ઉપ-અધ્યક્ષ ઠરાવ્યો. એમની પછીના શિક્ષણપ્રધાન ચિમનભાઈ પટેલે પણ પોતાની સાથે મને ઉપાધ્યક્ષ તરીકે ચાલુ રાખ્યો. પણ મારી પર રક્તચાપ (હાઈ બ્લડ પ્રેશર)નો હુમલો થતાં મેં એ સ્થાન છોડવાનું ઠરાવ્યું અને મારી જગ્યા પર છગનલાલ જાદવને ઉપાધ્યક્ષ નીમવાની દરખાસ્ત કરી હું મુક્ત થયો.

આજે છગનલાલ ચન્દ્રનગર સોસાએટીમાં પોતાનું મકાન બાંધ્યું છે તેમાં રહે છે. તેઓ શ્રી અરવિંદના પોંડીચેરી આશ્રમના શ્રદ્ધાળુ સભ્ય છે અને એકાકી જીવન ગુજારે છે. તેમણે ગાંધીજીના જીવનપ્રસંગોનાં અનેક ભાવદર્શી ચિત્રો કર્યાં છે અને અકાદમીના ઉપાધ્યક્ષ તરીકે ચાલુ છે. તેની વૃદ્ધાવસ્થા શિર પર સફેદ મુકુટની જેમ ફરફરે છે અને નવા ચિત્રકારોમાં છગનકાકાના વહાલસોયા નામથી આદરપાત્ર થયા છે.

કૈ. મહારાજા સયાજીરાવ ત્રીજા સ્મારક સંશોધન ઈનામી નિબંધ—૧૯૭૪-૭૫

કૈ. મહારાજા સયાજીરાવ સ્મારક સંશોધન સમિતિ તરફથી 'ગુજરાતમાં છેલ્લાં પચાસ વર્ષમાં થએલાં સામાજિક પરિવર્તનો' એ વિષય ઉપર યોજાએલી ઈનામી નિબંધ હરીફાઈમાં, ગુજરાત રાજ્યના બનાસકાંઠા, સાબરકાંઠા, મહેસાણા, અમરેલી, વડોદરા, અમદાવાદ, ખેડા, પંચમહાલ ભરૂચ, સુરત અને વલસાડ જિલ્લાનો કોઈ પણ વતની ભાગ લઈ શકશે. નિબંધ તા. ૩૦-૬-૧૯૭૫ સુધીમાં નીચેના સરનામે મોકલવો. શ્રેષ્ઠ નિબંધને રૂ. ૫૦૦નું ઈનામ આપવામાં આવશે. વધુ વિગત માટે લખો: કૈ. મહારાજા સયાજીરાવ ત્રીજા સ્મારક સંશોધન સમિતિ, પ્રાચ્ય વિદ્યામંદિર, શ્રીમતી હંસા મહેતા લાયબ્રેરી બિલ્ડિંગ, પો. બૉ. ૭૫, ટિળક રોડ, વડોદરા.

કેવળ કૉલેજિયનો જ નહિ, પણ સૌ સાહિત્યરસિક ઉત્સુક વાચકોને સુધ્ધાં આકર્ષી રહેલી ડૉ. **મધુસૂદન પારેખની** લેખમાળા

અંગ્રેજી સાહિત્યનું આચમન

ખંડ ૪થો : પ્રકરણ ૨જું : શેક્સપીઅરનાં ઐતિહાસિક નાટકો

હેન્રી પાંચમો

શેક્સપીઅરની ઐતિહાસિક નાટ્યશ્રેણિમાં છેલ્લું નાટક 'હેન્રી પાંચમો' (ઈ. ૧૫૯૮–૯૯) છે. તેમાં પણ તેણે 'હેન્રી ચોથો' નાટકની જેમ કાવ્ય ને હાસ્યનું મિશ્રણ સાધ્યું છે; છતાં આ નાટક એક નાનકડા સીમિત વર્તુલમાં સમાઈ રહ્યું છે. હેન્રી ચોથાનો પુત્ર હેન્રી પાંચમો અહીં વિજેતા રાજકુમાર તરીકે રજૂ થયો છે, પણ ડેવિડ ડેચિસ કહે છે તેમ એ 'કૉપીબુક મૉડેલ' બની ગયો છે. એ સુગ્રથિત નાટક છે. તેનો રસ ઘટનાઓમાં છે, પાત્રચિત્રણમાં નહિ. તેમાં કેટલીક વાક્છટા પ્રગટ કરનારી કવિતા છે એ તેનું એક આકર્ષણ છે. ઐતિહાસિક નાટકોમાં વિપુલ કાર્યભારવાળાં દૃશ્યો આવશ્યક હતાં. પણ ઈલિઝાબેથના જમાનાનાં થીએટરો એવી ઘટનાઓ તખ્તા પર રજૂ કરી શકાય તેવી સગવડવાળાં નહોતાં. પ્રેક્ષકોની કલ્પના પર ઘણી વસ્તુ છોડવી પડતી. શેક્સપીઅરને આ મુશ્કેલી બરાબર સમજાઈ. એણે એ મુશ્કેલીનો ઉકેલ 'હેન્રી પાંચમો' નાટકમાં કોરસ યોજીને આણ્યો છે. પણ આ નાટક પછી તેણે પોતાનું લક્ષ બાહ્ય સંઘર્ષોને બદલે મહાન પ્રતિભાસંપન્ન વ્યક્તિનાં ચિત્તને ચૂંથી નાખનારા આંતરિક સંઘર્ષ પર કેન્દ્રિત કર્યું.

કિંગ જ્હૉન

પણ એ વિગતમાં જતાં પહેલાં તેનાં અત્યાર સુધીનાં ઐતિહાસિક નાટકો કરતાં વિષય અને ઇતિહાસ-સમયની દૃષ્ટિએ જુદા તરી આવતા 'રાજા જ્હૉન' નાટકનો સહેજ પરિચય કરીએ. આ નાટક ઈ. ૧૫૯૬-૯૭માં રચાયું. તેનો સંબંધ વિદ્વાનોએ ઈ. ૧૫૯૧માં બે ભાગમાં રચાએલા 'ધ ટ્રબલસમ રેઈન ઑવ કિંગ જ્હૉન' સાથે જોયો છે. એ નાટકમાં જ્હૉનના સમગ્ર રાજતંત્રનો ચિતાર છે, અને જ્હૉનને પોપના સત્તાલોભ સામે અંગ્રેજી ધર્મોપદેશકોના પ્રણેતા તરીકે લેખકે નિહાળ્યો છે. સ્વાભાવિકરીતે એનો સૂર કૅથૉલિક વિરોધી છે. અહીં શેક્સપીઅરે આ સૂરને મંદ પાડી દીધો છે. તેણે જ્હૉનને 'ચૅમ્પીઅન' તરીકે ચીતર્યો નથી. આ નાટકમાં કુતૂહલપ્રેરક ઘટનાઓ છે. પણ રિચર્ડ બીજા કે ત્રીજાના પાત્રના ચિત્તની જે અવસ્થાઓ તેણે ચીતરી છે તે જ્હૉનના પાત્રમાં જોવા મળતી નથી. આ નાટક છેક આરંભકાળનું છે અને શેક્સપીઅરની પાત્રના માનસિક અને નૈતિક પ્રશ્નો નિરૂપવાની શક્તિ પ્રગટવી હજી બાકી છે.

પ્રાચીન ઇતિહાસ પર આધારિત નાટકો

શેક્સપીઅરે 'હેન્રી પાંચમો' નાટક રચ્યું ત્યાં સુધીમાં તેને એ પ્રકારનાં નાટકો તખ્તા ઉપર રજૂ કરવામાં નડતી મુશ્કેલીનો બરાબર અનુભવ થઈ ચૂક્યો હતો, એટલે તેણે એ પછી બાહ્ય સંઘર્ષ કરતાં આંતરિક સંઘર્ષ તરફ વળવામાં જ શ્રેય જોયું. આ દિશા તરફ ગતિ કરવામાં તેને ગ્રીસના 'પ્લૂટાર્કનાં જીવનચરિત્રો' (પ્લૂટાર્ક્સ લાઈવ્ઝ)ના વાચને પ્રેરણા આપી હોય એ સર્વથા સંભવિત છે. સર ટૉમસ નૉર્થે એ પુસ્તક અંગ્રેજીમાં સુલભ કરેલું હતું. શેક્સપીઅરને તેની સામગ્રી ખૂબ ખપ લાગી. પ્લૂટાર્કનો જીવંત રસ ઇતિહાસના બનાવો વર્ણવવામાં નહિ, પરંતુ ઇતિહાસને ઘડનારા મહાનુભાવોનાં ચિત્તના આંતરિક સંઘર્ષ નિરૂપવામાં હતો. તેણે એ મહાપુરુષોનાં અંગત ને જાહેર જીવન વચ્ચેની ખેંચતાણ, એમની નૈતિક સમસ્યાઓ વગેરેનું સુભગ ચિત્રણ કરેલું. શેક્સપીઅરને એમાં અંગ્રેજ ઇતિહાસકાર હૉલીનશેડના પુસ્તક કરતાં અતિ વિશેષ પ્રમાણમાં નાટ્યતત્ત્વવાળી સામગ્રીનું દર્શન થયું. બ્રૂટસ કે ઍન્ટની જેવાના આંતરિક ગજગ્રાહે શેક્સપીઅરને ટ્રૅજેડી માટે સમગ્ર માળખું પૂરું પાડ્યું. શેક્સપીઅરનાં પ્રાચીન ઇતિહાસ પર આધારિત એવાં નાટકોમાં મુખ્યત્વે 'જુલિયસ સીઝર', (Julius Caesar), 'ટ્રૉઈલસ અને ક્રેસિડા' (Troilus and Cressida), 'ઍન્ટની ને ક્લીઓપાટ્રા' (Antony and Cleopatra), 'ટાઈમન ઑવ એથેન્સ' (Timon of Athens) વગેરેનો સમાવેશ થાય છે.

જુલિયસ સીઝર

'જુલિયસ સીઝર' (૧૫૯૯–૧૬૦૦)માં યુગપ્રભાવક સીઝરના જીવનની કરુણ ઘટનાનું કલાત્મક આલેખન છે. એક રીતે જોતાં નાટકનું વસ્તુ વ્યક્તિગત—અંગત અને જાહેર સદ્ગુણ વચ્ચેનો સંબંધ પ્રગટ કરવાનું છે. એ બંને એક નથી; અને માનવતાવાદને વરી ચૂકેલો ભાવનાશાળી ઉત્તમ દેશભક્ત હોય જ એમ હમેશાં બનતું નથી. બ્રૂટસમાં ઉચ્ચ ભાવના છે, ઉદાર દૃષ્ટિબિંદુ છે અને છતાં તેનાં ઉચ્ચ વલણો તેણે અણકલ્પેલાં જીવલેણ પરિણામો લાવી મૂકે છે. એની અતિશય સજ્જનતા એના વિનાશનું કારણ બને છે. મનુષ્ય પોતાના ઉત્તમ ગુણોને કારણે પોતાનો વિનાશ નોતરે એ કરુણાંત નાટક માટે આકર્ષક વિષય છે. શેક્સપીઅરે 'હૅમ્લેટ', 'ઑથેલો' આદિ નાટકોમાં આ વિષયને ઉચિત ન્યાય આપ્યો છે.

'જુલિયસ સીઝર' રાજકારણને સ્પર્શતી ટ્રૅજેડી છે. સીઝર રોમન પ્રજાનો તારણહાર બને, અધિનાયક તરીકે સન્માન પામે, એને રાજમુગટ ધરવામાં આવે એ બધું કૅસિયસના ચિત્તમાં અજંપો અને ઈર્ષા જગાડે છે. કૅસિયસ એક રોમન સરદાર છે. તે બીજા એક પ્રતિષ્ઠિત સેનાનાયક ને સીઝરના પરમ મિત્ર બ્રૂટસને સાધે છે, ને પોતાની યોજનાનો શિકાર બનાવે છે. કૅસિયસની મુખ્ય દલીલ આ છે : સીઝર રાજા બને જ કેમ? ફરી પાછી રોમન પ્રજા રાજાશાહીના જુલમ તળે ચંપાશે? કૅસિયસ બ્રૂટસને યાદ આપે છે : તારા એક પૂર્વજે રોમની પ્રજાને રાજાશાહીમાંથી મુક્ત કરી હતી; હવે સીઝર રાજા બને એની વેદના તને નથી?

બ્રૂટસ સજ્જન છે, દેશભક્ત છે, પણ રાજકારણના પ્રપંચોથી અજાણ છે. કૅસિયસ સહેલાઈથી એનામાં પ્રજાના તારણહાર હોવાની પ્રતીતિ કરાવી શકે છે. પ્રજા રાજાશાહીનો શિકાર ન બને તે સારુ સીઝરની હત્યા કરવામાં તે સંમતિ આપે છે. એની નિર્દોષતા અને સજ્જનતા એવાં છે કે રાજકારણી પ્રપંચ તેને સમજાતો નથી; કૅસિયસની દુષ્ટ મુરાદ તે પામી શકતો નથી. એનામાં ઉચ્ચ દેશભક્તિની ભાવના છે. એ ભાવનાથી પ્રેરાઈને જ સીઝરની હત્યામાં તે ભાગ લે છે. બ્રૂટસ જેવા પરમ મિત્રને પોતાના પર ઘા કરતો જોઈ સીઝરનાં દુ:ખ ને આશ્ચર્યની સીમા રહેતી નથી. અરે, તું? તું પણ બ્રૂટસ?!' એવા કરુણ ઉદ્ગાર સાથે તે મૃત્યુ પામે છે.

પ્રજામાં ભારે સન્નાટો ફેલાઈ જાય છે ત્યારે બ્રૂટસ સાચા ભાવનાશાળી દેશભક્તની છટાથી પ્રભાવક વાણીમાં પ્રજાને પ્રતીતિ કરાવતાં કહે છે: 'સીઝર મારો પરમ મિત્ર હતો; છતાં, મારા પ્રિય પ્રજાજનો, મેં તેની હત્યા કરી છે, કારણ સીઝર કરતાં મને મારો દેશ વધુ પ્રિય હતો. સીઝર રાજા હોત તો રોમન પ્રજા ગુલામીમાં સબડતી હોત. સીઝરની જિંદગી કરતાં તમારી સ્વતંત્રતાનું મેં વધુ મૂલ્ય આંક્યું છે. તમને મેં રાજાશાહીમાંથી મુક્તિ અપાવી છે...' પ્રજા એની દલીલોથી મુગ્ધ બની ગઈ. એણે ઉમેર્યું: 'તમારી મુક્તિ મંજૂર ના હોય તો, મારી ગરદન ને તમારી તલવાર. બ્રૂટસ નત મસ્તકે તમારી સમક્ષ ઊભો છે.'

પ્રજાએ તેને જયનાદથી વધાવી લીધો. છતાં બ્રૂટસની પ્રામાણિકતા

અને ન્યાયપરાયણતા એવી છે કે તેણે સીઝરના પરમ મિત્ર માર્ક ઍન્ટનીને પ્રજા સમક્ષ ભાષણ કરવાની તક આપી. ઍન્ટની બ્રૂટસને સીઝરના પરમ મિત્ર તરીકે સારી રીતે જાણે છે, એના ઉચ્ચ ગુણો માટે તેને આદર છે, પણ સીઝરના હત્યારાઓ સામે તેનામાં રોષની લાગણી પ્રજ્જવળી ઊઠી છે. બ્રૂટસે વાક્છટાથી અને દલીલોથી પ્રજાને સીઝરની હત્યાના ન્યાયીપણાની પ્રતીતિ કરાવી દીધી અને બ્રૂટસ અધિનાયક તરીકે સ્થપાઈ ગયો એ પછી પ્રજા સમક્ષ સીઝરના આ હત્યારાઓને 'દોષિત ઠરાવવાનું, સીઝરની લોકપ્રિયતા, પ્રામાણિકતા અને ત્યાગવૃત્તિ પ્રજાના ચિત્તમાં ફરી ઠસાવવાનું કાર્ય અત્યંત કપરું હતું. પણ માર્ક ઍન્ટનીએ એ સાહસ સફળપણે ખેડ્યું : 'મારા વહાલા દેશબાંધવો ! હું સીઝરની પ્રશસ્તિ કરવા નથી આવ્યો, એની દફનક્રિયા માટે આવ્યો છું. સીઝરે જો સાચેસાચ સરમુખત્યાર થવાની ઈચ્છા રાખી હોય તો તેની હત્યા થવી જ ઘટે. રોમની સ્વાતંત્ર્યપ્રિય પ્રજા કોઈ પણ સરમુખત્યારને સાંખી શકે નહિ. પણ સીઝરે એવી મહત્ત્વાકાંક્ષા રાખી હતી ખરી ? બ્રૂટસ જેવા મહાનુભાવ અસત્ય તો ન જ બોલે ! પણ સીઝર પરદેશમાંથી કેદી પકડી લાવતો અને એમની મુક્તિ માટે મળતી રકમ રાજ્યની તિજોરીમાં જમા કરાવતો; પ્રજાનાં દુઃખ જોતાં જ તેની આંખ આંસુથી છલકાઈ જતી; પ્રજાએ તેની સમક્ષ ત્રણત્રણ વાર રાજમુગટ ધર્યો અને તેણે તેનો ધરાર ઈન્કાર કર્યો;—આમાં એની મહત્ત્વાકાંક્ષા તમને ક્યાંય જોવા મળે છે ? અને છતાં બ્રૂટસ કહે છે તે મહત્ત્વાકાંક્ષી હતો ! એનો પ્રતિવાદ હું કેમ કરું ? તમને સીઝર માટે પ્રેમ છે, માન છે. સીઝર તમારો હતો...' પ્રજાનું ચાંચલ્ય ફરી પ્રગટી નીકળ્યું. ઍન્ટનીએ કુશળતાથી તક ઝડપી લીધી : 'સીઝરનું વસિયતનામું વાંચી સંભળાવું ? નગરજનો ! આનંદો, એ પોતાની તમામ મિલકત રોમની પ્રજાને સોંપી ગયો છે...એ હતો તમારો પ્રિય સીઝર...અને એનું ખૂન...'ઍન્ટનીનું નિશાન બરાબર પાર પડ્યું. બ્રૂટસ અને કૅસિયસ નાસી છૂટ્યા. કૅસિયસને બ્રૂટસનો જ વાંક વસ્યો. એણે શા માટે લોક સમક્ષ ઍન્ટનીને બોલવાની તક આપી ? કૅસિયસ અને બ્રૂટસ બંનેએ આત્મહત્યા કરી. બ્રૂટસના મૃતદેહ સમક્ષ ઍન્ટનીએ તેને અંજલી આપી તે બ્રૂટસના પાત્રને બરાબર ન્યાય આપે છે :

'This was the noblest Roman of them all.'

શેક્સ્પીઅરની આ ટ્રૅજિક કૃતિનું વસ્તુ પાતળું છતાં સુગ્રથિત અને સાદું છે. એમાં કાર્યવેગ ઓછો છતાં બ્લૅન્કવર્સના આરોહઅવરોહ—તાનપલટા—ખાસ કરીને બ્રૂટસ ને ઍન્ટનીનાં વક્તવ્યોમાં—આકર્ષક છે. શેક્સ્પીઅરે પ્લૂટાર્કની પ્રેરણા ભલે આ નાટકમાં લીધી, છતાં અર્થઘટનો તેનાં પોતાનાં છે. નાટ્યસામગ્રી માટે તેણે સીઝર, બ્રૂટસ અને ઍન્ટનીનાં જુદાંજુદાં ચરિત્રોનો ઉપયોગ કર્યો છે અને ઇતિહાસતત્ત્વને બદલે રસતત્ત્વ ઉપર તેણે લક્ષ આપ્યું છે.

ઍન્ટની અને ક્લીઓપેટ્રા

શેક્સ્પીઅરની 'ઍન્ટની અને ક્લીઓપેટ્રા' (૧૬૦૭) વિશાળ પટ પર પથરાએલી, ઊર્મિકવિતાનું સૌંદર્ય દાખવતી કૃતિ છે. એની બાંધણી શિથિલ હોવા છતાં કાર્યોની પરંપરા, પ્રેમદૃશ્યોનાં ચિત્રણ, ઍન્ટનીના ચિત્તમાંની રોમ-વફાદારી અને ઇજિપ્તની પરી વચ્ચે જામતો સંઘર્ષ, ક્લીઓપેટ્રાના મૃત્યુનું ચિત્ર અને સમગ્ર કૃતિને સૌંદર્યથી મઢી દેતી લલિત ભાષા એ સર્વ આ ટ્રૅજેડીનાં આગવાં આકર્ષક લક્ષણો છે.

ક્લીઓપેટ્રાના પાત્રનિરૂપણમાં શેક્સ્પીઅરે એની સમગ્ર કલા ઠાલવી છે. ઇજિપ્તની એ રૂપરાણી ! એના એક ઈશારે વિશ્વ ડોલી જતું. એનાં ચરણમાં શાહેનશાહતો ઝૂકી જતી. રોમનો મહારથી ઇજિપ્તમાં એની આ પ્રેમિકાના સાન્નિધ્યમાં ચકચૂર બની બેઠો હોય ત્યારે રોમમાં યુદ્ધના ભણકારા કે પત્નીના અવસાનના સમાચાર પણ તેને ચાનક ચડાવી શકતા નહિ. 'રોમ ભલે નદીમાં ડૂબી જાય, સામ્રાજ્ય ભલે ખતમ થઈ જાય, મારું સ્થાન તો અહીં...જ ! સામ્રાજ્યો તો માટીનાં રમકડાં છે.'

Let Rome in Tiber melt and the wide arch
Of the rang'd empire fall ! Here is my space.
Kingdoms are clay...

ઇજિપ્તની રૂપસુંદરીનાં આવાં કામણ હોવા છતાં કોઈક ક્ષણે તેની રોમન વૃત્તિ ઝળકી ઊઠે છે અને એ વિચારે છે : ઇજિપ્તની આ રૂપવતી રમણીની બેડી નહિ તૂટે તો ? હું—

These strong Egyptian fetters I must break
Or lose my self in dotage.

ઍન્ટની રોમ ગયો. ત્યાં સીઝર અને બીજાઓ સાથે સલાહમંત્રણા થઈ, સીઝરની બહેનને તે પરણ્યો. તેને વળી પાછી રોમ મોકલી અને ઇજિપ્તની પરીના મોહપાશમાં ફરી તે નચિંતે બંધાઈ ગયો. સીઝરે બહેનનું વેર વાળવા ઍન્ટની સાથે યુદ્ધનો નિર્ણય કર્યો. ઍન્ટની–ક્લીઓપેટ્રા વચ્ચે શંકાની દીવાલ, એમની વચ્ચેનો સંઘર્ષ, એ બધાં દૃશ્યો શ્વાસ રોકી રાખે તેવાં આહ્‌લાદક છે.

અને અંતે ક્લીઓપેટ્રા પાસે બે જ વિકલ્પ રહે છે : રોમના સીઝરની ગુલામી કાં મોત. ક્લીઓપેટ્રા નાલેશી કરતાં મોત વધુ પસંદ કરે છે. ઍન્ટનીને મળવા અભિસારે નીકળતી હોય તેમ તેણે છેલ્લા શૃંગાર સજ્યા. માથે મુગટ ધારણ કર્યો. એના અંતરમાં અસંખ્ય તરંગ ઊછળતા હતા. એનો અંગત સેવક અંજીરની છાબ મૂકી ગયો. એમાં ઝેરી સર્પ હતા. ઍન્ટનીનું સ્મરણ કરતાં તેણે છાબમાંથી સર્પને બહાર કાઢ્યા, મોતની સાથે થોડી રમત, થોડાં લાડ અને એને બાથમાં લઈને ઇજિપ્તની સૌંદર્યરાણી શાશ્વત નિદ્રામાં પોઢી ગઈ.

ડેવિડ ડેચીઝ લખે છે : The sensual life ends in a blaze of ritual pageantry : it has its own amoral nobility.

(ચાલુ)

ચિંતામણિ પાર્શ્વનાથ

સૂરતનું સદીઓ જૂનું કાષ્ઠનું એક કલાખચિત જૈન મંદિર

સૂરતના ઇતિહાસે અનેક ચડતીપડતી જોઈ છે. અરબી સમુદ્રનો જહાજી વ્યવહાર મુંબઈ તરફ ઢળ્યો એ પહેલાં ભારતની પશ્ચિમ કંઠાર પર સદીઓ જૂના આ સૂરત બંદરની બોલબાલા હતી. દેશવિદેશની અનેક પ્રજાઓ અહીં વસી હતી, અને ભારતની લાક્ષણિક ધર્મસહિષ્ણુતાને કારણે દેશનાં અન્ય સ્થળોની પેઠે સૂરતમાં પણ વિધવિધ ધર્મસ્થાનકો સ્થપાયાં હતાં. જુદાજુદા પંથનાં ખ્રિસ્તી દેવળો, પારસી અગિયારીઓ, એક કાળે ગુજરાતભરમાં સુંદર ગણાતી નવ સયીદની મસ્જિદ, મિનારતો-વાળી સયીદ ઈદ્રુસની મસ્જિદ, ખુદાવંદખાને બંધાવેલી મિરજા સામીની શોભનખચિત મસ્જિદ, ગોસાળી મહારાજના મંદિર સાથે અનેક હિંદુ દેવસ્થાનો વગેરેમાં સૂરતનું પચરંગીપણું જોવા મળતું. આ જ રીતે અહીંના ધનસમૃદ્ધ જૈનોનાં મંદિરોમાં મોતીચંદ ઝવેરી તથા ઉસ્તાદનાં ગૃહમંદિરો, અઠવા લાઈન્સ અને માળી ફળિયાનાં આદીશ્વર ભગવાનનાં મંદિરો; સંભવનાથ, સૂરજમંડન પાર્શ્વનાથ, સહસ્રફણા પાર્શ્વનાથ, વાસુપૂજ્ય સ્વામી, સીમંધર સ્વામી, જગવલ્લભ પાર્શ્વનાથ, ગોડી પાર્શ્વનાથ, આગમ મંદિર, નંદીશ્વરદ્વીપનું ચંદ્રપ્રભુનું મંદિર વગેરે પણ વિખ્યાત છે. આમાં યે સૂરતના શાહપુર વિસ્તારમાં આવેલું ચિન્તામણિ પાર્શ્વનાથનું મંદિર એના શોભનખચિત કાષ્ઠશિલ્પ માટે સવિશેષ નોંધનીય છે. અહીં બે જુદીજુદી કલમો દ્વારા એ મંદિરનો પરિચય આપ્યો છે. —સં.



ચિંતામણિ પાર્શ્વનાથના મંદિરનું કાષ્ઠશિલ્પના શોભન-વૈવિધ્યથી ખચિત મુખ્ય ગર્ભગૃહ.

ભારતની પશ્ચિમકંઠાર પરના એક મહત્ત્વના ઐતિહાસિક બંદર તરીકે, જરીકસબ અને અન્ય કલાકૌશલ, સાહિત્યિક ને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, સમૃદ્ધ વ્યાપાર, આગવી રીતરસમો, ઔદ્યોગિક વિકાસ, લાક્ષણિક ભાષાવ્યવહાર, વિશિષ્ટ વાનગીઓ અને રંગીલાપણા માટે સૂરત ઘણું જાણીતું છે. વિધવિધ પ્રદેશમાંથી આવેલી અહીંની પ્રજામાં સદીઓથી જૈનોની સારી એવી સંખ્યા જળવાઈ રહી છે, અને એથી અહીંનાં સંખ્યાબંધ જૈન મંદિરો પણ પોતપોતાની વિશિષ્ટતાને કારણે આગવું સ્થાન ધરાવે છે. શિલ્પ-સ્થાપત્ય અને ચિત્રકળાની દૃષ્ટિએ આ દરેક મંદિર એકબીજાથી ભિન્ન એવું વિશિષ્ટ મહત્ત્વ ધરાવે છે. આ બધાંમાં અહીંના શાહપુર વિસ્તારમાં આવેલું ચિંતામણિ પાર્શ્વનાથનું મંદિર એમાંની કાષ્ઠકોતરણી માટે વિખ્યાત છે.


સોળમી સદી પહેલાં કતારગામ જવાના માર્ગ પર ચિંતામણિ પાર્શ્વનાથનું એક મંદિર હતું. કાળબળે એ મંદિર નષ્ટ થતાં શાહપુરમાં આ નવું મંદિર રચાયું. કહે છે કે અહીં રહેતા એક ગોરજીને સ્વપ્નામાં આ મંદિર રચવા માટે આદેશ થએલો. શ્રાવકોને તેમણે આ વાત જણાવી, પણ ખર્ચનો પ્રશ્ન ઉપસ્થિત થતાં ગોરજીએ એક કોથળી આપી સૂચવ્યું કે એને ઊંધી વાળીને ખાલી કર્યા વિના કાઢ્યા કરશો તો એમાંથી જોઈશે તેટલું નાણું મળી રહેશે. અને આમ નાણાંનો પ્રશ્ન ઊકલી જતાં આ મંદિરની રચના શક્ય બની.


પણ આજનું આ મંદિર પૂર્ણતઃ એના અસલ સ્વરૂપમાં નથી. મનાય છે કે અહીંથી નજીકની મિરઝા સામીની મસ્જિદમાં જે શોભનખચિત ભાગ છે તે મુસ્લિમ આક્રમણકારો તોડી પાડેલા આ મંદિરમાંથી ઉઠાવેલો છે. આવાં આક્રમણોથી રક્ષણ આપવા માટે જ કદાચ આ મંદિરનો બહારનો બધો ભાગ એક સામાન્ય મકાન જેવો બંધાએલો છે. સંભવ છે કે ઈંટચૂનાના ચણતરથી કરેલો આ ભાગ તેની અંદરના કાષ્ઠમંદિરના રક્ષણાર્થે પાછળથી પણ ઉમેરાયો હોય. આ ચણતર ને છાપરાથી રક્ષાએલું અંદરનું ઘુમટ સહિતનું પૂર્ણ મંદિર જોતાં આ તર્ક ખરો લાગે છે.

મંદિરનું ઉત્તરાભિમુખ મુખ્ય પ્રવેશદ્વાર પસાર કરી અંદરના બીજા એક દ્વારમાં થઈને સાંકડી નેળ જેવા માર્ગે પસાર કરી પશ્ચિમ દિશાના દ્વારમાંથી મંદિરના રંગમંડપમાં પ્રવેશ કરાય છે. અતિ ઝીણવટભર્યા શોભનોથી ખચિત ચાળીસ જેટલા કાષ્ઠસ્તંભોવાળા આ રંગમંડપમાં ઉપર મધ્યમાં બાર થાંભલીઓ પર આધારિત ઘુમટ છે. આ પ્રત્યેક સ્તંભ પર વાદ્યવાદકો, નૃત્યકારો, ચામરધારીઓ, છડીધરો, પુષ્પપાત્રો, ભક્તશ્રાવકો, મંગળ કળશ અને વિવિધ દેવસ્વરૂપો કોતરેલાં છે. ઘુંમટની થાંભલીઓ અને કેટલોક ભાગ પણ આ જ રીતે છેક નીચેથી ઉપર સુધી શોભનખચિત છે. રંગમંડપના સ્તંભો પરના ભારપટ્ટોમાં સતી સુભદ્રાના અસતીપણાનું કલંક દૂર થવાની કથા, શ્રીપાળ–મયણાસુંદરી ચરિત્ર, ઋષભદેવ ભગવાનના જીવનપ્રસંગો, દશાર્ણભદ્ર રાજાના અહંકારનું ખંડન, મેરુ પર્વત પર ભગવાનનો જન્માભિષેક, નેમિનાથજીના જીવનપ્રસંગો, સમવસરણ, વિવિધ દેવ-દેવીનાં સ્વરૂપો, ગાયક-વાદક અને નૃત્યકારમંડળો, દિગ્કુમારિકાઓ, પુષ્પવેલો વગેરેનું સુંદર ચિત્રાલેખન છે. મધ્યના ઘુંમટમાં પણ કેટલુંક શોભન-આલેખન કરેલું છે.

રંગમંડપની ઉત્તરે મુખ્ય ગર્ભગૃહ, ને તેની બાજુમાં બે બીજા ગભારા છે જેમાં પાષાણનાં પ્રતિમાજી મહારાજ અને અન્ય પરિવારની ધાતુપ્રતિમાઓ બિરાજે છે. રંગમંડપમાં પણ થોડાં વર્ષો પૂર્વે બે નવા ગોખ બનાવી તેમાં પૂર્વમાં પાર્શ્વનાથ ભગવાન અને પશ્ચિમમાં સીમંધર સ્વામીની પ્રતિમાઓ પધરાવી છે. ગર્ભગૃહોનાં દ્વારશાખ અને એની આસપાસની સમગ્ર જગ્યામાં અનેક સ્વરૂપોથી ખચિત એવું શોભન તથા તેમાં વચ્ચેવચ્ચે કેટલુંક સુંદર ચિત્રકામ છે.

ગર્ભગૃહોને ફરતી ભમતીમાં પણ શોભન-ખચિત દ્વારો ઉપરાંત નીચેથી છેક ઉપર સુધી સુંદર શોભનો કંડારેલાં છે અને તેની વચ્ચેવચ્ચે બંને બાજુ છ છ તથા ગર્ભગૃહની પાછળ બાર મળી કુલ ચોવીસ ગોખ





કોરેલા છે. એક પણ શોભન-સ્વરૂપ પુનરાવર્તન ન પામે એટલા વૈવિધ્ય ભરેલા આ કાષ્ઠકંડારણમાં જે કલાકૌશલ રજૂ થાય છે તે અદ્વિતીય છે.


આ ભમતી પર ઇંટચૂનાનું ધાબું છે અને સમગ્ર મંદિર બે-ઢાળિયા છાપરાથી ઢંકાએલું છે; જ્યારે ભોંય અને દીવાલો પર આરસ જડેલો છે. અંદરનું સમગ્ર મંદિર કાષ્ઠશિલ્પના એક ઉત્તમોત્તમ નમૂના રૂપ છે.

દર બેસતા મહિને અને પ્રત્યેક રવિવારે શ્રાવકો અહીં દર્શનાર્થે ઊમટે છે. વળી, અન્ય મંદિરો કરતાં આ મંદિર દર્શનપૂજનાર્થે વધુ સમય ખુલ્લું રહે છે.


પં. કંચનસાગર


ચિંતામણિ પાર્શ્વનાથના મંદિરના શોભનખચિત કાષ્ઠશિલ્પનો પરિચય

બંને પાનામાં ઉપર અનુક્રમે: (૧) મુખ્ય ગર્ભગૃહ અને તેની ડાબી બાજુના ગભારાની વચ્ચેના ગાળાની ભીંત પરનું કાષ્ઠ-શોભન. તેમાં નીચે ઊંટ સવાર, તેની ઉપરના લંબચોરસ ગાળામાં ઐરાવતનું ચિત્ર-કામ, તેની ઉપર હાથી અને ઘોડેસવાર, તે પછી નર્તકીઓનું આલેખન તથા ત્યાર બાદ સાધ્વી સહિત શ્રાવિકાઓ ચીતરેલી છે. છેક ઉપર શોભનખચિત ગોખ છે. આવું જ શોભન અને ચિત્રકામ જમણી બાજુ પણ છે, પણ તેમાં સ્ત્રી રૂપનાં સ્થાને પુરુષ રૂપ આલેખ્યાં છે. (૨) એ પછી બંને બાજુ બે ગભારા છે તેમાંનો ડાબી તરફનો ગભારો. અને ભરચક કાષ્ઠશોભનયુક્ત તેની દ્વારશાખ બીજા ચિત્રમાં જોવા મળે છે. (૩) ભમતીનું પ્રવેશદ્વાર. કાષ્ઠકોતરણીની સમૃદ્ધિ ઉપરાંત તેની બાજુની ભીંત પર ઉપરના ગાળામાં 'અષ્ટપદ તીર્થ' અને નીચે 'ઈન્દ્ર'નું આલેખન છે. (૪) ભમતીની અંદર પૂર્વપશ્ચિમ છ છ અને ગર્ભગૃહની પાછળ બાર મળી કુલ ચોવીસ ગોખ પણ કાષ્ઠકોતરણીનાં શોભનોથી ભરપૂર છે, ભમતીની










છત અગાઉ કાષ્ઠની જ હશે પણ કાળાંતરે એ નષ્ટ થતાં હવે ધાબું ભરી લીધું છે. એમાં એક ગાળામાં ૯૬ દિક્‌કુમારિકાઓ અને ૪૦ દેવસ્વરૂપોનું આલેખન છે. અગાઉ સમગ્ર છત આ રીતે ચિત્રોથી આભુષિત હશે.



રંગમંડપમાં ભારવટ ઉપરના ચિત્રશિલ્પોમાંનું એક પાત્ર–મંજીરાવાદક (રેખાંકન : વાસુદેવ સ્માર્ત)

નીચે: સામેના પાનાથી અનુક્રમે : (૧) રંગમંડપનો એક શોભન–ભરપૂર કાષ્ઠસ્તંભ. રંગમંડપમાં કુલ આવા ચાળીસ સ્તંભો છે, વિવિધ વાદ્ય-વાદકો, નૃત્યકારો, પરિચારકો, ભક્તો અને પુષ્પશોભનોથી એ અલંકૃત છે. (૨) આરસ જડિત ભોંય અને શોભનખચિત સ્તંભો સાથેના રંગ-મંડપનું દક્ષિણ બાજુથી દર્શન. સામે ઉત્તરમાં મુખ્ય ગર્ભગૃહ દેખાય છે. (૩) આ રંગમંડપની મધ્યમાં કાષ્ઠનો શોભનયુક્ત ઘુમ્મટ. અને (૪) એ ઘુમ્મટની અંદરની બાજુ પરની કાષ્ઠકોતરણી તથા તેની સાથેનું ચિત્રકામ. આ ઘુમ્મટ સહિત સમગ્ર મંદિર કાષ્ઠકોતરણીનું એક અતિ ઉત્તમ ઉદાહરણ છે. પતરાંના છાપરા અને પાકા ચણતરથી ઢંકાએલું હોઇ અંદર પ્રવેશ્યા વિના એના કલાકૌશલનો જરા પણ અણસાર બહારથી મળતો નથી.








ભારતમાં અનેક ધર્મો પ્રકટ્યા અને વિકસ્યા છે. અને એ દરેક ધર્મેએ પોતાનું આગવું સ્થાન જાળવી રાખવા સાથે ભારતીયતામાં ભળી જઈને દેશની સંસ્કૃતિને સમૃદ્ધ બનાવી છે. ભારતના કલાવિકાસમાં પણ એનો ફાળો છે. ભારતીય ચિત્રકળાના ઇતિહાસમાં અજંતાની કળા પછી એનું અનુસંધાન જૈન ચિત્રકળામાં જ મળે છે. જૈનાશ્રયે પાંગરેલી આ કળાશૈલી જૈન કળા નામે ઓળખાય છે. એક મત એવો પણ છે કે સમગ્ર ભારતમાં સ્થળભેદે થોડા ફેરફારો સાથે જે લોકકળા વિદ્યમાન હતી એનું આ પશ્ચિમ ભારતીય સ્વરૂપ છે. અજંતાની વિકસિત કલાસમૃદ્ધિ પછી એની ઉચ્ચ કલા ક્યાંયે જોવા મળતી નહોતી. પણ પછી જૈન કલા-સમૃદ્ધિ પ્રકાશમાં આવી. અજંતાની કલાશૈલીના અપભ્રંશ સ્વરૂપ તરીકે પણ એ ઓળખાઈ. પશ્ચિમ ભારતમાં ને ખાસ કરીને ગુજરાત-રાજસ્થાન-માં એનો સવિશેષ પ્રભાવ જોવા મળ્યો. આ પ્રદેશોમાં વસતા આગવા સંસ્કારથી સમૃદ્ધ અને ધનાઢ્ય જૈનોના આશ્રયે એનો અહીંનો વિકાસ અને પ્રસાર સ્વાભાવિક છે. અનેક જૈન ગ્રંથોમાં ચિત્રકળા અને લેખન માટેનાં સાધનો રંગ અને શાહી વગેરે બનાવવાની આગવી રીતો પણ જોવા મળે છે. પથ્થરમાં આરસ અને રંગોમાં સુવર્ણનો બહોળો ઉપયોગ એ એની આલેખનશૈલી ઉપરાંતની બે બીજી લાક્ષણિકતા છે. હસ્ત-લિખિત જૈનગ્રંથો અને જૈન ધર્મસ્થાનોમાં આ કળાના મબલખ નમૂના આજે યે પ્રાપ્ત છે; તો બીજી બાજુ ધર્મભાવના અને ધનસંપત્તિથી પ્રેરાઇને મરામત માગતાં દેવસ્થાનોના પાછળથી થએલા ઉદ્ધાર-પ્રયાસો-માં કેટલીક કલાસમૃદ્ધિ નાશ પણ પામી છે. તેમ છતાં યે આવા પ્રયત્નોને કારણે હજી જે ઘણું સચવાઈ રહ્યું છે, તેમાં કેટલાંક જૈન મંદિરોનો પણ સમાવેશ છે. સૂરતનું ચિંતામણિ પાર્શ્વનાથનું મંદિર આવું એક સુંદર દેવ-સ્થાન છે. એનું કાષ્ઠશિલ્પ સદીઓ પહેલાંની આ કળાની શક્તિનું દ્યોતક છે.







સૂરતના ચિંતામણિ પાર્શ્વનાથના મંદિરનું મુખ્ય મહત્ત્વ અને આકર્ષણ તો ત્યાંનાં વૈવિધ્યપ્રચુર ભરચક શોભનની કાષ્ઠ-કોતરણીનું છે, પણ તેના રંગમંડપના ભારપટ્ટો પરનું પ્રાચીન ચિત્રકામ પણ નોંધનીય છે જ. એમાં શ્રીપાળ-મયણાસુંદરીનું જીવનચરિત્ર, સતી સુભદ્રાની કથા, મેરુ પર્વત પર ભગવાનનો જન્માભિષેક, સમવસરણ વગેરે કથાપ્રસંગો સાથે વાદકો, નર્તકો, ભાવિકો, વિવિધ પશુપક્ષીઓ, દિગ્કુમારિકાઓ, દેવ-સ્વરૂપો ઈત્યાદિનું જે સુંદર લાક્ષણિક ચીતરામણ છે તેના કેટલાક અંશની શ્રી વાસુદેવ સ્માર્તે ઉતારેલી નકલો અહીં આપી છે.

લાધાશાહે સં. ૧૭૯૩માં રચેલી તીર્થમાલા 'સૂરત ચૈત્યપરિપાટી'માં નોંધ્યા પ્રમાણે એ સમયમાં સૂરતમાં ૧૦ મોટાં દહેરાં, ૨૩૫ ઘર-દેરાસરો અને ૩,૯૭૨ જિનબિંબો હતાં. આ જ રીતે સં. ૧૬૮૯માં ઉપાધ્યાય વિનયવિજયજીએ લખેલી 'સૂર્યપુર ચૈત્યપરિપાટી'ની ૧૪ કડીની રચના-માં સૂરત ઉપરાંત રાંદેર, વલસાડ, ગણદેવી, નવસારી વગેરે સ્થળોનાં દેરાસરોના ઉલ્લેખ પછી છેલ્લે ચિંતામણિ પાર્શ્વનાથના મંદિરને યાદ કર્યું છે. જૈન મેઘદૂતમાં પણ આ મંદિરની પ્રશંસા છે.

સૂરતના આ ચિંતામણિ પાર્શ્વનાથના મંદિરમાં મનોહર પ્રગટ પ્ર-ભાવી પ્રતિમા ઉપરાંત, મૂળ ગર્ભદ્વારની બારશાખો અને ભમતીમાંનાં નાનાં દેરાસરો તથા મંદિરના સ્તંભો પર અતીવ સુંદર કાષ્ઠ-કોતરણીનું ભરચક શોભન તેમજ કેટલાંક સુંદર ચિત્રો હજી પણ જળવાએલાં છે.

મુસ્લિમ આક્રમણોના સમયમાં આ મંદિરને પણ વેઠવું પડ્યું હશે. કહે છે કે નજીકની મિરઝા સામીની મસ્જિદમાં જે શોભનખચિત કામ છે તે અસલ તો આ મંદિરના તોડી પાડેલા ભાગમાંથી જ ઊભું કરેલું છે.

એ પછી આ મંદિરનો પુનરુદ્ધાર ક્યારે થયો એ નિશ્ચિત જણાતું નથી, પણ મિરઝા સામીની મસ્જિદ ઈ. ૧૫૪૦માં બંધાએલી હોઈ એ પછી આ મંદિરનો ઉદ્ધાર થયો હશે અને એ મસ્જિદ બંધાયા અગાઉ આ મંદિરે એનો ઉત્તમ કાળ જોયો હશે. ગમેતેમ, પણ આજે યે અહીં જળવા-એલાં કેટલાંક ચિત્રો ઘણાં સુંદર છે. એમાંનો કેટલોક ભાગ નાશ પણ પામ્યો છે, પણ જે કંઈ બચ્યું છે તેમાં જિનેશ્વરોના જન્મોત્સવો, દીક્ષા-પ્રસંગો, નેમિનાથજીનો લગ્ન-પ્રસંગ, સમવસરણ, તીર્થરાજ શત્રુંજય અને અનેક દેવદેવીઓનું આલેખન હજી યે ઓળખી શકાય તેની હાલતમાં છે.

વાસુદેવ સ્માર્ત



તબલાવાદક

◁ સમવસરણ ▽



કલાવાર્તા

જન્નતનશીન કલાકાર
અબ્દુર્રહેમાન ચુઘતાઈ

મુઘલ સલ્તનત દરમિયાન હિંદુસ્તાનમાં સંગીત અને ચિત્રકળાએ પ્રજાની લાગણીઓ તથા અંતરની અનુભૂતિઓમાં જે ઐક્ય અને ઐશ્વર્ય સ્થાપ્યાં એ આ દેશના સાંસ્કૃતિક ઇતિહાસનો એક અદ્ભુત બનાવ છે. એની અસર અને પરંપરાએ ભારતની પ્રજામાં જે જાતિગત સ્વભાવ અને લાક્ષણિક એકતા પેદા કરી છે તે સદીઓની ઊથલપાથલોથી પણ દૂર થઈ શકી નથી. આના પીઠબળ પર જ શ્રી અવનીન્દ્રનાથ ઠાકુરે પોતાની કલાભાવના વિકસાવી હતી. પરદેશી સત્તાએ યુરોપી કળાનાં જે બીજ અહીં રોપ્યાં તે દોઢ સદીની તાલીમો છતાં યે અહીં ફોળ્યાં નહિ, અને એ જોઇને અવનીબાબુએ સૈકાઓથી પાંગરતી રહેલી એતદ્દેશીય કળાની વાડીને ફરી ચેતનવંતી કરી. કલકત્તાની સરકારી કલાશાળાના આચાર્ય મિ. હૅવેલ આ અભિનવ જાગ્રતિના કર્ણધાર થયા અને વિદ્વાનો તથા સત્તાધારીઓના વિરોધ છતાં પોતાની કલાશાળામાં એની પ્રતિષ્ઠા કરી અને જાતે તેના પ્રચારક પણ બન્યા. ત્યાંના પ્રથમ જૂથના દીક્ષિત વિદ્યાર્થીઓમાં બંગાળના નંદલાલ બસુ તેમજ દક્ષિણના જી. વ્યંકટપ્પા જેમ પોતપોતાના પ્રાંતનું ગૌરવ બની રહ્યા તેમ પંજાબના અબ્દુર્રહમાન ચુઘતાઇએ પણ આગવી પ્રતિભા વિકસાવીને આંતરરાષ્ટ્રીય પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી હતી. એ ખ્યાતનામ કલાકારનું લાહોર (પાકિસ્તાન)માં રાવી રોડ પર પીર મખી નજીકના એમના નિવાસસ્થાને ગયા જાન્યુઆરીની ૧૭મી તારીખે ૭૫ વર્ષની વયે અવસાન થયું.

મુઘલકાલીન દિલ્હી અને આગરાનાં સ્થાપત્યરત્નો સરજનારા સ્થપતિઓમાં જેમની



ગાલિબ અને ઈકબાલના ચાહક અને એ બંને કવિઓની રચનાઓ પર સંખ્યાબંધ અને કાવ્યમય ચિત્રોના સર્જક અબ્દુર્રહમાન ચુઘતાઈ



ગણના થાય છે એ ઉસ્તાદ અહમદના તેઓ વંશજ હતા. એમના વડદાદા બાબા સાલેહ સ્થપતિ હતા. કલકત્તામાં અવનીન્દ્રનાથ પાસે કલાભ્યાસ પૂરો કરી એમણે લાહોરમાં વસીને ત્યાંની મેયો સ્કૂલ ઑવ આર્ટ્સમાં લગભગ દોઢ દાયકા સુધી કલાશિક્ષણ આપ્યું. પણ સરકારી તંત્રમાં પોતાનો કલાવિકાસ રૂંધાતો જોઈ એમણે એ ત્યજીને આગવી કલાસાધના આદરી અને એક નવી જ નિજી કલારીતિ વિકસાવી. અકબરી યુગની યાદ આપતાં એમનાં ચિત્રોમાં ઈરાનના ગુલિસ્તાં, સ્વપ્નપરી જેવી સુંદરીઓ, ફિલસૂફીના ડહાપણની કરચલીઓવાળા શાયરો, ગુલ ને બુલબુલ કે લયલા-મજનુ સમાં પ્રેમીઓ છતાં એમની ચિત્રશૈલી નરી મુઘલ કે ઈરાની નથી. એના પર આજના યુગનો અને આગવી તાલીમનો ઓપ પણ છે. મુઘલ કાળમાં જે કાર્ય રાજ્યાશ્રયથી થયું તે ચુઘતાઈએ એકલે હાથે સિદ્ધ કરી બતાવ્યું.

તાદશ રજૂઆતથી અલગ એવી શૈલીનાં એમનાં ચિત્રો ધમાલિયા જીવનથી દૂર એક શાંતસ્વસ્થ સૃષ્ટિમાં ખેંચી જઇને કલ્પનાભોમની સૃષ્ટિનું સૌંદર્યદર્શન કરાવે છે. મધુર સ્વરલહરીઓ સમી એમની રેખાઓમાં અને રંગબિછાતમાં નરી શુચિતા ને સરળતા હમેશાં પ્રધાન રહી છે. વાદળાં વિનાના સમયસમયના ઘેરા ગગનપટની પશ્ચાદ્ભૂ પર લળી રહેલું એકાદ વૃક્ષ, નાજુક વળાંક લેતી વેલ કે શોભનમંડિત ભીંત યા ગુંબજ ચિત્રનું કંઈ ને કંઈ રહસ્ય વ્યક્ત કરે છે. વિસ્તારવતી રંગસીમાઓ વચ્ચે સુરેખપણે ચીતરેલા વૃક્ષ નીચે બેઠેલો કોઈ



છે તેમ વૃક્ષની ઘટા, હિલોળા લેતો વગડાઉ છોડ, અગ્રભાગમાંનો એકમાત્ર ફૂલછોડ અને સુરાપાત્ર લઈ શોભિતાં વસ્ત્રોમાં સજ્જ ઊભેલી નવયૌવના આ વેરાન ભૂમિમાં વસંતની તાજગી આરોપે છે. ઊભેલી સ્ત્રી અને દૂર બેઠેલાં પાત્રોના કદ વડે કલાકારે ચિત્રમાં ઊંડાણ વ્યક્ત કર્યું છે. જમેલો છતાં એ દૂરનાં ચારે ય પાત્રોના આલેખનનો ભાર ચિત્ર પર પડતો નથી તેમાં, તથા ભાવને અનુરૂપ જ નહિ પણ તેમાં વધુ બળ પૂરતા ચિત્રાલેખનમાં કલાકારની શક્તિ જણાઈ રહે છે. વર્ષો પહેલાં બંગાળ-થી આરંભાએલા હિંદી ચિત્રકળાના નવા વળાંકની ઈશારત ચુઘતાઈના આ ચિત્રમાં જોવા મળે છે.
જમણી બાજુ ઉપર તથા નીચે : ગાલિબનાં કાવ્યો પર રચાએલાં બે પાત્રાલેખનો. ▽



ાસીન શાયર, મહાલયના અંધાર ખૂણે અટૂલી પડેલી સ્ત્રી, ઈલ્મના રથી ગંભીર બનેલા ચહેરાવાળા જ્ઞાનવૃદ્ધ ઉસ્તાદ કે તરુણ શાહ-ઠાને રજૂ કરતાં એમનાં ચિત્રો જોયા વિના એમની ખૂબી સમજાય હે. એમની રેખાઓનાં વહન, વેગ ને નિર્મળતા અદ્વિતીય જ રહ્યાં છે. બહુ જ ચોક્કસ, સ્વચ્છ અને માધુર્યભરી રંગશુદ્ધિ દ્વારા તેઓ વોનું સુંદર સ્પષ્ટ નિરૂપણ કરી શકતા હતા. ન સમજાય એવી કોઈ કૃતિ કે વિકૃતિ એમનાં ચિત્રોમાં જોવા નહિ જ મળે. એમની ામાં એમની કલમનો ચમત્કાર છે. એ મૃદુ કરાંગુલિઓ, હવામાં તાં ઝુલ્ફાં કે પવનમાં લહેરાતી વસ્ત્રાળો બધાં પૂર્ણ લક્ષણયુક્ત



▽ પ્વાહિશ અને તાકાત. ઈ. ૧૯૭૨ના જુલાઈ-માં બહાર પડેલી પાકિસ્તાનની એક ખાસ ટિકિટ પરની ચુઘતાઈની એક ચિત્રકૃતિ.

હોય છે. વસ્ત્રનું એક પણ છાયું કે વસ્તુની નાની પણ વિગત અછડતી રીતે દોરેલી કે અ-વ્યક્ત નથી હોતી. સમગ્ર ચિત્ર પર એ રેખા-ઓનું સામર્થ્ય જોવા મળે છે. ચિત્રયોજનાની એમની રીત સાદામાં સાદી છતાં સંપૂર્ણતા પામેલી હોય છે અને આખા ચિત્ર પર સૌંદર્યનો વ્યાપ તરી આવે છે. એમનું દરેક ચિત્ર સુરુચિ-પૂર્વક કલ્પનાને અલંકૃત કરે. સાધારણ આકાર-આકૃતિઓ પણ એમનાં ચિત્રોમાં નવી વિશેષ-તાથી જોવા મળે છે. પ્રાચીન ઈરાની કે મુઘલ ચિત્રો સમાં મધુર એ ચિત્રોમાં પર્સ્પેક્ટિવનો ઘટતો ને શોભતો પ્રયોગ આધુનિકતા ઉમેરે છે. હળવી મધુર રંગબિછાત તથા સુંદરતાના આલાપ જેવી અસ્ખલિત વહેતી એમની રેખા એમની ચિત્રકલાનું પ્રધાન લક્ષણ બની રહે છે. પોતાની મુલાયમ રેખાને વધુ કસોટી આપવા એમણે એચિંગનો કસબ પણ સિદ્ધ કર્યો હતો.

છેક ઈ. ૧૯૧૯થી આરંભાએલાં એમનાં ચિ-ત્રસર્જનો દેશવિદેશના ખ્યાતનામ કલાસંગ્ર-હોમાં સ્થાન પામ્યાં છે. મિરઝા ગાલિબના કવન પર કરેલાં ચિત્રો દ્વારા ઈ. ૧૯૨૮માં એમને આંતરરાષ્ટ્રીય ખ્યાતિ મળી હતી. અલ્લામા કવિ ઈકબાલ એમનાં આ ચિત્રો પર અત્યંત મુગ્ધ હતા. બંને વચ્ચે ગાઢ મૈત્રી હતી. ઈ. ૧૯૩૨માં ચુઘતાઈ એમની સાથે બે વર્ષ લંડનમાં પણ રહી આવેલા. એ કવિનો કાવ્ય-સંગ્રહ ઈ. ૧૯૬૮માં પ્રકટ થયો ત્યારે તેમાં એમનાં ચાળીસ જેટલાં રંગીન ચિત્રો ઉપરાંત ૨૪ એકરંગી ચિત્રો ને એચિંગ પણ હતાં. પૂરાં પચ્ચીસ વર્ષ ચુઘતાઈએ એ ચિત્રો પાછળ ગાળ્યાં હતાં. એ જ વર્ષે 'અમલે ચુઘતાઈ' નામક ગ્રંથ પણ પ્રકટ થયો ને એમાંનાં ચિત્રોની મૂળ કૃતિઓ પણ લાહોરમાં પ્રદર્શિત થઈ હતી. ચુઘતાઈની ઈચ્છા તો આ ચિત્રોને મધ્યપૂર્વના ઈસ્લામી દેશોમાં પણ પ્રદર્શિત કરવાની હતી, પણ એ બની શકયું નહિ. 'અમલે ચુઘતાઈ'ના અનુસંધાને તેઓ હજી પણ નવાં ચિત્રસર્જનો કરી રહ્યા હતા જે પૂર્ણ થતાં પહેલાં તો એમણે વિદાય લીધી. પાછલાં વર્ષોમાં તેઓ ઉમર ખય્યામની રુબાયાતને ચિત્રિત કરી રહ્યા હતા, જે એમણે તાજેતરમાં જ પૂરાં કરેલાં. જે ગ્રંથમાં એ પ્રકટ થનાર છે એ ગ્રંથ એમણે ઈરાન-ના શાહને અર્પણ કર્યો છે. આ માસમાં એમની આ છેલ્લી ચિત્રકૃતિઓ ઈસ્લામાબાદમાં પ્ર-દર્શિત પણ થવાની હતી.

'મુરક્કા-એ-ચુઘતાઈ', 'નક્શે ચુઘતાઈ', 'ચુઘતાઈઝ પેઈન્ટિંગ્સ', 'ચુઘતાઇઝ ઈન્ડિયન પેઈન્ટિંગ્સ' અને 'અમલે ચુઘતાઈ' ઉપરાંત તાજેતરમાં પૂરા થએલા ઉમર ખય્યામના ગ્રંથ અને 'કાર-એ-ચુઘતાઈ'માં એમનાં ચિત્રો સં-ગૃહીત હોવા સાથે લંડનની રૉયલ ઍકેડેમીમાં અને બર્લિન, પારી(સ), ઈટાલી અને અમેરિ-કામાં તથા ભારત-પાકિસ્તાનનાં લગભગ બધાં મુખ્ય શહેરોના ચિત્રસંગ્રહોમાં એમનીકૃતિઓ પ્રદર્શિત થએલી છે. એમની કેટલીક રચનાઓ સંયુક્ત રાષ્ટ્રસંઘ તથા હાગના 'પીસ પૅલેસ'ને પણ શોભાવે છે.

બ્રિટિશ સરકારે ઈ. ૧૯૩૪માં એમને 'ખાન બહાદુર'ના ખિતાબથી અને પાકિસ્તાન સર-કારે ઈ. ૧૯૬૦માં એમને 'હિલાલે ઈમ્તિઆઝ' ને તે પછી રાષ્ટ્રપ્રમુખના પદકથી નવાજ્યા હતા. સ્વભાવે તેઓ એકાંતપ્રિય અને કંઈક શરમાળ હતા. પણ મિત્રવર્તુળમાં તેઓ પ્રેમાળ અને ઉદાર હતા. પોતાના અનેક સાહિત્યકાર મિત્રો-ને એમનાં પુસ્તકો માટે એમને પ્રેમભાવે ચિત્રો કરી આપેલાં.

ઈસ્લામી છાંટવાળી એમની રંગમધુર ચિ-ત્રશૈલીનો દાયકાઓથી ભારત-પાકિસ્તાનમાં આગવો પ્રભાવ રહ્યો છે. કલાની સૃષ્ટિમાં કોઈ કોમી ભેદ નથી. સંગીત ને પ્રેમના સ્વરો પાછળ રંગના ઉપાસકોએ પણ પોતાનાં મમત્વ ને દંભ છોડી દીધાં છે. ચુઘતાઈની કલમમાંથી રાધા-કૃષ્ણની વહાલભરી રેખાઓ નીતરતી પણ જોવા મળે છે.

મુખ્યત્વે ચુઘતાઈએ જલરંગમાં જ કામ કર્યું છે. પણ એમનાં એચિંગ પણ એટલાં જ સુંદર છે. નરી વાસ્તવિકતાથી અમર અને કાવ્યમય કલ્પનાઓથી સભર એમની ચિત્રશૈલી તદ્દન નિજી હતી. એમનાં બધાં જ ચિત્રો રંગરેખા-માં રચેલાં કાવ્ય સમાં છે.

કલાસૌંદર્યના તેઓ ઊંડા ચાહક હતા. મુઘલ અને કાંગડા કલમનાં સુંદર ચિત્રો ઉપરાંત ઈ-રાનનાં પણ અનેક દુર્લભ લઘુચિત્રો તથા છેક ચૌદમી સદીથી માંડી પાછલા સમયના સંખ્યા-બંધ હસ્તલિખિત ગ્રંથો તેમજ ઈસ્લામી લિપિલેખનના ઉત્તમ નમૂનાઓનો એક મોટો સંગ્રહ તેઓ મૂકતા ગયા છે.

નવા કલાકારો પ્રત્યે પણ એમને ઘણો ભાવ હતો. પાકિસ્તાન આર્ટ કાઉન્સિલ(લાહોર)જેવી એ દેશની પ્રથમ સાંસ્કૃતિક સંસ્થાના તેઓ એક આદ્ય સ્થાપક હતા. છેક જનસામાન્ય સુધી પહોંચી શકેલી એક આગવી કલાશૈલીના એ ઉસ્તાદના જવાથી આ ઉપખંડમાં વિકસેલી કળાનો એક તબક્કો અને કળાના ઇતિહાસનું એક પ્રકરણ જાણે પૂરું થયું. દેશના ભાગલા પછીની એમની સંખ્યાબંધ સુંદર ચિત્રકૃતિઓ જોવાના લાભથી આપણે ભલે વંચિત રહ્યા પણ એ પૂર્વેની દાયકાઓ સુધીની એમની કલાસેવા અને એમની અનોખી દેણગીને ભારત કેમ ભૂલી શકે?

(સંકલિત)

ટિકિટ-સંગ્રહ

'ગુજપેક્સ-૭૫'

'ગુજપેક્સ-૭૩' પછી આ વર્ષે ૭,૮ અને ૯મી માર્ચે અમદાવાદમાં રાજ્યકક્ષાએ 'ગુજપેક્સ-૭૫' ટિકિટ-પ્રદર્શન યોજાયું. છેલ્લાં બે વર્ષ દર-મિયાન આ વ્યાસંગની વધેલી લોકપ્રિયતા તથા એના વ્યાપ અને વિકાસ માટે અમદાવાદના 'ફિલાટેલિક એસોસીએશન' જેવાં મંડળો અને રાજ્યના પોસ્ટ ખાતાના પ્રયત્નોનું સુફળ આ પ્રદર્શનમાં પ્રકટ થયું. વિવિધ દૃષ્ટિએ કરાએલા ટિકિટસંગ્રહની સુંદર રજૂઆત સાથે પોસ્ટલ સ્ટેશનરીનો સંગ્રહ પણ પ્રેક્ષણીય હતો. બાલ સંગ્રાહકોની વિસ્તૃત રજૂઆતમાં આ શૉખનો વ્યાપ સ્પષ્ટ થયો. પ્રદર્શનની ત્રણે તારીખોની રદ્દીકરણની ખાસ છાપ તથા કેટલાક માહિતી-પ્રદ લેખો સાથેનું સુવેનીર આ પ્રદર્શનની યાદગીરી રૂપે સંગ્રહણીય બની રહ્યાં. ઉત્તમ રજૂઆત માટે સુવર્ણ-ઢોળવાળા, રૌપ્ય તથા કાંસ્ય ચંદ્રકો ઉપરાંત કેટલાંક રોકડ તેમજ અન્ય પારિતોષિકો પણ અપાયાં.





ગયા ફેબ્રુઆરી માસમાં ભારતની બે ખાસ ટપાલ-ટિકિટો બહાર પડી. પહેલી ટિકિટ કલ-કત્તામાં યોજાએલી ટેબલ-ટેનિસની વિશ્વ ચૅ-મ્પીઅનશિપ સ્પર્ધા નિમિત્તની છે. દર બે વર્ષે જુદા જુદા દેશોમાં આ સ્પર્ધા યોજાય છે. ભારતમાં પહેલીવાર ઈ. ૧૯૫૨માં એ મુંબાઈ-માં યોજાઈ હતી. ત્યાર બાદ ૨૩ વર્ષે ફરી આપણે આંગણે આ પ્રસંગ આવ્યો અને એમાં ૬૨ દેશે ભાગ લીધો. બીજી 'આંતર-રાષ્ટ્રીય મહિલા વર્ષ' નિમિત્તની છે. ૧૯મી ફેબ્રુઆરીએ બહાર પડેલી છે. એનાં ડિઝાઈન અમદાવાદનાં કુ. શ્યામા સારાભાઈનાં કરેલાં છે.

ઇન્ડિયા હાઉસના અગ્નિ-દિવસો

જે કચ્છમાંડવીના શ્યામજી, કંથારિયાના સરદારસિંહ અને મુંબાઈનાં શ્રીમતી કામાની ત્રિપુટીએ વીસમી સદીના આરંભકાળમાં રચ્યા

લેખક · વિષ્ણુ પંડ્યા



શ્યામજી કૃષ્ણ વર્મા

ભારતથી દૂર વિદેશોમાં જલાવતન જિંદગી ગાળીને સશસ્ત્ર સ્વાતંત્ર્યયજ્ઞમાં આહુતિ આપનારાઓનો પ્રામાણિક ઇતિહાસ લખાશે ત્યારે ગૌરવપૂર્વક નોંધ લેવાશે કે એ લાંબી સંઘર્ષમય અને યોજનાબદ્ધ લડતનું નેતૃત્વ ગુજરાતી ક્રાંતિકારોએ સંભાળ્યું હતું.

અમેરિકાની જેમ ઇંગ્લૅંડ અને ફ્રાન્સમાં પણ આ પ્રવૃત્તિનો પ્રારંભ વીસમી સદીની શરૂઆતમાં જ થઈ પડચો હતો. ગાંધીજીના સત્યાગ્રહ-સંગ્રામ પૂર્વેની એ યાદગાર લડાઈ હતી. તે અહીં બંગાળ, મહારાષ્ટ્ર ને પંજાબના યુવકો બૉંબપ્રવૃત્તિ દ્વારા લડી રહ્યા હતા, અને ત્યાં—અમેરિકા, ઇંગ્લૅંડ અને ફ્રાન્સમાં—તીવ્ર પ્રચારથી અને સામગ્રીને ભારતમાં પહોંચાડીને લડાઈ ખેલાતી હતી.

શરૂઆતથી જ તેમાં બે ગુજરાતીઓએ ઝુકાવ્યું. તે હતા પંડિત શ્યામજી કૃષ્ણ વર્મા અને સરદારસિંહ રાણા. પછીથી પારસી બાનુ માદામ ભિખાઈજી કામા પણ ભળ્યાં. આ ત્રણે સાહસિકોએ જે વિપ્લવી જૂથ તૈયાર કર્યું તેમાં વીર સાવરકર અને મદનલાલ ધીંગરાનાં નામો જાણીતાં છે. પણ બીજી યે ઘણી રીતે આ વિપ્લવકથાનું મહત્ત્વ છે:

એક તો ૧૮૫૭ પછી વ્યવસ્થિત રીતે વિદેશમાં સશસ્ત્ર ક્રાંતિનો પ્રચાર-પ્રસાર કરનાર આ પહેલું જૂથ હતું.

બીજું, વિદેશમાં સમાજવાદીઓનો સહકાર સાધીને જગતવ્યાપી લોકસમર્થન મેળવવાનું મહત્ત્વનું કામ પણ આ વિપ્લવીઓએ કર્યું.

ત્રીજું, સશસ્ત્ર ક્રાંતિની ઘોષણા કરતું પત્રકારત્વ પણ શ્યામજી-કામા-સરદારસિંહ-સાવરકર દ્વારા વિદેશમાં સૌ પ્રથમ રચાયું. ઇંડિયન સૉશિયૉલૉજિસ્ટ','વંદેમાતરમ','તલવાર' વગેરે પત્રો તેનાં ઉત્તમ ઉદાહરણો છે.

ચોથું, આ પ્રવૃત્તિવીરોએ ભારતના ક્રાંતિકારોને પણ બૉંબથી લઈને પ્રચારસાહિત્ય પૂરાં પાડયાં.

પાંચમું, અમેરિકા-ઇંગ્લૅંડના આ પ્રયત્નોનો પડઘો અન્ય દેશોમાં પણ પડચો. જેમ કે અમેરિકાની 'ગદર' પાર્ટીએ શ્યામજી સાથે સંપર્કો બાંધ્યા; અમેરિકામાં યે 'ઇંડિયા હાઉસ'ની સ્થાપના થઈ; પત્રોનું પ્રકાશન થયું; શિષ્યવૃત્તિઓની યોજનાઓ શરૂ કરાઈ.

અને છઠ્ઠું, વિદેશમાં રહીને ભારતીય સ્વતંત્રતા માટેનાં આવાં વ્યવસ્થિત આંદોલનની અંતિમ પરિણતિ દ્વિતીય વિશ્વયુદ્ધ સમયે જાપાન અને મલયેશિયામાં નેતાજી સુભાષચન્દ્ર બોઝ અને કૅપ્ટન મોહનસિંઘે રચેલી 'આઝાદ હિન્દ સરકાર' તેમજ 'આઝાદ હિન્દ ફોજ' જેવાં ઐતિહાસિક કાર્યોમાં જોવા મળી.

આમાં ગુજરાતનું યોગાનુયોગ એક પ્રદાન નોંધવા જેવું છે. અહિંસક ક્રાંતિના વાહક ગાંધી ગુજરાતે આપ્યા, તેવી જ રીતે હિંસક ક્રાંતિના દ્રષ્ટા શ્યામજી પણ ગુજરાતનું સંતાન.

ઈ. ૧૮૫૭ની ૪થી ઑક્ટોબરે કચ્છના માંડવી બંદરના એક ધૂળિયા મહોલ્લામાં આવેલા અંધારા મકાનમાં શ્યામજીનો જન્મ. ભણસાળી કોમના 'ભૂલા ભણસાળી' નામે જાણીતા મઝદૂરનો વંશજ શામજી નિર્ધનતાના વાતાવરણમાં જ્ઞાનપ્રાપ્તિના પહેલા પાઠ શીખ્યો. માંડવી અને પછી ભુજમાં તેનો પ્રાથમિક અને હાઈસ્કૂલનો અભ્યાસ થયો. આ 'શામજી કરશનજી'માંથી શ્યામજી કૃષ્ણ વર્મા કેમ થયું એ આર્યસમાજ સાથે સંકળાએલાઓના નામબદલને જાણનારાઓ માટે નવાઈ નથી; પણ બીચારો તત્કાલીન બ્રિટિશ ઈન્ટેલિજન્સ (છૂપી બાતમીખાતા)નો વડો મિ. કીર તેના 'પોલિટિકલ ટ્રબલ ઈન ઇંડિયા' પુસ્તકમાં નોંધે છે કે 'શ્યામજી કૃષ્ણ વર્મા ગરીબ વાણિયા વેપારીને ત્યાં જન્મ પામેલો; તેની જ્ઞાતિ 'ભોંસલે' હતી; પછીથી તેણે વર્મા અટક વધારી, જે ક્ષત્રિયોમાં હોય છે. પણ તે ક્ષત્રિય નહોતો!' 'ભણસાળી' પરથી 'ભોંસલે' કરી નાખવાનું જ્ઞાન આ અધિકારીએ જે રીતે વ્યક્ત કર્યું તે રમૂજ પ્રેરે તેવું છે. તેની સાથે આપણને એ ય યાદ આવી જાય છે કે સાનફ્રાન્સિસ્કોમાં 'ગદર' પત્રનો તંત્રી છગન ખેરાજ જે લોહાણા જ્ઞાતિનો હતો, તેણે ય પોતાની અટક 'વર્મા' રાખી હતી! ખેર, કીર સાહેબને સૂઝ્યું તેમાં એક તથ્ય જાણ્યેઅજાણ્યે પણ છે ખરું: જ્ઞાનમાં બ્રાહ્મણ અને પ્રવૃત્તિએ ક્ષત્રિય તરીકે શ્યામજી કૃષ્ણ વર્માનું જીવન તો વીત્યું જ હતું!

દસમા વર્ષે તો શ્યામજીને કોઈ વત્સલ છાંયડી નહોતી: ન માતા, ન પિતા. ભુજમાં તેણે મ્યુનિસિપલ દીવાના અજવાળે વાંચીને ભણવાનું ચાલુ રાખ્યું. એક દિવસે ભાટિયા સદ્‌ગૃહસ્થ મથુરાદાસ લવજી શાળાની મુલાકાતે આવ્યા ત્યારે તેમણે આ કિશોરમાં પ્રતિભા જોઈ, એટલે મુંબાઈ 'વિલ્સન' ને 'એલ્ફિન્સ્ટન' હાઈસ્કૂલોમાં અભ્યાસની સગવડ કરી આપી. સત્તરમા વર્ષે મુંબાઈમાં જ તેને સ્વામી દયાનંદ સરસ્વતીના દર્શનનો મોકો મળ્યો. આ બંડખોર સ્વામીએ તેને ભગવાં ન પહેરાવ્યાં, પણ સંસ્કૃત ને સંસ્કૃતિના જ્ઞાનપ્રચાર માટે વિદેશ જવા પ્રેર્યો. બીજા વર્ષે-૧૮૭૫માં-છબિલદાસ લલ્લુભાઈ શેઠનાં પુત્રી ભાનુમતી સાથે તેનાં લગ્ન થયાં.

ઈ. ૧૮૭૬માં તેની ઇચ્છા અત્યંત પરિશ્રમ કરીને મૅટ્રિક્યુલેટ થવાની હતી. પણ ત્યાં આંખો બગડી. પરીક્ષામાં બેસી ન શકાયું. મોનિયેર વિલિયમ્સની ભારત મુલાકાત એ દિવસોમાં થઈ. એમને સંસ્કૃત પંડિતની જરૂરત હતી. આ દરમિયાન શ્યામજીની સંસ્કૃત વિદ્વત્તા પાંગરવા માંડેલી. ઈ. ૧૮૭૪માં તેમણે બે ભાષાંતર કર્યાં હતાં, તો ૧૮૭૭માં નાસિકમાં સંસ્કૃત અભ્યાસીઓ સમક્ષ પ્રવચન કરેલું, જેનાથી ગોપાળરાવ દેશમુખે ખૂબ ખુશ થઈને માનપત્ર પણ આપેલું. પછીથી શ્યામજીનાં પ્રવચનોની પરંપરા શરૂ થઈ અને પૂના, અમદાવાદ, ભરૂચ, સૂરત, કાશી, અલીબાગ, લાહોર, અમૃતસર, ભુજ અને માંડવીએ તેમનો લાભ લીધો.

પરંતુ આ તો સાંકડી સીમાઓ હતી. શ્યામજીને ક્ષિતિજનો વિસ્તાર કરવાની ઉત્કટ ઝંખના હતી. અવરોધ હતો કેવળ આર્થિકતાનો. મોનિયેર વિલિયમ્સનું મન હજી માનતું નહોતું. અંતે શ્યામજીએ ભાનુમતી અને કુન્હા દંપતી પાસેથી નાણાં લઈને ય વિદેશ જવાનું નક્કી કર્યું.

અને તે ગયા. કચ્છના રાજવીએ પણ ૨૦૦ પૌંડની છાત્રવૃત્તિ આપી હતી. આવા ટૂંકા આધારે, બાવીસ વર્ષનો આ યુવક ૧૮૭૯ની વસંતમાં ઇંગ્લૅન્ડ પહોંચ્યો. શ્યામજીના જીવનની જ્ઞાનની વસંત પણ ત્યાંથી જ શરૂ થઈ. ઑક્સફર્ડની બેલિયલ કૉલેજમાં તે દાખલ થયા ને ૧૮૮૨માં બી.એ. થયા. એ જ કૉલેજે તેમને સંસ્કૃતના અધ્યાપક તરીકે પણ રાખ્યા. ઈ. ૧૮૮૪ના નવેંબરમાં ઑક્સફર્ડમાંથી જ 'બૅરિસ્ટર-એટ-લૉ' થયા. આ વર્ષો એમને માટે જ્ઞાનોપાર્જનનાં હતાં. ઈ. ૧૮૮૧માં લાઈડનની રૉયલ એશિયાટિક સૉસાઍટીમાં મળેલી પરિષદમાં 'ભારતમાં લેખનકળાનો

ઉદય' નામે સંશોધન-લેખ વાંચ્યો; તો ઈ. ૧૮૮૩માં બર્લિનમાં મળેલી પ્રાચ્યવિદ્યા વિશારદોની પરિષદમાં 'સંસ્કૃત : ભારતની જીવન્ત ભાષા' પરનો તેમણે વાંચેલો નિબંધ વખણાયો. એ વર્ષના અહેવાલ-ગ્રંથમાં તે નિબંધ પ્રાપ્ત થાય છે.

આ દરમિયાન શ્યામજી એક વાર ભારત આવેલા : મોટે ભાગે ૧૮૮૪ માં ડૉ. મોનિયેર વિલિયમ્સની સાથે. ત્યારે પોતાનાં પત્ની ભાનુમતીને પણ ઈંગ્લૅન્ડ લઈ ગયા; અને વર્ષ પછી, ઇંગ્લૅન્ડમાં એક 'વિદ્વાન' તરીકેની ખ્યાતિ મેળવીને સ્વદેશ પાછા ફર્યા;–તે ૧૮૮૫નો આરંભકાળ હતો.

ભારતમાં તેમના આગમન સમયે તેમની વય અઠ્ઠાવીસની. પોતાની જ્ઞાનપ્રતિભાને લીધે એ ઇંગ્લૅન્ડના શાહી દરબારમાં પણ આદરપાત્ર હતા. લૉર્ડ નૉર્થબ્રૂક, ગ્લૅડસ્ટન અને ભારતમાં લૉર્ડ ડફરિન સાથેના તેમના સંબંધો પરથી એનો ખયાલ આવે છે. ભારતમાં તો ૧૮૮૫માં લૉર્ડ ડફરિન મધ્ય ભારતના પ્રવાસે નીકળ્યા ત્યારે શ્યામજીને સાથે રાખેલા. ઇંદોરમાં હોલ્કરનાં મહારાણી સાથે લેડી ડફરિનની મુલાકાત થઈ ત્યારે દુભાષિયાનું કામ શ્યામજીનાં પત્ની ભાનુમતીએ કર્યું હતું !

આ વર્ષો શ્યામજીનાં 'નિરીક્ષણ વર્ષો' હતાં. પછીનાં લગભગ દસ વર્ષ સુધી તેમણે જુદાં જુદાં રજવાડાંઓમાં દીવાનગીરી કરી. ઈ. ૧૮૮૮-માં રતલામ છોડીને ત્રણેક વર્ષ અજમેર ને મુંબાઈમાં વકીલાત કરી. ફરી ઈ. ૧૮૯૨થી ઉદયપુર રાજ્યના સલાહકાર થયા. ઈ. ૧૮૯૫ના ફેબ્રુઆરીમાં જૂનાગઢના દીવાન બન્યા. વર્ણ-સંઘર્ષનો એ આકરો અનુભવ હતો. ત્યાં મોટા ભાગે નાગર ગૃહસ્થો દીવાનપદું ભોગવતા. તેને બદલે આ તો એક સામાન્ય ભણસાળી, એની દેન શી? ખટપટનું રાજકારણ શરૂ થયું; બ્રિટિશ અધિકારીઓ પણ શ્યામજીની વિરુદ્ધમાં ગયા અને પરિણામે ઈ. ૧૮૯૫માં તેમને નોકરીમાંથી છૂટા કરાયા.

આ વર્ષોએ તેમનું નિરીક્ષણ સતેજ બનાવ્યું હશે. ૧૮૫૭ પછીનાં રાજા-રજવાડાંઓ અને જનસામાન્યની દશાદિશા પણ અનુભવી હશે. કર્મ અને ચિંતન વચ્ચે ભારે અથડામણો પણ થઈ હશે. ઈંગ્લૅન્ડની મુક્ત હવા માણી આવનાર પંખીને પોતાના દેશનું દુર્ભાગ્યપૂર્ણ બંધિયારપણું અકળાવતું થયું હશે. ઉદયપુરની દીવાનગીરી ન મળે એટલા માટે બ્રિટિશરોએ કરેલા પ્રયત્નો તેનો પરિચય આપે છે : જૂનાગઢમાંથી સપ્ટેમ્બર ૧૮૯૫માં જ્યારે નીકળી જવું પડયું તે પછી તેમણે ફરી ઉદયપુર માટે પ્રયત્ન કરેલો; પણ ત્યારે કર્ઝન વાયલી ત્યાં હતો. તેણે ખટપટ કરીને શ્યામજી માટેનાં બારણાં બંધ કરાવ્યાં. ઈ. ૧૮૯૬માં વાઈસરૉય લૉર્ડ એલ્જિનની ઉદયપુરની મુલાકાત સમયે શ્યામજી દરબારમાં ન આવી શકે એવું કારસ્તાન પણ વાયલીએ ગોઠવેલું !


આ સંઘર્ષોની કડવાશ સાથે શ્યામજીએ ભારત છોડયું. ઈ. ૧૮૯૭નું એ વર્ષ ભારતીય સ્વતંત્રતા-જંગની તીવ્રતાનો પ્રારંભ કરનારું વર્ષ હતું. પૂનામાં ચાફેકર બાંધવોએ રાજકીય હત્યા દ્વારા બ્રિટિશ તંત્રને ખળભળાવવાના શ્રીગણેશ માંડયા હતા. બાલ ગંગાધર ટિળક 'લોકમાન્ય' નેતા થતા આવતા હતા. શ્યામજી તેમને પણ મળ્યા. સંબંધ ગાઢ થયો. સ્વાતંત્ર્યની લડત વિષેના વિચારોની આપ-લે થઈ અને પછી જ શ્યામજીએ વિદેશમાં ભારતીય સ્વાધીનતાના પ્રચાર-પ્રસાર માટે પ્રયાણ કર્યું.

ચાળીસ વર્ષના અનુભવોની ટેકરી પર આમ, સંઘર્ષની સ્પષ્ટ ભૂમિકાએ આકાર લીધો. જ્ઞાન ને કર્મનું સાયુજ્ય રચાયું. ભારતીય રાજકારણ ને વિદેશી ચિંતન બંનેની તેમાં ભારે અસર હતી. શ્યામજી વ્યક્તિગત રીતે ફિલસૂફ હર્બર્ટ સ્પેન્સરના વિચારોથી આકર્ષાયા અને ૧૮૯૮માં તો હર્બર્ટ સ્પેન્સરના મૃત્યુ વેળા અંતિમ વિધિમાં શ્રદ્ધાંજલિ અર્પતા શ્યામજીને આપણે જોઇએ છીએ. ત્યાં ૧,૦૦૦ પાઉન્ડનાં 'હર્બર્ટ સ્પેન્સર સ્મૃતિ વ્યાખ્યાનો'ની ને બીજી પાંચ શિષ્યવૃત્તિઓની એ ઘોષણા કરે છે.

જ્ઞાનમાર્ગે પર દોડયે જતાં શ્યામજીનાં પગલાં ૧૯૦૫થી ક્રાંતિદિશા તરફ વળે છે : જાન્યુઆરી, ૧૯૦૫માં લંડનમાં તેમણે 'ઇન્ડિયન હોમરૂલ સોસાએટી'ની સ્થાપના કરી. પોતે એ સંસ્થાના અધ્યક્ષ થયા અને આ પ્રવૃત્તિના પ્રચાર માટે એ જ દિવસોમાં તેમણે 'ઇંડિયન સોશિયૉલૉજિસ્ટ' પત્રનો પણ પ્રારંભ કર્યો. ત્રીજી તરફ એમણે ભારતીય વિદ્યાર્થીઓ માટે પાંચ શિષ્યવૃત્તિની જાહેરાત કરી. આ શિષ્યવૃત્તિની એક મુખ્ય શરત એ હતી કે 'બ્રિટનમાં અભ્યાસ કરવા જે ભારતીય વિદ્યાર્થી આવે, તેણે ભારત પાછા ફર્યા પછી બ્રિટિશ નોકરી સ્વીકારવી નહિ.' આ શિષ્યવૃત્તિની જાહેરાત ભારતમાં રાષ્ટ્રીય કૅાંગ્રેસના અધિવેશનમાં પણ થએલી. શરૂઆતમાં તેમાં સફળતા ન મળી, પણ શ્યામજી નાસિપાસ થાય તેમ નહોતા. લંડનમાં ભારતીય વિદ્યાર્થીઓના રહેઠાણ માટેની હોસ્ટેલની યોજના તેમણે વિચારી કાઢી અને ૧ જુલાઈ ૧૯૦૫ના દિવસે, લંડનના ૯૫, ક્રોમવેલ ઍવેન્યુ, હાઈગેઈટ, એ સ્થાને એક મોટી ઇમારત ખરીદીને તેને 'ઇંડિયા હાઉસ' નામ આપ્યું, પછીનાં અનેક વર્ષો લગી આ ભવન વિદેશોમાંના ભારતીય ક્રાંતિકારોનું કર્મતીર્થ બની રહ્યું, જે હવે ઈંગ્લૅન્ડ ખાતેના ભારતીય દૂતાવાસની કચેરીમાં પલટાઈ ગયું છે.

આમ છાત્રવૃત્તિ, હોમરૂલ સોસાએટીની સ્થાપના, પત્રપ્રકાશન અને 'ઇંડિયા હાઉસ'નું નિર્માણ આ ચારે પ્રવૃત્તિઓથી એમણે ચેતનવંતુ કામ કર્યું. ભારત અને બહારના દેશોમાં વસેલા ભારતીયોનું ધ્યાન આ પ્રવૃત્તિઓ તરફ ઝડપથી દોરાયું. મુક્તિ પ્રયત્નનો આવો સબળ પ્રયાસ અનેકોને એકત્રિત કરી ગયો. તેમાં એક બીજા ગુજરાતી સજ્જન સરદારસિંહ રાણાનો યે સમાવેશ થતો હતો.

સરદારસિંહ રવાભાઈ રાણાનું પણ વિદેશોમાંની ભારતીય આઝાદી ચળવળમાં આકર્ષક સ્થાન છે. શ્યામજીની સાથે જ તેમનું નામ અને કાર્ય યાદ આવે, એમનો જન્મ ઈ. ૧૮૭૦-માં સૌરાષ્ટ્રના (તત્કાલીન) ઝાલાવાડના લીમડી રાજ્યના એક નાનકડા ગામ–કંથારિયામાં. બાળપણ કંથારિયા અને ધાધલપુરમાં વીત્યું. [બ્રિટિશ ગુપ્તચર તંત્રના વડા મિ. કીર તેમનું જન્મ વર્ષ ૧૮૭૮ નોંધે છે.] રાજકોટની આલ્ફ્રેડ હાઈસ્કૂલમાં અભ્યાસ કરી તેમણે મૅટ્રિક-ની પરીક્ષા પસાર કરી. એ દિવસોમાં જ બૅરિસ્ટરી માટે 'મોહનદાસ કરમચંદ ગાંધી વિલાયત જવાના હતા તેમના માનમાં જે મેળાવડો યોજાએલો' તેમાં સરદારસિંહ હાજર હતા. ઈ. ૧૮૯૧માં એ મુંબાઈ એલ્ફિન્સ્ટન કૉલેજમાં પ્રવેશ્યા. રાજપૂતી સ્વભાવ અને સાંપ્રતની સાક્ષીને લીધે રાજકીય ઘટનાઓની એમના પર અસર રહી. પરિણામે પૂનામાં ૧૮૯૫માં મળેલા કૅાંગ્રેસ અધિવેશનમાં પહોંચ્યા અને સ્વયંસેવક તરીકેની ફરજ બજાવી, જેના સરપાવ રૂપે સુરેન્દ્રનાથ બૅનરજીની સરસ તસવીર મેળવેલી ! ઈ. ૧૮૯૮માં બી. એ. થયા પછી ઈચ્છા જાગી બૅરિસ્ટર બનવાની ! એને માટે સંઘર્ષ કરવો પડે તેમ હતો. આખરે પાલીતાણા યુવરાજની મદદથી ૧૦ મે, ૧૮૯૮એ ઇંગ્લૅન્ડમાં કાનૂની કૉલેજમાં પ્રવેશ કર્યો. ત્યાં એ 'ઇન્ડિયન એસોસીએશન' સંસ્થામાં જોડાયા, પણ બહુ ફાવ્યું નહિ; આ દરમ્યાન તેમના જીવનની બે મહત્ત્વની ઘટના બની : એક તો સૂરતના જીવણચંદ ઉત્તમચંદ ઝવેરી સાથે હીરા-ઝવેરાતના વ્યવસાયનું આકર્ષણ, અને બીજી ઘટના પંડિત શ્યામજી કૃષ્ણ વર્મા સાથેની મૈત્રીની.


સરદારસિંહ રવાભાઈ રાણા

પહેલી ઘટનાએ સરદારસિંહને આર્થિક સધ્ધરતા તરફ વાળ્યા. એ કમાણી તેમણે જીવનભર બીજી ઘટનાના પરિણામ સ્વરૂપ આવેલી સ્વાતંત્ર્યની લડાઈ માટે ખર્ચી કાઢી.

આ બંને સાહસિકોનું પહેલું સાહસ તો છાત્રવૃત્તિનું. તે પછી 'ઇન્ડિયા હાઉસ' ખરીદાયું અને એ સ્થાન પ્રવૃત્તિથી ધમધમી ઊઠ્યું. 'ઇંડિયન હોમરૂલ સોસાએટી'માં શ્યામજીની સાથે ડૉ. મૂથુ, જે. એમ. પારેખ, જે. સી. મુકરજી, મુકુન્દરાવ જયકર વગેરે પણ હતા. છાત્રવૃત્તિ માટે ભારતમાંથી ઘણા યુવકોની અરજીઓ આવવા માંડી. આવી ૧૫૦ જેટલી અરજીઓમાં એક વિનાયક દામોદર સાવરકર નામના યુવાનની પણ હતી, જેની સાથે લોકમાન્યનો ભલામણપત્ર પણ જોડાએલો હતો. પરિણામે શ્યામજીની 'શિવાજી શિષ્યવૃત્તિ' પ્રાપ્ત કરીને સાવરકર ઈ. ૧૯૦૬માં ઈંગ્લૅન્ડ આવી પહોંચ્યા, અને 'ઈંડિયા હાઉસ'ને એક તીખો, સ્વદેશાભિમાની ક્રાંતિકાર મળી ગયો.

ભારતમાં એ કાળે જ્વાળામુખી ધૂંધવાઈ રહ્યો હતો. બંગાળ બંગભંગના નિમિત્તે ખળભળી ઊઠ્યું. અરવિન્દ ઘોષ બંગીય યુવકોના આરાધ્ય બન્યા. બૉંબવિસ્ફોટોની ઘટનાઓ વધતી ચાલી. ખુદીરામ બોઝ અને પ્રફુલ્લ ચાકીની કુમળી તરુણાઇઓ ફાંસીના તખ્તાએ પહોંચી. તેણે જાગ્રતિનો પ્રવાહ વહેતો કર્યો. આ અગ્નિદિવસોને શોભે તેવું કામ 'ઇંડિયા હાઉસ'ના ત્રણ મજલાના મકાનમાં પણ થતું હતું. સ્વતંત્રતાના વિચારનો તણખો દેશ અને દુનિયા સુધી પહોંચતો કરવાના પ્રયત્નોથી માંડીને, બૉમ્બસામગ્રીના બનાવવા સુધીની તાલીમ અહીં મળતી. ઈ. ૧૯૦૮ની બીજી મેએ 'શિવાજી ઉત્સવ' ઊજવાયો, તો ૧૦મી મેએ ૧૮૫૭નો સ્વાતંત્ર્યોત્સવ ઊજવાયો! આજે નાની લાગતી એ ઘટનાનું મહત્ત્વ એ સમયે ઘણું હતું. વિશેષ, જેને અત્યાર સુધી 'સિપાહીઓનો બળવો' કહેવાયો હતો, આંગ્લ ઇતિહાસકારો—કે જે ૧૮૫૭ના સંગ્રામને કચડવા મોકલાએલા સેનાપતિઓ પણ હતા—નાં કપોળકલ્પિત, પૂર્વગ્રહપીડિત વિધાનો દ્વારા નાનાસાહેબને 'હત્યારો', 'સ્ત્રીઓ સુધ્ધાંને મારનારો' ચીતરીને જેને માટે એવા જ 'કાળા લૂંટારાઓના બળવા' તરીકેનું સ્થાન નક્કી કરાયું હતું એ ૧૮૫૭ તો, ભારતીય પ્રજાનું પહેલું સશસ્ત્ર સ્વાતંત્ર્યયુદ્ધ હતું—આવી ભાવના સાથે એ ઉત્સવ ઊજવાયો.

સાવરકર-ચરિત્રમાં તો એ ઉત્સવનું સ્થાન 'ઇંડિયા હાઉસ' જ નોંધવામાં આવ્યું છે. બ્રિટિશ પત્ર 'જસ્ટિસ'ના કહેવા પ્રમાણે રૅફ્ટ્સબરી ઍવેન્યુની 'ઈંડિયન રેસ્ટોરાં'માં ઇંગ્લૅન્ડમાંથી યુવકો એકત્રિત થએલા. સમારંભના પ્રમુખ જમનાદાસ પારેખ હતા. ('સાવરકર-ચરિત્ર' મુજબ શ્રી રાણાએ અધ્યક્ષપદ સંભાળેલું.) સ્થાનને શણગારવામાં આવેલું, જેમાં ૧૮૫૭ના સ્વાતંત્ર્ય-યોદ્ધાઓનાં નામો ફૂલપાંખડીઓથી સુશોભિત હતાં. લંડન, ઑક્સફર્ડ, કેમ્બ્રિજ, સાયરેન્સ્ટર, રીડિંગ વગેરે સ્થાનોએથી વિદ્યાર્થીઓ આવી પહોંચેલા. શ્રી અય્યરે પ્રાર્થના ગાઈ; સાવરકર, ખાન, એરૂળકર, ડે, રામધન વગેરેએ સ્વાતંત્ર્યવીરોનું રોમાંચક બયાન કર્યું. શ્યામજી ને સરદારસિંહ બોલ્યા; ને શ્રીમતી દત્ત નામનાં વિદુષીએ દૂર સુદૂર પડેલી માતૃભૂમિને સ્વરસ્મૃતિમાં બદ્ધ કરીને સંપૂર્ણ વંદેમાતરમ્ ગાયું ત્યારે ભાવવિભોર ચહેરાઓ પર રાષ્ટ્રીયતાનો તપ્ત અગ્નિ ઝળહળતો હતો. પછી, ૧૮૫૭ના પ્રતીક તરીકે કામ કરી ગએલી 'રોટી'નો પ્રસાદ વહેંચાયો. કેટલાકે વિવિધ પ્રતિજ્ઞાઓ લીધી અને 'ઓ હુતાત્માઓ!' નામની પત્રિકાનું વિતરણ થયું. આ પત્રિકા 'કૃષ્ણ વર્માના માણસોનું કામ હતું અને પછીથી તે છેક મદ્રાસમાં પણ પ્રાપ્ત થએલી' એમ તત્કાલીન બ્રિટિશ માહિતીપત્રો નોંધે છે.

પંડિત શ્યામજી અને સાવરકર-રાણાના આ નાનકડા ગણાતા બનાવે મોટો ખળભળાટ પ્રસરાવી દીધો. ૧૦મી મેના રોજ એક તરફ આ પર્વ ઊજવાઈ રહ્યું હતું તે જ દિવસે ગોપાળ કૃષ્ણ ગોખલે લંડન આવી પહોંચ્યા હતા. સાયરેન્સ્ટર ખેતીવાડી કૉલેજના અધિકારીઓએ નાના સાહેબ પેશ્વા અને તાત્યા ટોપે વિષે અપશબ્દો બોલતાં, બે ભારતીય વિદ્યાર્થીઓ હરનામસિંહ અને એમ. આર. ખાન કૉલેજ છોડી ગયા. મદનલાલ ધીંગરાને યે એક જગ્યાએ તકરાર કરવી પડી. આ પ્રશ્ન બ્રિટિશ આમ સભા સુધી પણ ચર્ચાયો, તો બીજી તરફ 'લંડન ટાઈમ્સે' આ ઘટનામાં પંડિત શ્યામજી કૃષ્ણ વર્માનો હાથ જોયો. પંડિતે સ્પષ્ટ શબ્દોમાં જવાબ આપ્યો: 'એમના મુખ્ય હેતુ માટે મારી સંપૂર્ણ સહાનુભૂતિ છે એવું સ્પષ્ટ રીતે કબૂલ કરવામાં મને કોઈ હરકત નથી.'

બરાબર આ જ સમયે એક પારસી મહિલા પણ આ મંડળીમાં જોડાયાં: તે માદામ ભિખાઈજી કામા. મુંબાઈમાં, ૨૪ સપ્ટેમ્બર, ૧૮૬૧ના રોજ જન્મેલી આ સોરાબજી ફરામજી પટેલની પારસી કન્યાનાં લગ્ન કે. આર. કામા સાથે થએલાં, પરંતુ શરૂઆતથી જ તેમની તબિયત નાજુક રહેતી. તંદુરસ્તીના બધા પ્રયત્નો નિષ્ફળ જતાં શ્રીમતી કામાએ ઈ. ૧૯૦૨માં યુરોપનો પ્રવાસ ખેડ્યો. આ વર્ષોએ તેમના દાંપત્યજીવનને



માદામ કામા

સંઘર્ષની ખાઈમાં ધકેલી દીધું. સંવેદનશીલ મહિલાએ પતિત્યાગ કર્યો અને યુરોપ-અમેરિકાને પોતાની કર્મભૂમિ બનાવી. હિન્દુસ્તાનની સ્વતંત્રતાપ્રાપ્તિ એમનું ધ્યેય બની ગયું. પરિણામે આયર્લૅન્ડ, જર્મની, રશિયા અને મિસરના દેશભક્તોની સાથે સંપર્ક થયો, અને આમ જ, લંડન અને પારી(સ)ની ક્રાંતિપ્રવૃત્તિ કરતા શ્યામજી કૃષ્ણ વર્મા અને સરદારસિંહ રાણાનો પણ પરિચય થયો. પોતાના પ્રયાસોના વિસ્તાર માટે તે સરદારસિંહ પાસે પારી(સ) પહોંચ્યાં.

એ વર્ષ ૧૯૦૯નું હતું. ત્યાં સુધીમાં ટેઈમ્સ નદીમાં ઘણું પાણી વહી ગયું હતું. નવી નવી છાત્રવૃત્તિઓથી શ્યામજી–સરદારસિંહે ભારતીય યુવકોને આકર્ષવા માંડ્યા હતા. 'ઇંડિયન સોશિયૉલૉજિસ્ટ' પત્ર જગતનાં ઘણાં સ્થાનોએ પહોંચવા માંડ્યું હતું, જેને પરિણામે ઉદારમતવાદીઓએ ભારતીય સ્વાતંત્ર્ય-ચળવળને સમર્થન પણ આપવા માંડ્યું હતું. શ્રીમતી કામાએ લંડન આવીને કેટલાંક ઉગ્ર ભાષણો આપેલાં. આ બધાં કારણોસર શ્યામજી પર બ્રિટિશ તંત્રની નજર કરડી થઈ. આમ સભામાં થએલી પ્રશ્નોત્તરી પછી 'ઇંડિયન સોશિયૉલૉજિસ્ટ' ચલાવવું મુશ્કેલ બન્યું. પરિણામે વ્યૂહરચના બદલવામાં આવી. શ્યામજીએ લંડન છોડવું ને સાવરકરે ઇંડિયા હાઉસ સંભાળવું એમ નક્કી થયું. દરમિયાન, પત્ર પર મુકદ્દમો શરૂ થયો હતો. અંતે શ્યામજીએ ૧૯૦૭ના મે અથવા જુલાઈમાં લંડન છોડ્યું અને પારી(સ) જઈ વસ્યા.

આમ હવે પારી(સ) અને લંડન બંને ક્રાંતિમથકો બની ગયાં! શ્યામજીના 'ઇંડિયન સોશિયૉલૉજિસ્ટ'ના પ્રકાશન માટે સજા ફરમાવતો ચુકાદો લંડનના ન્યાયાલયે ૨૩ જુલાઈ, ૧૯૦૯ના રોજ આપ્યો. પત્રના મુદ્રક આર્થર એફ. હૉર્સેલને સજા થઈ એટલે ભારતીય ક્રાંતિ માટેના પ્રબળ સમર્થક ગાઈ આલ્ડ્રેડે તે પત્રપ્રકાશનનું કામ ઉપાડી લીધું, તો તેને યે ૧૯૦૯માં સજા થઈ. પરિણામે પત્રનું યે પારી(સ) સ્થળાંતર થયું. (ક્રમશઃ)

નર્મદ-ચંદ્રક

સૂરતની નર્મદ સાહિત્ય સભા દ્વારા અપાતો નર્મદ-ચંદ્રક ઈ. ૧૯૬૮ થી ૧૯૭૨નાં પાંચ વર્ષ દરમિયાન પ્રકાશિત 'કવિતા' વિષયક ગુજરાતી ગ્રંથોમાંથી સર્વ શ્રેષ્ઠ ગ્રંથ 'પરલોકે પત્ર'નાં લેખક શ્રીમતી હીરાબહેન પાઠકને આપવાનો નિર્ણાયક સમિતિએ નિર્ણય કર્યો છે.

સાહિત્યસંપર્ક

શબ્દકથા : 'ખખડધજ' - 'ખોખડધજ'

ભારે મોટું, જરાજીર્ણ કોઈ મહાલય હોય, એવું કોઈ મોટું વૃક્ષ હોય, ઉંમરે ખખડી ગએલ છતાં સશક્ત જેવો લાગતો વૃદ્ધ પુરુષ હોય, તો એના વિશેષણ તરીકે 'ખખડધજ'-'ખોખડધજ' શબ્દ વપરાતો સાંભળવામાં આવે છે. 'ખખડ'–'ખોખડ'માં રવાનુકારિત પણ અનુભવાય છે, એટલે સ્વાભાવિકરીતે 'ખખડી ગએલો પદાર્થ' હોય એવું લાગે. આના મૂળમાં સં. कुक्कुट-ध्वज—'જેની ધ્વજામાં કૂકડાનું નિશાન છે એવું'–એ શબ્દ પકડી શકાય એમ છે. અને મઝાની વાત છે કે આ વિશેષણ તો ચૌલુક્ય મહારાજવી બર્બરક-જિષ્ણુ અવંતિનાથ સિદ્ધરાજ જયસિંહનું ખૂબ જાણીતું છે. ચૌલુક્ય રાજના પ્રતાપી રાજવીઓમાં સિદ્ધરાજનું સ્થાન મૂર્ધન્ય છે, અને એ ઠીક ઠીક જીવ્યો હતો. આમ મોટા મહામાનવના વિશેષણરૂપે રહેલો આ શબ્દ ધીમેધીમે 'જરાજીર્ણ' છતાં ઊભા રહેવાની શક્તિ ધરાવનાર વ્યક્તિ કે પદાર્થને માટે ચલણી બન્યો સમજાય છે. **કે. કા. શાસ્ત્રી**

આયુર્વેદનું અમૃત

જગત પરનાં તમામ અમૃતોમાં આયુર્વેદને શ્રેષ્ઠ અમૃત માનવામાં આવે છે: 'आयुर्वेदोऽमृतानां'; કારણ કે તે નીરોગી માણસને સદા ય નીરોગી રહેવા માટેનો માર્ગ બતાવે છે; એટલું જ નહિ, સામાન્ય દરદીને સાજો કરે છે અને અતિ ગંભીર દરદીને પણ મૃત્યુના દુઃખમાંથી બચાવે છે. એ જ કારણે, આયુર્વેદશાસ્ત્ર પોતે પણ માનવજાતના જન્મ સાથે જન્મી, માનવજાતના અન્ત સુધી અનિવાર્ય હોવાથી અમરત્વને વરેલું છે. આ વાત આપણામાંના મોટા ભાગના લોકો જાણતા હોવા છતાં પૂરી સમજતા હોતા નથી, તેનું મુખ્ય કારણ વૈદ્યો ને પ્રજા વચ્ચે માધ્યમરૂપે જે પ્રકારનું સાહિત્ય લખાવું જોઈએ તે લખાયું નહોતું તે છે. પરંતુ હવે તે બાબતમાં મોટો પલટો આવી ગયો છે તેની સાબિતી ગુજરાતના ખ્યાતનામ કવિ અને વૈદ્ય શ્રી પ્રજારામ રાવળનું આ પુસ્તક 'આયુર્વેદનું અમૃત' આપી શકે તેમ છે.

ઉક્ત અજોડ પુસ્તકમાં અનુભવી આચાર્ય શ્રી પ્રજારામે પોતે સાજા કરેલા ૭૮ રોગીઓનાં નિદાન-ચિકિત્સાનું સર્વાંગીણ અને અનુભવસિદ્ધ વર્ણન દરદીના નામ, ઠામ અને રિપોર્ટ સાથે આપ્યું છે. લાંબી સારવારથી સાજા નહિ થએલા, કૉમ્પ્લીકેટેડ, શસ્ત્રસાધ્ય કે આશા ગુમાવી બેઠેલા દરદીની સફળ ચિકિત્સાના રિપૉર્ટ આમાં કશું જ છુપાવ્યા વિના વિસ્તૃતપણે આપવામાં આવેલા છે, જે વાચકોમાં આયુર્વેદ પ્રત્યે ભક્તિ અને લેખક પ્રત્યે આદર પેદા કરાવ્યા વિના રહેતા નથી.

આ વિજ્ઞાનયુગમાં પણ વિશ્વભરમાં પડકારરૂપ ગણાતા એવા પક્ષાઘાત, અમ્લપિત્ત, શ્વાસ, અનિદ્રા, કર્ણસ્રાવ, મોંનો લકવા, હેડકી, મૂર્ચ્છા, રાંઝણ (સાયેટિકા), આમવાત, પાંડુ, કમળો, શીળસ, ચક્કર, જલોદર, સોજા, કૃમિ, ગુલ્મ, ધોળો કોઢ વગેરે રોગોની વમન–વિરેચન–બસ્તિ આદિ પંચકર્મની શોધન-ચિકિત્સા અને લંઘન–અભ્યંગ જેવી શમન-ચિકિત્સા દ્વારા સારવાર આપવામાં આવી છે.

આયુર્વેદમાં અમૃતરૂપ ગણાતી આ શોધન-શમન અને કાષ્ઠૌષધિની ચિકિત્સા દ્વારા સાજા થએલા ખુદ ડૉક્ટરોના પત્રો પણ આ પુસ્તકમાં સામેલ કરવામાં આવેલા છે.

આયુર્વેદની શાસ્ત્રીય સફળતાના પુરાવા સ્વરૂપ આ ગ્રંથ ડૉક્ટરો, વૈદ્યો, ચિકિત્સાશાસ્ત્રના વિદ્યાર્થીઓ, આયુર્વેદપ્રેમી જનતા તેમજ દરદીઓ માટે ચિરકાલીન ભેટરૂપ ગણાશે. **'શોભન'**

(પ્રાપ્તિસ્થાન: આયુ પ્રકાશન, સ્પેક્ટ્રમ-૧ રિલીફ સિનેમા પાસે; અમદાવાદ-૧; કિં. રૂ. ૩૦; પૃ. ડેમી ૪૫૦; પાકું પૂઠું)

વોરા ઍન્ડ કંપની,

ગાંધી ચેમ્બર્સ • ગાંધી માર્ગ • અમદાવાદ–૧

ઉન્મીલન: આપણા પ્રથિતયશ અને પ્રશિષ્ટ વિવેચક શ્રી અનંતરાયરાવળના આ નવમા વિવેચનસંગ્રહમાં કુલ ૨૦ લેખો સંગૃહીત થએલા છે, જેમાંના મુખ્યત્વે પુસ્તક-પ્રવેશકો છે. આ ઉપરાંત આકાશવાણી વાર્તાલાપો અને ત્રણેક અભ્યાસલેખો પણ એમાં છે. 'રમણભાઈની સાહિત્યસાધના', 'આનંદશંકરની અક્ષરયાત્રા', 'કલાપીનું ગદ્યસાહિત્ય', 'ધર્માન્તર અને કાન્તની કવિતા' અને 'સાહિત્યક્ષેત્રનું ભાવિ' જેવા લેખો રાવળસાહેબની અભ્યાસનિષ્ઠા અને સાહિત્યસૂઝનાં સુભગ પરિણામો છે. અન્ય પુસ્તક-પ્રવેશકોમાં પણ કર્તાના વિત્તને ગુણગ્રાહી દૃષ્ટિથી મૂલવી કૃતિની મર્યાદાઓ પ્રત્યે પણ એમણે વિવેકપૂર્ણ અને સૌજન્યભરી રીતે ઈશારાઓ કર્યા છે. એમના ગદ્યની ગભીરતા અને ઊંડાણ તેમજ લાઘવ પણ અહીં અછતાં રહેતાં નથી. કર્તાની કૃતિના પ્રવેશકો રૂપે લખાએલા આ લેખો જિજ્ઞાસુ વાચકને તે કૃતિમાં પ્રવેશ કરતાં પહેલાંનું ઉન્મીલન બની રહે છે. (પાકું પૂઠું, પૃ. ૩૧૦, રૂ. ૧૨)

હીરાને પત્રો: ૩૩ વર્ષના પ્રસન્ન મધુર દામ્પત્યજીવન બાદ પત્નીવિરહે પતિના હૈયાને હચમચાવી મૂક્યું. તે વિષાદાનુભવમાંથી લાગણીનાં સાચાં ઝરણ ફૂટ્યાં તેને સરળ નિખાલસ બાનીમાં આત્મકથનાત્મક અંશો સાથે શ્રી હસમુખ પારેખે આ પુસ્તકમાં પ્રગટ થએલા ૧૦ કાલ્પનિક પત્રોમાં વહેવા દીધાં છે. ગુજરાતી ગદ્યની એમની ફાવટ, સર્જનાત્મક સ્પર્શ અને સચ્ચાઈ પત્રોના વાચનને હૃદયંગમ અને હૃદયસ્પર્શી બનાવે છે. સુખી દામ્પત્યનાં સ્નેહસ્મરણો વાગોળતાં વાગોળતાં જીવ, જગત અને સર્જનહારની લીલા અંગેનું એમનું ચિંતનમનન પણ બોજલ ન બની જાય તે રીતે અનુસ્યૂત થઈને આવ્યું છે. હાથ બનાવટના કીમતી કાગળો અને સુંદર છપાઈ પુસ્તકને વધુ આકર્ષક બનાવે છે. (પાકું પૂઠું, પૃ. ૧૦૪, રૂ. ૫)

આક્રંદ: કેટલાક આધુનિક નાટ્યલેખકોએ આરંભેલી 'આક્રંદ' સાબરમતી નામક સંસ્થામાં પ્રાયોગિક ધોરણે લખાએલાં (ને એમાંથી કેટલાંક ભજવાએલાં) ૨૩ એકાંકીઓનો આ પ્રથમ સંગ્રહ મધુ રાય, સુવર્ણા રાય, લાભશંકર ઠાકર, ચિનુ મોદી, બકુલ ત્રિપાઠી, હિંમત કપાસી, મનહર મોદી આદિ સર્જકોની કૃતિઓને રજૂ કરે છે. પ્રયોગાતિશય તેનો વિશેષ છે તેમ મર્યાદા પણ. (પાકું પૂઠું, પૃ. ૨૪૮, રૂ. ૧૦)

વનાંચલ: જાણીતા કવિ–વિવેચક જયન્ત પાઠકની 'સ્મૃતિકથા'નું આ પ્રથમ પુનર્મુદ્રણ એની સુભોગ્યતા પુરવાર કરવા પૂરતું છે. (કાચું પૂઠું, પૃ. ૧૩૬, રૂ. ૩–૫૦)

ભાવયિત્રી: શ્રી જયન્ત પાઠકના સત્તર વિવેચનલેખોના આ સંગ્રહમાં અર્ધાથી વિશેષ તો કાવ્યજગતને સ્પર્શતા છે, જે એમની કાવ્યપ્રીતિ અને તે પ્રકારમાંની સૂઝ-સમજ, સજ્જતા અને સજગતા સૂચવે છે. અન્ય લેખોમાં પણ એમની અભ્યાસનિષ્ઠા પ્રગટ થયા વગર રહેતી નથી. વિચાર અને મુદ્દાને સ્પષ્ટતાથી રજૂ કરતી એમની શૈલી તથા જે યથાયોગ્ય લાગ્યું તે સ્પષ્ટતાથી કહેવાની રીતિ અહીં આગળ તરી આવે છે. (પાકું પૂઠું, પૃ. ૨૦૮, રૂ. ૧૦)

સ્વામી રામતીર્થના જીવનપ્રસંગો: કિશોરો અને યુવાનોને યોગ્ય જીવનપાથેય પૂરું પાડતા આપણા મહાન ઉપદેશક સ્વામી રામતીર્થના જીવનના પ્રેરક પ્રસંગો આ નાનકડી પુસ્તિકામાં મુકુલભાઈ કલાર્થીએ રોચક રીતે રજૂ કર્યા છે. (કાચું પૂઠું, પૃ. ૯૬, રૂ. ૩)

મારી માન્યતા

સાહિત્ય તથા જીવનનાં ઉપાસકોના ઉત્તરો: ખાસ મુલાકાતો દ્વારા મેળવનાર ચંપકલાલ મહેતા



ગોવિંદ સરૈયા

'સરસ્વતીચંદ્ર' અને બીજી પાંચ ફિલ્મોના દિગ્દર્શક. જન્મ: નડિયાદમાં, તા. ૨૮-૧-'૨૦. બચપણથી ચિત્રકામનો શોખ, હજી યે ક્યારેક આધુનિક અસરવાળાં ચિત્રો કરે છે. અભ્યાસ સાથે નોકરી અને ફિલ્મક્ષેત્રના કામની જાણકારી મેળવવા સાથેનો કપરો ઘડતરકાળ પાર કરી એમણે કેન્દ્ર સરકારના માહિતી અને પ્રસારણખાતાના ફિલ્મ વિભાગમાં ૧૧ વર્ષ કામ કરીને ૯૦ જેટલાં દસ્તાવેજી ચિત્રો તૈયાર કરેલાં. એમાંની કેટલીક ફિલ્મો પરદેશના ફિલ્મ- મહોત્સવોમાં રજૂઆત અને પારિતોષિકો પામી છે. ઉત્તમ દસ્તાવેજી ફિલ્મ માટેનો પ્રથમવાર ભારતને મળેલો કૉમનવેલ્થ ઍવૉર્ડ પણ એમની ફિલ્મને અપાયો હતો. ત્રણેક વાર રાષ્ટ્રપતિ ઍવૉર્ડ પણ મેળવ્યા છે.

૧. 'સરસ્વતીચંદ્ર' ફિલ્મના દિગ્દર્શનમાં આપે કયાં દૃષ્ટિબિંદુઓ રાખેલા?

ઉ. એના મૂળ સર્જક સ્વ. ગોવર્ધનરામ રચનાને વફાદાર રહી એ અજોડ ગ્રંથના મુખ્ય કથાવસ્તુને રજૂ કરવા સાથે એ કથાકાળના હિંદુજીવનની રીતરસમોને સુરેખતાથી ફિલ્મ દ્વારા તાદૃશ કરવાનો ખયાલ હતો.

૨. દિગ્દર્શકમાં કયા પ્રકારની શક્તિ અને આવડતને આપ આવશ્યક સમજો છો?

ઉ. મૂળભૂત રીતે તો દિગ્દર્શક વાર્તાકાર છે. કથાના પ્રત્યેક પ્રસંગને દૃશ્યને હૃદયંગમપણે ફિલ્મ દ્વારા સાકાર કરી બતાવવાની દિગ્દર્શકમાં દૃષ્ટિ અને આવડત જોઈએ. વળી એનામાં કલા, સંગીત, સૌન્દર્ય અને સાહિત્યની સમજ હોવી જોઈએ.

૩. કલા અને સૌન્દર્ય અંગેના આપના ખયાલ શા છે?

ઉ. કલા એટલે જીવનનું કલ્યાણકારી સાકાર સ્વરૂપ. જીવનની કોઈ પણ ઊર્ધ્વગામી પ્રવૃત્તિને હું સૌન્દર્યની અભિવ્યક્તિ માનું છું.

૪. વર્તમાન સિને-સૃષ્ટિના વહેણ-વળાંક વિષે આપનો શો અભિપ્રાય છે?

ઉ. આજની સિને-પ્રવૃત્તિ કલાતત્ત્વને છોડી અવળે માર્ગે જઈ રહી છે. જ્યાં સુધી એમાં સાહિત્ય અને મુક્ત દિગ્દર્શનનું મહત્ત્વ નહિ સ્વીકારાય ત્યાં સુધી એ કલાપ્રકાર તરીકે સામાજિક સ્વીકૃતિ નહિ પામી શકે.

૫. સિનેસૃષ્ટિમાં પ્રવેશવા થનગનતા નવોદિતોને આપનો અનુભવ-સંદેશ આપશો?

ઉ. આવા નવોદિતોએ સૌ પ્રથમ તો કલાના ઉપાસક અને અચ્છા અભિનયકાર બનવું જોઈએ. માત્ર પૈસા અને નામનાની ચમકદમકથી આકર્ષાઈને આવનારા તો આમાં દુ:ખી જ થશે. સિનેકલાને ઓપ આપવાની ધગશથી આવનાર જ કંઈક કરી શકશે. જીવનમાં સુંદરતા નહિ દેખતા કે અનુભવતા લોકો આ ક્ષેત્રમાં ભાગ્યે જ સફળ થઈ શકે.

૬. સિનેમામાં સંગીતની આવશ્યકતા અંગે આપનો અભિપ્રાય? આપનો કોઈ પ્રિય રાગ?

ઉ. સંગીત વગરની ફિલ્મ હું કલ્પી શકતો નથી. સંગીત ન લેવું હોય તો ધ્વનિ પણ જતો કરી મૂગી ફિલ્મ બનાવવી. અલબત્ત, સંગીત એટલે ફિલ્મને અનુરૂપ કોઈ પણ પ્રકારનું યોગ્ય સંગીત પ્રયોજી શકાય. મારો પ્રિય રાગ યમન કલ્યાણ હોઈ મારા દરેક ચિત્રમાં એ કોઈ ને કોઈ રૂપે હોય જ છે.

૭. સાહિત્યનો પણ આપને શોખ છે. આપના પ્રિય લેખક, કવિ, પુસ્તક અને પ્રિય પાત્ર?

ઉ. લેખક: ક. મા. મુનશી, અને કવિ તુલસીદાસ; પુસ્તક 'જયાજયંત' અને પાત્ર 'મંજરી' એ મારાં પ્રિય છે.

૮. જીવન વિષે આપનો દૃષ્ટિકોણ?

ઉ. જીવન એટલે સુંદરતા અને સુખ વહેંચવાની પરબ.

ગોવિંદ સરૈયા

મેદવૃદ્ધિ: હમણાં હમણાં, કહેવાય છે કે, મેદવૃદ્ધિની ફરિયાદ વધતી જાય છે. આ મેદવૃદ્ધિનાં કારણો, તેના ઉપાયો, તેમાં આહાર-વિહાર વગેરે પર યોગ્ય રીતે પ્રકાશ પાડતી લાભશંકર ઠાકર'પુનર્વસુ'ની ઉપયોગીપુસ્તિકા. (કાચું પૂઠું, પૃ. ૭૬, રૂ. ૨-૫૦)

અનિદ્રા: અનિદ્રાની ફરિયાદ પણ વધતી જાય છે ત્યારે તે રોગની સમુચિત ચર્ચા કરી યોગ્ય ઉપાયોનો નિર્દેશ કરતી 'પુનર્વસુ'ની બીજી ઉપયોગી પુસ્તિકા.(કાચું પૂ. પૃ. ૭૬, રૂ. ૨-૨૫)

અન્ય પ્રકાશનો

ખંડ કાવ્ય (સ્વરૂપ અને વિકાસ): ડૉ. ચિનુ મોદીએ ગુજરાત વિદ્યાપીઠની વિદ્યાવાચસ્પતિની ઉપાધિ માટે તૈયાર કરેલો મહાનિબંધ અહીં પુસ્તકાકારે મળે છે ત્યારે ખંડકાવ્યના સ્વરૂપ વિષે, એ સ્વરૂપના વિધાયકો વિષે અને કેટલાંક ખંડકાવ્યો વિષે થએલી વિગતપૂર્ણ ચર્ચા અભ્યાસીઓ અને જિજ્ઞાસુઓને ઉપયોગી નીવડશે. (પ્રકા૦: અનડા બુક ડીપો, ગાંધી માર્ગ, અમદાવાદ-૧; પાકું પૂઠું, પૃ. ૩૫૬, રૂ. ૧૦).

સંવાદ: નામી-અનામી, નાની-મોટી વ્યક્તિઓની ષષ્ટિપૂર્તિ ઊજવીને ઋણમુક્ત થવાનું કે પૂજન-અર્ચન કરવાનું આપણને કોઠે પડી ગયું છે. ત્યારે શ્રી ગુલાબદાસ બ્રોકરની ષષ્ટિપૂર્તિ નિમિત્તે તેમના વ્યક્તિત્વ અને સર્જકત્વને મૂલવવાના પ્રયાસરૂપે આ ગ્રંથપ્રકાશન આવકાર્ય બની રહે છે. અધિકારી લેખકોની કલમે શ્રી બ્રોકરની વિવિધ ક્ષેત્રીય સર્જકતાને નાણવા-માણવાનો સુભગ સુમેળ આ ગ્રંથમાં સધાયો છે જે જિજ્ઞાસુ વાચકોને સંતર્પશે. (પ્રકા૦ શ્રી ગુલાબદાસ બ્રોકર સાંસ્કૃતિક ટ્રસ્ટ, મુંબાઈ; પાકું પૂઠું, પૃ. ૩૦૮, રૂ. ૧૫.)

ક્રિકેટ: લોકપ્રિય બનેલી ક્રિકેટની રમતનાં વિવિધ પાસાંની યોગ્ય રીતે છણાવટ કરતી આ પુસ્તિકા તે રમતના રસિયાઓને જરૂર ગમશે. (લે. શાહિદ અબ્બાસ અબ્બાસી; પ્રકાશક: અશોક પ્રકાશન, ૧૯૨, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબાઈ ૨; કાચું પૂઠું, પૃ. ૧૧૨, રૂ. ૩-૫૦.)

એક હતો રાજા: સમ્રાટ અશોકના જીવનપલટાના પ્રસંગને કેન્દ્રમાં રાખી લખાએલી રસિક મહેતાની રોચક કિશોર વાર્તા. (પ્રકા. ઉપર મુજબ, કાચું પૂઠું, પૃ. ૩૬, રૂ. ૧-૨૫.)

યૌવન વીંઝે પાંખ: ગુજરાતમાં ઉદ્‌ભવેલા 'નવનિર્માણ' નામક આંદોલનનો ઇતિહાસ, તેમાં બનેલા નાનામોટા સારા-નરસા પ્રસંગોને કેન્દ્રમાં રાખીને અહીં સંકલિત કર્યો છે શાંતિભાઈ દામકાકરે; (પ્રકા. પોતે જ, સુવાસિત સાહિત્ય પ્રકાશન, ૧/૩૭૮૭ મોટી દેસાઈ પોળ, સુરત-૧; કાચું પૂઠું, પૃ. ૧૯૮, રૂ. ૩.)

ઊર્મિની ઓળખ

નામી-અનામી ગુજરાતી ગઝલ-કારોનાં જીવન-કવનનો પરિચય

[૬૧] — કરાવનાર · જલન માતરી



કૈલાસ પંડિત

ગુજરાતી ગઝલ-સાહિત્ય ઉપર મુંબાઈ નગરીનાં અહેસાન ઓછાં નથી. એ નગરી ગઝલની ખૂબી વર્ષો પહેલાં ઓળખી લઇને એની બાની મુશાયરા દ્વારા ઝીલવા માંડી; અને ઐતિહાસિક મુશાયરા યોજીને એણે મુશાયરા-પ્રવૃત્તિ એટલી બધી તો વેગવાન બનાવી મૂકી કે એનું અનુકરણ ચારેતરફ થવા માંડયું. એમાં યે મુંબાઈની 'આઈ. એન. ટી.' સંસ્થાની ધૂન તો અન્ય સંસ્થાઓથી પણ ચડી જાય એવી છે : નુકસાન જાય તો ભલે, પણ દર વર્ષે ૧૪મી ઑગસ્ટની રાત્રે મુશાયરો થવો જ જોઈએ. અને આમ એણે છેલ્લાં ૨૪ વર્ષથી એકધારી મુશાયરાની જ્યોત જલતી રાખી છે.

આઈ. એન. ટી. દ્વારા યોજાતા મુશાયરામાં હમેશાં નવા ચહેરાઓને અવશ્ય અવકાશ હોય છે. એવા જે થોડાક નવા ચહેરાઓની આજે બોલબાલા છે એમાં શ્રી કૃષ્ણકુમાર ચંદ્રિકાપ્રસાદ પંડિત મોખરે છે. આ કૃષ્ણકુમાર એટલે 'કૈલાસ' પંડિત. એમની સુવાસ એટલી બધી પ્રસરી છે કે મુંબાઇ ઉપરાંત છેક કલકત્તા ને બૅંગ્લોર સુધી યોજાતા મુશાયરાઓમાં તે આગળ હોય છે.

મધ્યપ્રદેશમાં આવેલા હોશંગાબાદ મુકામે તા. ૨૩-૧૨-'૪૧ના દિને જન્મ. એમની માતૃભાષા હિન્દી હોવા છતાં 'કૈલાસ' શાયરી ગુજરાતીમાં જ કરે છે. ઈન્ટર આર્ટ્સ સુધીનો એમનો અભ્યાસ છે. મિત્રોને વરસતા વાદળની ઉપમા આપી રહેલા, સનમ જો શાપ આપે તો એને વરદાન માનીને શ્રદ્ધાપૂર્વક બિરદાવનારા આ યુવાન શાયરના શે'રોની મજા લઈએ :

તારી હથેળી મૌન છે લીલા ઉજાસનું,
મારી હથેળી એટલે પગરવ છે ચોરનો.

∽

છે મારા વિષે ત્યાં લખેલું કશું?
તમારો જરા હાથ દો તો ખરાં!

∽

બરાબર બધા કાંટા ચાલે છે, પણ
સમય કેવો પથ્થર છે ખસતો નથી!

∽

ના, નથી સ્વપ્નાં અને તોરણ નથી,
હા, હતી પાંપણ; હવે એ પણ નથી.

∽

દ્વાર બારી ભીંત જેવું છે ઘણું,
છે બધેબધ ઉંબરા, આંગણ નથી.

∽

હું નથી થાક્યો હજી સંબંધથી,
લાકડી અળગી કરો ના અંધથી.

આમ ના ઊગી શકે મેંદી અહીં,
કોઈએ પગલાં અહીં પાડયાં હશે.

∽

શબ્દ તો ઘોડા બનીને ભાગતા,
અર્થ તો અસવાર થઈને હાંફતા.

∽

મળે તારાં પગલાં પડેલાં ગમે ત્યાં,
ઉપાડી એ દ્વારે હું મૂકી શકું તો?
તને મારી રીતે હું સમજ્યો હતો, પણ
તને તારી રીતે હું સમજી શકું તો?

∽

ખૂણામાં ઓગળતી આંખો,
પડઘાઓ સાંભળતી આંખો.
છલકે આંસુ ઉપર ઉપર,
ભીતર ભીતર બળતી આંખો.

જરી ચેતાવજે એને મરણ તું આવતાં પ્હેલાં,
નથી કૈલાસની પાછળ કફન ઓઢાડવા કોઈ.

∽

કફન ઢાંકી ગયું 'કૈલાસ'ના શબ પર કોઈ આવી,
દયા ઊતરી કોઈની આખરે તો એ બિચારા પર.

∽

કફન ઢાંકયું નથી કારણ કે તારી લાશ ના ગૂંગળાય,
જોઈ લે તારી દુનિયાને કેવી સંભાળ છે 'કૈલાસ'!

∽

મરણની બાદ પણ 'કૈલાસ'ને બસ રાખજો એમ જ,
કફન ઓઢાડવાથી લાશની શોભા મરી જાશે.

∽

પડી કૈલાસના શબ પર ઊડીને ધૂળ ધરતીની,
કફન ઓઢાડીને મારી ખુદાએ લાજ રાખી છે.

∽

સિતમ માટે નવું કોઇ પાત્ર શોધી લે હવે દુનિયા,
ગયો 'કૈલાસ' પોઢી ગાઢ નિદ્રામાં સદા માટે.

∽

તમારા સમ મને છે એટલી શ્રદ્ધા તમારા પર,
તમે જો શાપ પણ દેશો તો એ વરદાન થઈ જાશે!

∽

કે વરસતાં વાદળાં જેવા બધા મિત્રો મળ્યા :
પ્યાસ મારી ના બૂઝી નાહકનું ભિંજાવું પડયું.

∽

કિંતુ મળ્યા ના કોઈને 'કૈલાસ' તે પછી,
આવ્યા હતા તમામ : મુકદ્દરની વાત છે!

∽

દ્વાર ખખડયું કે વિચાર્યું ખોલતાં,
એ જ મળવાને મને આવ્યા હશે.
મેં પછી સમજાવતાં મુજને કહ્યું,
આટલી રાતે તો એ હોતા હશે?

∽

કોણ ભલાને પૂછે છે,
અહીં કોણ બૂરાને પૂછે છે?
મતલબથી બધાને નિસ્બત છે,
અહીં કોણ ખરાને પૂછે છે?
અત્તરને નિચોવી કોણ,
પછી ફૂલોની દશાને પૂછે છે?
સંજોગ ઝુકાવે છે નહિતર
અહીં કોણ ખુદાને પૂછે છે?!

આહાર : જાણીતા વૈદ્ય 'શોભને' 'આરોગ્ય આપણા સૌનું' નામક પ્રકાશનશ્રેણીમાં આ પ્રથમ પુસ્તક પ્રગટ કર્યું છે, જેમાં આહાર-સામગ્રી, આહાર નિયમો, વર્જ્ય આહાર, નિત્યનો આહાર આદિ વિષે સરળ ભાષામાં આયુર્વેદની દૃષ્ટિએ ઉપયોગી માહિતી પૂરી પાડી છે. (પ્રકાશક : આયુ પ્રકાશન, સ્પેક્ટ્રમ, બીજો માળ, રિલીફ સિનેમા પાસે, અમદાવાદ-૧, કાચું પૂઠું, પૃ. ૧૧૨, રૂ. ૨-૫૦.)

વિહાર : પ્રસ્તુત લેખકે પ્રસ્તુત શ્રેણીની આ બીજી પુસ્તિકામાં આહારની જેમ વિહારનું પણ શું મહત્ત્વ છે તે સરળતાથી સમજાવ્યું છે. (પ્રકા : ઉપર મુજબ, કાચું, પૃ. ૧૧૨, રૂ. ૨-૫૦.)

ભાષા-ભૂર

અમુક વસ્તુનો પરિચય કરાવવા માટે કે વ્યાખ્યા કરવા માટે વપરાતો 'કહેવાય છે' શબ્દપ્રયોગ ઘણી વાર ખોટી રીતે વપરાતો જોવા મળે છે. દા. ત. ૧) 'માળાના બે છેડા મળીને જ્યાં ગાંઠ બંધાય છે તે સ્થાનને સુમેરુ કહેવાય છે.' ૨) 'ભાગવતના અમુક પાંચ અધ્યાયને રાસપંચાધ્યાયી કહેવાય છે.' આ બંને પ્રયોગ ખોટા છે. વસ્તુત: '...સ્થાનને સુમેરુ કહે છે' અથવા '...સ્થાન સુમેરુ કહેવાય છે.' એમ લખાવું જોઈએ.

—અને છેલ્લે

'કરણઘેલો'ના કર્તા નંદશંકર તુળજાશંકર મહેતાનું ચરિત્ર તેમના પુત્ર વિનાયક નંદશંકરે લખ્યું છે. એ 'નંદશંકર જીવનચરિત્ર'ની બીજી આવૃત્તિની પ્રસ્તાવના લખતાં શ્રી હંસાબહેન મહેતાએ પોતાના કાકા વિનાયકની વિનોદ-વૃત્તિનો એક પ્રસંગ ટાંકતાં જણાવ્યું છે કે 'મારા લગ્ન પ્રસંગે રાખેલા ગરબા ગવાતા હતા ત્યારે મને બોલાવીને દયારામની 'શ્યામ રંગ સમીપે ન જાવું' એ ગરબી ગવડાવવાનું કહ્યું—કારણ કે વરરાજા શ્યામ હતા! અને' હંસાબહેન લખે છે કે 'મેં એ ગરબો ગવડાવ્યો પણ ખરો.'

પચ્ચીસ વર્ષ પહેલાં



માર્ચ ૧૯૫૦ • સળંગ અંક ૩૧૫

'રોજિંદા જીવનમાં વિજ્ઞાન' નામની સ્વ. ડૉ. નરસિંહ મૂ. શાહની માહિતીસમૃદ્ધ લેખમાળામાં આજથી પચ્ચીસ વર્ષ પરના અંકમાં 'નિકલ' ધાતુનો આ રસમય પરિચય આવી ગયો:

શ્રેષ્ઠ યાંત્રિક ગુણો ધરાવતી ને ગમે તેવા વિષમ હવામાનમાં પણ ન કટાતી એ ધાતુની એક ખૂબી એ છે કે વિવિધ ધાતુઓમાં વધતા-ઓછા પ્રમાણોમાં કરેલું તેનું મિશ્રણ તે તે ધાતુમાં અનેક નવા અદ્ભુત ગુણો ઉપજાવે છે.

નિકલનો અર્થ ખોટું તાંબું. નિકલનું ખનિજ તાંબાના ખનિજને બરાબર મળતું આવે છે. પણ એના ખનિજમાંથી તાંબું કાઢવાના બધા પ્રયાસ નિષ્ફળ નીવડતાં જર્મનીના ખાણિયાઓએ ઉપહાસમાં એનું નામ 'કુપ્ફર નિકલ' (ખોટું તાંબું) પાડયું. સંસ્કૃતમાં પણ નિકલને 'પિશાચ-તામ્ર' કહે છે.

નિકલ ધાતુ સૌ પ્રથમ ઈ. ૧૭૫૧માં તેના ખનિજમાંથી છૂટી પાડવામાં આવી. તે પછીના બે દસકામાં તો કાંઈ પ્રગતિ ન થઈ શકી, પરંતુ ૧૭૭૪માં બર્ગમાને નિકલના ગુણધર્મોનો વિશેષ અભ્યાસ કર્યો. જોકે એમ તો છેક ઈ. પૂર્વે ૨૩૫ વર્ષના જૂના સિક્કાઓમાં પણ નિકલનું અસ્તિત્વ માલૂમ પડે છે, એટલું જ નહિ પણ એથી યે પ્રાચીન કાળમાં ચીનમાં પણ નિકલ ધાતુનો ઉપયોગ થતો એમ પુરવાર થયું છે.

નિકલના ખનિજમાં નિકલ ઉપરાંત લોહું, કોબાલ્ટ, ગંધક ને સોમલ સંયોજનના રૂપમાં હોય છે. તેમાંથી નિકલ કાઢવાની રીત અટપટી છે, ને તેમાં અનેક ક્રિયાઓ કરવી પડે છે. આજે તો દુનિયાની અત્યારની નિકલની પેદાશનો ૮૯ ટકા ઉપરાંત કૅનેડામાં ઑન્ટારીઓના સડબરી જિલ્લાની જ ખાણો પૂરો પાડે છે. આ ઉપરાંત નૉર્વે અને સોવિયેટ રશિયામાં તેમજ ફિનલૅન્ડમાં પણ નિકલનાં ભરાણો આવેલાં છે.

સામાન્ય માણસને મન નિકલ એટલે નિકલ-પ્લેઇટિંગ (ઢોળ ચડાવવા)માં ને ચલણી નાણાં તરીકે સિક્કાની બનાવટમાં ઉપયોગી ધાતુ. પણ તેમાં તો નિકલની પેદાશનો માત્ર ૧૦ ટકા ભાગ જ વપરાય છે. પરંતુ એથી વિશેષ મહત્તાપૂર્ણ એનું સ્થાન તો ઉદ્યોગોમાં છે. મિશ્ર ધાતુઓમાં નિકલનો ઉપયોગ અપૂર્વ અને કિંમતી ગુણો લાવી શકે છે. એ મિશ્ર ધાતુઓની વિવિધ બનાવટોમાં એક ટકાથી માંડીને ૯૦ ટકા સુધીના પ્રમાણમાં નિકલ વપરાય છે.

ગજવેલમાં ચાર ટકા નિકલ મેળવવાથી ગજવેલની તાણ શક્તિ (tensile strength)માં અજબ ઉમેરો થાય છે. એથી ગજવેલના તાર જલદી કાટ ખાતા નથી તેમજ તેમનો ઘસારો ખૂબ ઓછો આવે છે. નિકલનું પ્રમાણ જો દસ ટકા થાય તો ગજવેલ પોચી બને છે; પરંતુ ૧૩ ટકા નિકલવાળી ગજવેલ એવી તો મજબૂત અને કઠણ બને છે કે તેને કાપી શકાતી નથી તેમજ તેના પર સારડી પણ કામ કરી શકતી નથી! ૨૪ ટકા નિકલનો ઉમેરો કરવાથી લોહું ચુંબકત્વનો ગુણ ગુમાવે છે અને એ પ્રમાણ ૩૨ ટકા સુધી લઈ જવાથી તો પછી એ મિશ્ર ધાતુમાંથી વિદ્યુતના પ્રવાહને પણ પસાર થતાં ખૂબ પ્રતિરોધ (resistance) નડે છે. આવી ધાતુ વીજળિક રૅડીએટરો, ટોસ્ટરો વગેરેની બનાવટમાં તારનાં ગૂંચળાં માટે વપરાય છે. ૩૬ ટકા નિકલવાળી ગજવેલમાં એક અદ્ભુત ગુણ પેદા થાય છે: સામાન્ય ઉષ્ણતામાનના ફેરફારોની તેના પર જરા ય અસર થતી નથી. આને 'ઈન્વાર' ધાતુ તરીકે ઓળખવામાં આવે છે અને ફૂટપટી તથા બીજાં એવાં માપવાનાં સાધનોની બનાવટમાં તેનો ઉપયોગ કરવામાં આવે છે. બખ્તર, તોપ, ગોળીઓનાં ખોખાં અને દરિયાઈ સરંજામના અનેક ભાગોની બનાવટમાં નિકલવાળું આવું ગજવેલ અતિ મહત્ત્વનું અને ઉપયોગી નીવડયું છે.

લોહ ઉપરાંત બીજી ધાતુઓમાં પણ નિકલની મેળવણી થાય છે. ત્રાંબા સાથે નિકલ મેળવવાથી જે મિશ્ર ધાતુ પેદા થાય છે તેમાં અતિશય મજબૂતાઈ અને કાટ સામે ટકવાનો ગુણ આવે છે, એટલે તે કન્ડેન્સર ટયૂબો, દરિયાઈ સરંજામ, વીજળીરોધક તારો તથા સિક્કાઓની બનાવટમાં તેમજ બીજા નાનામોટા વ્યવહારુ ઉપયોગોમાં પુષ્કળ વપરાય છે.

૬૦ ટકા નિકલ, ૨૫ ટકા લોહું ને ૧૪ ટકા ક્રોમિયમ મેળવીને બનાવેલી મિશ્ર ધાતુ 'નિક્રોમ' કહેવાય છે. તેનું ગલનબિંદુ અતિશય ઊંચું છે, એટલે તે વીજળિક હીટરોની બનાવટમાં તેમજ અતિશય ગરમીએ ચાલતી વીજળિક ભઠ્ઠીઓમાં વપરાય છે.

ત્રાંબા અને નિકલની સાથે જસત (૫ : ૨ : ૨ના પ્રમાણમાં) મેળવવાથી જર્મનસિલ્વર બને છે. નિકલ અને ઍલ્યુમીનિયમવાળી ધાતુ ઍરોપ્લેન, મોટરનાં એન્જિનો અને એવાં બીજાં એન્જિનીઅરિંગનાં કાર્યોમાં વપરાય છે.

હવે નિકલના સ્વતંત્ર ઉપયોગો લઈએ. શુદ્ધ નિકલ ઇલેક્ટ્રોપ્લેઈટિંગમાં વપરાય છે. બારીક નિકલનો ભૂકો વનસ્પતિઘીની બનાવટમાં સંસર્ગ પદાર્થ (catalyst) તરીકે વપરાય છે. આ ઉપરાંત, બૅટરીઓ તથા ઇનૅમેલોની બનાવટમાં તેમજ રાસાયનિક ક્રિયાઓમાં કસોટિયા (reagents) તરીકે નિકલના ક્ષારો ઉપયોગમાં લેવાય છે.

નિકલમાં ન કટાવાનો તો અદ્ભુત ગુણ છે. ગમે તેવી વિષમ હવામાનવાળી પરિસ્થિતિમાં પણ તેને કાટ વળતો નથી. અતિશય મુલાયમ ખોરાક, પીણાં, દવાઓ ઈત્યાદિનું સડા તેમજ કાટ સામે રક્ષણ કરવા નિકલનો પટ આપેલા પૅકિંગનો ઉપયોગ કરવામાં આવે છે.

નિકલના વીજળિક ગુણો પણ તેને અતિ મહત્ત્વનું બનાવે છે. ટેલિવિઝન તથા રૅડારની બનાવટમાં તે ઘણું ઉપયોગી છે. ટેલિફોન, ટેલિગ્રાફ, રેડિયો અને બીજાં વ્યવહારનાં સાધનોમાં પણ તેનો ઉપયોગ ખૂબ થાય છે.

આપણાં ઘરોમાં પણ નિકલ હવે રોજિંદા ઉપયોગમાં આવે છે. જાતજાતનાં ઘરગથ્થુ વાસણો, તેમજ બીજાં આડકતરીરીતે ઉપયોગમાં આવતાં વીજળીનાં સાધનોની બનાવટમાં નિકલનો ઉપયોગ ઘણાં વર્ષોથી વધતો ચાલ્યો છે.

નિકલ ધાતુ ૩૪૦ ડિગ્રી નીચે લોહચુંબકતાનો ગુણ ધરાવે છે. આ ધાતુ પર જલદ નાઈટ્રિકની અસર થતી નથી, પરંતુ મંદ ઍસિડમાં તે સહેલાઈથી ઓગળી જાય છે અને લીલા રંગનું દ્રાવણ બને છે. આ દ્રાવણમાંથી નિકલ નાઈટ્રેટના સ્ફટિકો મેળવી શકાય છે. નિકલના ઉપયોગી ક્ષારોમાં નિકલ ક્લોરાઈડ ને નિકલ સલ્ફેટ સામાન્ય છે. નિકલ સલ્ફાઈડ કાળા રંગનું છે.

માનવ સંસ્કૃતિનો જેમ વિકાસ થતો ગયો તેમ તેમ અનુક્રમે લોહું, તાંબું, કાંસું વગેરેનો ઉપયોગ મનુષ્યે કર્યો છે, અને એ રીતે માનવના ઇતિહાસમાં તામ્રયુગ, લોહયુગ ને કાંસ્યયુગ આવ્યા છે. આજે નિકલનો યુગ પ્રવર્તે છે એમ કહીએ તો તેમાં અતિશયોક્તિ નહિ ગણાય.



પચ્ચીસ વર્ષ પહેલાંનું એક ચિત્રપૃષ્ઠ • કુદરતની લીલા (વૃક્ષો, વેલો, ફૂલો, પશુપક્ષીઓ, કીટ, પતંગિયાં આદિ)નાં પ્રતીકોની રૂપલક્ષણા પકડી લઈને દેશદેશના કલાકારોએ તેના ઉપરથી પોતપોતાની વિશિષ્ટ ઢબે શોભનગૂંથણીની રચનાઓ કરી છે. એવાં ડિઝાઈનો કાપડ, વાસણો, તેમજ અન્ય નાનાવિધ રોજિંદા વપરાશની વસ્તુઓ પર રૂપાંકન કરવામાં તેઓ વાપરે છે. જાપાની કલાકારોએ પોતાને ત્યાંની વનસ્પતિ અને પુષ્પસૃષ્ટિ પરથી ઉપજાવેલી એવી રૂપરચનાઓના નમૂના આ પાના પર આપ્યા છે.

'કુમાર'ના ઈ. ૧૯૭૪ના વર્ષનાં પારિતોષિકો

પારિતોષિક	વિષય	વિજેતા	નિર્ણાયકો
 કુમાર ચન્દ્રક	વર્ષભરમાં શ્રેષ્ઠ લેખો આપવા માટેનો	 મધુસૂદન ઢાંકીને	સર્વશ્રી વિષ્ણુપ્રસાદ ત્રિવેદી અનંતરાય રાવળ યશવન્ત શુક્લ
'કુમાર' તરફથી રૂ. ૩૦ પારિતોષિક	વર્ષ દરમિયાનની શ્રેષ્ઠ નવલિકા-નાટિકા માટે	શિવકુમાર જોષીને નાટિકા 'શ્રુતંશ્રોતવ્યમ્' માટે	અનંતરાય રાવળ અને 'કુમાર'ના તંત્રી
એક લેખક તરફથી રૂ. ૩૦નું પારિતોષિક	વર્ષ દરમિયાનના શ્રેષ્ઠ કાવ્ય માટે	ધીરુભાઈ પરીખને શ્રેષ્ઠ કાવ્યપ્રવૃત્તિ માટે	રમણલાલ શાહ રાજેન્દ્ર શાહ
હાસમભાઈ વૈદ્ય તરફથી રૂ. ૨૦	વર્ષ દરમિયાનના બીજા ક્રમના કાવ્ય માટે	શિલ્પિન્ થાનકીને આવેલાં કાવ્યો માટે	"
હાસમભાઈ વૈદ્ય તરફથી રૂ. ૧૦	વર્ષ દરમિયાનના ત્રીજા ક્રમના કાવ્ય માટે	મણિલાલ હ. પટેલને 'આ-ગમન પછી' સૉનેટ માટે	"
દૈવેન્દ્ર દવે તરફથી રૂ. ૧૫	વર્ષ દરમિયાનના શ્રેષ્ઠ સૉનેટ માટે	"	"
હાસમભાઈ વૈદ્ય તરફથી રૂ. ૩૦	વર્ષ દરમિયાનની શ્રેષ્ઠ ગઝલ માટે	જિતેન્દ્ર વ્યાસને 'જાણું નહિ કે' ગઝલ માટે	જલન માતરી ધીરુભાઈ પરીખ
હાસમભાઈ વૈદ્ય તરફથી રૂ. ૨૦	વર્ષ દરમિયાનની બીજા ક્રમની ગઝલ માટે	મૂળશંકર 'પૂજક'ને 'રહે' ગઝલ માટે	"
હાસમભાઈ વૈદ્ય તરફથી રૂ. ૧૦	વર્ષ દરમિયાનની ત્રીજા ક્રમની ગઝલ માટે	મનસુખ વાઘેલાને 'થઈ ગયું' ગઝલ માટે	"
હાસમભાઈ વૈદ્ય તરફથી રૂ. ૨૦	વર્ષ દરમિયાનની શ્રેષ્ઠ લઘુકથા માટે	અશ્વિન વસાવડાને 'હારજીત' માટે	અનંતરાય રાવળ અને 'કુમાર'ના તંત્રી
હાસમભાઈ વૈદ્ય તરફથી રૂ. ૧૦	વર્ષ દરમિયાનની બીજા ક્રમની લઘુકથા માટે	હસમુખ રાવળને 'મમ્મી' માટે	"
રૂ. ૨૫નું બિરીશકાકા પારિતોષિક સ્વ.ના પરિવાર તરફથી	જોડણીશુદ્ધ અને વ્યાકરણશુદ્ધ લેખો માટે	મુકુન્દરાય પારાશર્યને	'કુમાર'ના તંત્રી

અન્ય પારિતોષિકો

શ્રી હરિઃૐ આશ્રમ તરફનાં પારિતોષિકો યથાસમય પ્રકટ થતાં રહ્યાં છે. 'દીપ્તિ સ્મૃતિ' પારિતોષિક તેમજ 'લોકોપયોગી સેવા' ઉપરના નિબંધનાં પારિતોષિકો પણ ગયા વર્ષમાં જાહેર થઈ ગયાં છે. નીચેનાં પારિતોષિકો યોગ્ય કૃતિઓના અભાવે કોઈને અપાયાં નથી: ૧) ભૂગોળ વિષયક શ્રેષ્ઠ લેખ માટેનું રૂ. ૫૧નું જમનાપ્રસાદ પારિતોષિક; ૨) વિજ્ઞાન વિષયક શ્રેષ્ઠ લેખ માટેનું ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી તરફનું રૂ. ૫૧નું પારિતોષિક; ૩) શ્રેષ્ઠ પરાક્રમકથા કે ડિટેક્ટિવ વાર્તા માટેનું રૂ. ૩૦નું 'કુમાર' પારિતોષિક; ૪) શ્રેષ્ઠ વિજ્ઞાનકથા કે ઐતિહાસિક વાર્તા માટેનું રૂ. ૩૦નું 'કુમાર' પારિતોષિક; ૫) વિકરાળ પ્રાણીનો સામનો યા જંગલકથા આલેખતી વાર્તા માટેનું 'એક સદ્ગૃહસ્થ' તરફનું રૂ. ૨૫નું પારિતોષિક; ૬) વાચકોની રુચિને સંસ્કારે એવા નવા પૂર્ણરંગી ચિત્ર માટે હરિઃૐ આશ્રમ તરફનું રૂ. ૫૦)નું પારિતોષિક.

શતરંજ

સુરેશ મોદી

છેલ્લાં બેત્રણ વર્ષમાં આપણે પાછલાં સવાસો વર્ષ દરમિયાનના શતરંજના વિશ્વવિજેતાઓ વિષે જોયું. વિશ્વવિજેતાપદ માટેની ચૅલેન્જ મૅચમાં વિશ્વવિજેતા અને ચૅલેન્જર બન્નેને સરખા પૉઈન્ટ મળ્યા હોય તો વિશ્વવિજેતા પોતાનું પદ જાળવી રાખે છે. આ નિયમ (Status quo rule)નો ઉપયોગ ૯૦ વર્ષમાં રમાએલી ૨૭ મૅચમાંથી ત્રણ મૅચમાં થયો હતો. ઈ. ૧૯૧૦માં ડૉ. લાસ્કર અને સ્લેચરની મૅચમાં બન્નેને ૫-૫ પૉઈન્ટ મળ્યા હતા. ઈ. ૧૯૫૧માં બોટ્વિનિક અને બ્રૉન્સ્ટાઈન તથા ઈ. ૧૯૫૪માં બોટવિનિક અને સ્માઈસ્લૉવ વચ્ચેની રમત ૧૨-૧૨ પૉઈન્ટે ડ્રૉમાં પરિણમી હતી. આમાંથી સ્માઈસ્લૉવને ઈ. ૧૯૫૭માં ફરી ચૅલેન્જ કરવાની તક મળી અને તેમણે વિશ્વવિજેતાપદ મેળવ્યું હતું.

આથી બ્રૉન્સ્ટાઈન અને સ્લેચર બે જ એવા ખેલાડી છે જેને વિશ્વવિજેતાપદ માટે આહ્વાન મૅચની તક મળી ને તેઓએ વિશ્વવિજેતાથી પોતે ઊતરતા તો નથી જ એવું સાબિત કર્યું, છતાં વિશ્વવિજેતાપદ મેળવી શક્યા નહિ. આ લેખમાળામાં તેમનો પણ સમાવેશ કરવો જોઈએ તેમ લાગે છે. આ અંકમાં આપણે કાર્લ સ્લેચર વિષે જોઈશું.

કાર્લ સ્લેચર વિયેનાના હતા, અને તેમની રમત વિયેનાની બીજી ચીજોની જેમ કલા-નિતરતી હતી. એમની સામે જીતવું ભલભલા ખેલાડી માટે પણ મુશ્કેલ હતું. તેઓ ગમે તેની સામે સહેલાઈથી ડ્રૉ મેળવી શકતા અને તેથી 'ડ્રૉઈંગ માસ્ટર' તથા 'ડ્રૉ-વિઝાર્ડ' જેવાં વિશેષણોથી ઓળખાતા.

ઈ. ૧૯૧૦માં તેમને ડૉ. લાસ્કરને આહ્વાન આપવાની તક મળી. મૅચ ફક્ત ૧૦ રમતની હતી. તેમાંથી પહેલી પાંચ વિયેનામાં અને પછીની પાંચ બર્લિનમાં રમાઈ હતી. તેમની ખ્યાતિ પ્રમાણે તેમણે પહેલી ચાર રમતમાં ડ્રૉ મેળવી હતી. પાંચમી રમતમાં લાસ્કર જીતે તેમ હતા, પણ એમણે ઉતાવળમાં ભૂલ કરી ને પરિણામે થોડી ચાલમાં મ્હાત થયા. તે પછીની ચાર રમત ડ્રૉ થઈ. હવે દસમી છેલ્લી રમત ડ્રૉ થાય તો સ્લેચર વિશ્વવિજેતા બને. અને 'ડ્રૉ-વિઝાર્ડ' સ્લેચર માટે એ મુશ્કેલ પણ નહોતું એટલે વિશ્વવિજેતા પદ તેમને હાથવેંતમાં હતું. વળી, એ છેલ્લી રમતમાં એકબે વખત તેમને સહેલાઈથી ડ્રૉ મળે તેમ પણ હતું, પરંતુ સ્લેચર ડ્રૉના બદલે જીત મેળવવા સારુ જોખમી રમત રમ્યા અને એમાં હાર્યા. પરિણામે મૅચ ડ્રૉ થઈ અને ડૉ. લાસ્કરનું વિશ્વવિજેતા પદ ટકી રહ્યું. એમ કહેવાય છે કે સ્લેચર ડ્રૉ લેવાને બદલે ગમે તે ભોગે દસમી રમત જીતીને જ વિશ્વ-વિજેતા પદ મેળવવા ઇચ્છતા હતા. અહીં આપણે ભૂતપૂર્વ વિશ્વવિજેતા સ્ટેનિટ્ઝ સામેની એમની એક રમત જોઈએ.


સફેદ મહોરાં સ્લેચરનાં ને કાળાં સ્ટેનિટ્ઝનાં છે.

1 P-K4, P-K4; 2 N-QB3, N-QB3; 3 B-B4, N-B3; 4 P-Q3, N-QR4; 5 KN-K2! N×B,; 6 P×N, P-Q3; 7 O-O, B-K3; 8 P-QN3, P-B3; 9 Q-Q3, B-K2; 10 B-N5, P-KR3. કાળાએ પ્યાદાની ચાલથી સમય ગુમાવ્યો છે. સફેદ તેનો સુંદર લાભ લે છે.

11 B×N, B×B; 12 QR-Q1, B-K2; 13 P-B5! P×P; 14 Q-N3. વજીર પર હાથીનો હુમલો છે, અને પરિણામે પ્યાદું પાછું લઈને જોરદાર હુમલો આરંભે છે.

14..., B-Q3; 15 Q×NP, K-K2; 16 N-B4! (જુઓ બાજુની આકૃતિ)

સ્ટેનિટ્ઝ



સ્લેચર

16 N-B4! પછીની સ્થિતિ

હવે કાળો 16..., P×N રમે તો 17 P-K5, B×KP; 18 Q×B પછી હુમલો જોરદાર બને છે.

16..., R-KN1; 17 N-N6ch., K-Q2; 18 R×Bch., K×B; 19 R-Q1 ch., B-Q4; 20 Q×KPch., K-Q2; 21 N×B, QBP×N; 22 R×Pch. K-B3; 23 N-K7ch., K-N3; 24 R-Q6ch! અહીં સફેદને વજીર મળતો હતો પણ તેનું લક્ષ્ય મ્હાત પર છે.

હવે 24..., K-B2 પછી 25 R-KN6ds.ch. અને બે ચાલમાં મ્હાત થાય તથા 24..., K-N4 પછી 25 P-QR4ch., K-N5; 26 N-Q5ch., K-R6; 27 Q-R mate અથવા 26..., K-R4; 27 Q-B mate. માટે 24..., Resigns.

વૃક્ષવેલ પરિચય (૩૧) રાયણ



ઉનાળો આવતાં બજારમાં દેખાવા લાગતાં પીળાં મીઠાં 'રાયણાં' કે 'રાણ'નાં ફળ સૌને પરિચિત છે. એનું વૃક્ષ 'રાયણ' મહુડો, બોરસલી ને ચીકુ વગેરેના વર્ગનું છે. બીજ વડે એ ઊગે, પણ એનો વિકાસ બહુ ધીમો હોય છે. પંદર-વીસ મીટર એ ઊંચું વધે છે ને સદાય લીલું રહે છે. કાળાશ પડતી ખરબચડી છાલ ને કઠણ તથા ગાંઠવાળી એની શાખાઓ ચારે બાજુ ફેલાય છે. એના ઉપર એકાંતરે ઊગતાં સાદાં, ઘેરાં લીલાં, ઉપરની બાજુએ ચળકાટવાળાં પાન ટોચ પાસે વધુ પહોળાં ને ગોળાકાર તથા કિનાર પર વચ્ચે ખાંચવાળાં હોય છે.

સપ્ટેમ્બરથી ડિસેમ્બરમાં રાયણને આછી સુવાસવાળાં ચક્રાકાર ફૂલ આવે છે. એના નળી જેવા ફૂલમણિ પર બે હારમાં પાંખડીઓ ગોઠવાએલી હોય છે. એમાં બહારની હારના બાર છેડા ટોચે અણિયાળાં ને અંદરની હારના છ છેડા ભાલાનાં ફળાં જેવાં લાગે છે.

રાયણનાં ફળ તે રાયણાં, રાણ કે રાયણ. એનું વેઢા જેવડું કદ, લંબગોળ આકાર, પીળો રંગ, અંદરથી નીકળતા સફેદ રસની ચીકાશ ને રાયણની મીઠાશ તો સૌ જાણે છે. ફળમાં એક કે બે લીસાં ચળકતાં ને એક છેડે અણીદાર બીજ હોય છે. સૂકવેલી રાયણ 'રાણકોકડી' કહેવાય છે. ખાવા ઉપરાંત ફરસાણ ને મીઠાઈમાં દ્રાક્ષને બદલે ઘણા એનો ઉપયોગ કરે છે.

રાયણાં પૌષ્ટિક, ગરમી અને તરસ શાંત કરનાર, હૃદય માટે ગુણકારી ને પિત્તપ્રકોપ, ત્રિદોષ, ભ્રમ, મૂર્ચ્છા, રક્તવિકાર, વગેરેમાં લાભકર છે. રાણકોકડી બાધક ગણાય છે.

રાયણના વૃક્ષમાંથી રતાશ પડતો ગુંદર અને બીજમાંથી તેલ મળે છે. એનું લાકડું મજબૂત, ચીકણું ને અત્યંત વજનદાર હોય છે.



માધુકરી

કાળની કેડીએ ઘડીક સંગ
રે ભાઈ! આપણો ઘડીક સંગ.
પગલે પગલે પાવક જાગે ત્યાં ઝરશું નેનની ઝારી,
કંટક પંથે સ્મિત વેરીને મ્હોરશું ફૂલની ક્યારી
એકબીજાને જીતશું રે ભાઈ? જાતને જાશું હારી?
ક્યાંય ન માય રે એટલો આજ તો ઉરને થાય ઉમંગ!–રે ભાઈ૦

—નિરંજન ભગત

કર્નલ માઈક ઍન્સેલ–એક અંધ પ્રતિભા

થોડે થોડે અંતરે ખોડેલી આડશો ટપાવીને ઘોડદોડ કરવાની રમત 'શો-જંપિંગ' બ્રિટનમાં એક અત્યંત લોકપ્રિય રમત છે. રેસ સિવાય ઘોડેસવારી અને ઘોડાની વિવિધ જાતોના ઉછેર વગેરે અંગેની અનેક સંસ્થાઓ બ્રિટનમાં છે. અવારનવાર આ બધી સંસ્થાઓની પ્રવૃત્તિઓ પ્રગટ કરતાં પ્રદર્શનો અને સ્પર્ધાઓ પણ યોજાય છે અને એમાં હજારો પ્રેક્ષકો એકઠા થાય છે. આમાંની કેટલીક સ્પર્ધાઓ ટી. વી. દ્વારા રાષ્ટ્રવ્યાપી પ્રસારણ પણ પામે છે. શો-જંપિંગ એક એવી જ રમત છે. 'બ્રિટિશ શો-જંપિંગ એસોસીએશન' આ ક્ષેત્રે મહત્ત્વનું સ્થાન ધરાવે છે. સ્પર્ધાના નિયમો, ઘોડાને ટપવા માટેની આડશોની ઊંચાઈ, સ્પર્ધાનાં પરિણામો અંગે નિર્ણયો વગેરે એને હસ્તક હોવા ઉપરાંત, સ્પર્ધામાં ભાગ લેતા ઘોડા ને ટટ્ટુ વગેરે વિષેની તવારીખ પણ એ નોંધે છે. આંતરરાષ્ટ્રીય ધોરણે યોજાતી સ્પર્ધામાં બ્રિટનનું પ્રતિનિધિત્વ યોજવામાં પણ આ સંસ્થા જ મુખ્ય ભાગ ભજવે છે. દર વર્ષે એના ઉપક્રમે બ્રિટનમાં લગભગ ૮૦૦ જેટલા 'શો' યોજાય છે અને એની સભ્યસંખ્યા હાલમાં ૯૦૦૦થી યે વધુ છે. 'ધ રૉયલ ઈન્ટરનૅશનલ હૉર્સ શો' તથા 'ધ હૉર્સ શો ઑવ ધ ઈયર' જેવાં આ ક્ષેત્રનાં બે મહત્ત્વનાં પ્રદર્શનો પણ આ સંસ્થાના ઉપક્રમે યોજાય છે. અને એ વખતે લગભગ એકાદ કરોડ માણસો પ્રત્યક્ષ અને ટી. વી. પર એ નિહાળે છે. બ્રિટનમાં ફૂટબૉલ પછીની આ સૌથી વધુ લોકપ્રિય રમત બની ગઈ છે.

પણ ત્રણેક દાયકા પહેલાં આ સ્થિતિ નહોતી. એક જ વધુ મતથી ચૂંટાઇ આવીને 'બ્રિટિશ શો-જંપિંગ એસો.'ના ચૅરમૅનપદે કર્નલ માઈક ઍન્સેલે ઈ. ૧૯૪૫માં આ સંસ્થાનું સંચાલન સંભાળ્યું ત્યારે કેવળ ૫૦૦ સભ્યો અને ૫૦૦ પાઉન્ડની મૂડી પર આ એસોસીએશન લગભગ ભાંગી પડવાની સ્થિતિમાં હતું. પણ કર્નલ ઍન્સેલે એનાં જૂનાં જડ ધારાધોરણો રદ કરી નવા સરળ નિયમો દાખલ કરી લશ્કરી ચોકસાઇ સાથે આ સંસ્થાની પ્રતિષ્ઠા અને વિકાસને ઘણા ઊંચા સ્થાને લાવી દીધાં. આજે આ સંસ્થા શો-જંપિંગના ક્ષેત્રમાં બ્રિટનની અગ્રગણ્ય સંસ્થા છે.



કર્નલ ઍન્સેલ પોતે ઘોડેસવારીની કળાના એક અચ્છા ઉસ્તાદ છે, પણ આશ્ચર્યની વાત તો એ છે કે એમણે જ્યારે આ સંસ્થાનું સંચાલન હાથ ધર્યું તે પહેલાં બે વર્ષ અગાઉથી તેઓ તદ્દન અંધ બની ગએલા હતા. એમણે કરી બતાવેલું કાર્ય આવી અંધ દશામાં જ સિદ્ધ કર્યું છે.

યુદ્ધ પહેલાં તેઓ બ્રિટિશ લશ્કરમાં એક અફસર હતા. ઉપરી અમલદાર તરીકેની એમની કાર્યશક્તિને કારણે બીજા વિશ્વયુદ્ધ દરમિયાન ડંકર્કની લડાઈ વખતે બ્રિટિશ સૈન્યમાં તેઓ સૌથી નાની વયના (૩૨ વર્ષના) કમાન્ડિંગ ઑફિસર હતા. 'અંગત જોખમોની પરવા કર્યા વગર ઠંડી તાકાતથી પરિસ્થિતિનો સામનો કરવા બદલ' એમને 'ડિસ્ટિંગ્વિશ્ડ સર્વિસ ઑર્ડર'નું માન પણ મળેલું અને એ પછી આઠ જ દિવસ

બાદ ફ્રાંસના સેઈન્ટ વૅલેરી બંદર પર એમની આંખો ઈજા પામી અને તેઓ કેદ પકડાયા.

કેટલાક સાથીઓ સાથે તેઓ એક ખેતરાઉ મકાનમાં છુપાઈ રહ્યા હતા ત્યારે એમની જ ટુકડીના સૈનિકોએ એમને જર્મન અફસરો ધારી એમના પર ગોળીઓ ચલાવી અને એમાં એમની ડાબા હાથની આંગળીઓ અને આંખો પર ભારે ઈજા થઈ. થોડા જ સમય પછી ઘાયલ ઍન્સેલ જર્મનોના હાથે કેદ પકડાયા. છાવણીમાં એમની આંખો માટે ઉપચારો તો કરાયા પણ કંઈ વળ્યું નહિ અને ઈ. ૧૯૪૩માં તેઓએ બંને આંખો તદ્દન ગુમાવી, ને એમને સ્વદેશ પાછા મોકલી દેવાયા.

પણ આ કેદી અવસ્થા દરમિયાન ભાવિ યોજનાઓ વિષે વિચારતાં એમને શો જંપિંગનો ખયાલ આવ્યો. કેદી છાવણીમાં એમને કર્નલ કૅમેરૉન અને મેજર કિન્ડરસ્લે જેવા શો-જંપિંગના બે અનુભવી મળી ગયા. સાથે મળી એ સૌએ આ રમત વિષે ખૂબ ખૂબ વિચાર્યું. સ્વદેશ આવ્યા બાદ એમને મનગમતી કામગીરી મળી ગઈ અને ચક્ષુહીન દશામાં પણ એમણે આ દૃષ્ટિરમ્ય રમતને એટલી તો વિકસાવી કે ઈ. ૧૯૫૨માં હેલસિન્કી ઑલિમ્પિકમાં બ્રિટનને એ માટે સુવર્ણચંદ્રક મળ્યો.

અંધાપાને એક આહ્વાન રૂપે એમણે અપનાવી લીધો છે. ફક્ત જોવા સિવાય દેખતો માણસ જે કરી શકે એ બધું જ પોતે પણ કરી શકે એટલી એમને આત્મશ્રદ્ધા છે. રમત દરમિયાન ઘોડાના દાબડા સાંભળીને વગર જોયે તેઓ ઘોડાને ઓળખી લે છે. આડશ કુદાવતાં કોઈ ઘોડાનો પગ એ આડશને અડી જાય કે તેને પાડી નાખે તો એ તેઓ કેવળ અવાજ પરથી જ જાણી જાય છે. સંસ્થાના ઉપક્રમે ચાલતા કાર્યક્રમોમાં ક્યાંયે કોઈ ઊણપ ન રહી જાય એની તેઓ ભારે ચીવટ દાખવી શકે છે.

એમની બે પત્નીઓ પણ કુદરતે આંચકી લીધી છે. બીજી પત્ની તો અકસ્માતમાં અવસાન પામી હતી. એનું દુઃખ વિસારવા એમણે લેખન-પ્રવૃત્તિ આદરી. શો જંપિંગનું કાર્ય હાથ ધર્યા પૂર્વે આ પ્રવૃત્તિ જ એમને કાર્યરત રાખવાનો આધાર હતો. 'સોલ્જર ઑન' નામે એમણે આત્મકથાનક લખ્યું છે. પ્રિન્સ ફિલિપ-ડ્યુક ઑવ એડિનબરએ એની પ્રસ્તાવના લખી છે. આવી પડેલી આપત્તિ પરના વિજયની એ કથામાં જીવનની કરુણતા ના અનુભવતાં મનને સતત કાર્યશીલ રાખવા માટેની લડતના પુરુષાર્થની ઝાંખી થાય છે.

આંખની ખોટ એમણે કદી સાલવા દીધી નથી. પોતાની શિસ્તબદ્ધ કાર્યપ્રણાલિ વડે એમણે જે પ્રવૃત્તિ હાથ ધરી છે તેના વિકાસકાર્યમાંથી આજે તો એમને નિવૃત્તિનો વિચાર કરવાની પણ ફુરસદ નથી રહી. ઈચ્છાશક્તિ સામે કોઇ અવરોધ ટકી શકતો નથી એનું તેઓ એક પ્રબળ ઉદાહરણ છે.

હર્ષદ : મિયાણી

સૌરાષ્ટ્રમાં ગોપ ડુંગરમાંથી નીકળેલી વરતુ નદી જ્યાં સાગરને મળે છે એ સંગમ પર બનેલી નાનકડી ખાડીના એક કાંઠે મિયાણી ગામ છે અને એના સામે કાંઠે કોયલા ડુંગરની તળેટીમાં હર્ષદ માતાનું પ્રખ્યાત મંદિર છે. (જુઓ આ અંકનું મુખચિત્ર) પોરબંદરથી સીધા અને જામનગરથી ભાટિયા થઈને બસમાર્ગે ત્યાં પહોંચાય છે. સૌરાષ્ટ્રની શાક્ત પીઠોમાં મુખ્ય ગણાતી 'કૌલગિરિ પીઠ' તે જ આ કોયલો ડુંગર અને હર્ષદનું થાનક. હર્ષદને હરસિદ્ધ તથા સિદ્ધિદા પણ કહે છે. સંભવ છે કે શંકરાચાર્યના દિગ્વિજય માર્ગનું સૌરાષ્ટ્રમાં આવેલું 'સિદ્ધાંબિકા' પણ આ સ્થળ જ હશે. આ ઉપરાંત, 'કૌલગિરિ'માંનો 'કૌલ' તથા 'હરસિદ્ધ'-માંનો 'સિદ્ધ' શબ્દ, ગુજરાતમાં એક કાળે પ્રવર્તતા 'કૌલસંપ્રદાય' અને 'સિદ્ધ-મત' યા 'નાથ સંપ્રદાય' સાથે આ સ્થાનના તાંતણા જોડી દે છે.

પુરાણકથા એવી છે કે શુંભાસુર દૈત્યનો વધ કરી દેવોને હર્ષ આપનારી બની તેથી આ દેવી 'હર્ષદા' કહેવાઈ. દંતકથા તો વીર વિક્રમ અને ઉજ્જયિની સાથે પણ હર્ષદનો સંબંધ બાંધી આપે છે. ભક્ત શ્રદ્ધાળુએ માને છે કે ઉજ્જયિનીમાં અને અહીં હર્ષદ માતા બાર બાર કલાક રહે છે. બીજી પણ એક કથા છે. કચ્છના શાહસોદાગર જગડુશાનાં સાત વહાણ આ કોયલા ડુંગર સામે દરિયામાં ડૂબી ગએલાં. જગડુશાએ બાધા રાખી ડુંગર પર ખુલ્લામાં બિરાજતાં માતાજીને તળેટીમાં મંદિર બંધાવી તેમાં સ્થાપિત કરવા મનોરથ કર્યો. ડુંગર પરથી નીચે ઊતરવા માતાજીએ પગથિયે પગથિયે એકએક જીવબલિ માગ્યો. એ રીતે, જગડુશાએ બંધાવેલા મંદિરના આસન સુધી પહોંચતાં અનેક જીવોનો ભોગ ધરાવાયો છતાં છેલ્લાં ચાર પગથિયાં બાકી રહ્યાં. ત્યાં બલિનાં ઘેટાંબકરાંની સંખ્યા પૂરી થઈ. તેથી બલિ બનવા માટે જગડુશાનો પુત્ર અને બે પત્ની તૈયાર થયાં ને છેલ્લે પગથિયે જગડુશા પોતે બલિ બન્યો. પ્રસન્ન થઈ માતાજીએ સૌને સજીવન કર્યાં. ત્રીજી પણ એક કથા છે. મિયાણી એટલે કે જૂના કાળમાં 'મિલનપુર'ના રાજા પ્રભાતસિંહની સાતમાંની એક પ્રભાવતી રાણી માતાજીની પરમ ભક્ત હતી. એની અનન્ય ભક્તિને વશ થઈ માતાજી પંડે નવરાત્રિમાં ગરબે રમવા આવ્યાં. આ અજાણ રૂપવંતી પર પ્રભાત ચાવડો મોહી પડ્યો. ગરબે રમીને મંદિર જતાં માતાજી પાછળ એ ગયો ને માતાજીનો શાપ પામ્યો. રાણીએ બહુ કાલાવાલા કર્યા ત્યારે 'રોજ સવારે હોમકુંડમાં હોમાશે પણ પાછો સજીવન થશે' એવી મુક્તિ મળી, પણ એની રાજસંપત્તિનો નાશ થયો ને મિલનપુર પડીને પાધર થયું.

વરતુની ખાડી હોડીમાં પાર કરીએ ત્યારે નદી-સાગરનો સંગમ, ડુંગર અને તળેટીનાં મંદિરો તથા અન્ય સ્થાપત્યો જોઈ એક કાળે અહીં ધમધમતું નગર, બંદર ને ધર્મસ્થાન હશે તેનો અણસાર આવી જાય છે.

કોયલાની તળેટીમાં જ સગવડવાળી ધર્મશાળાઓ, બજાર અને હર્ષદમાતાનું મુખ્ય મંદિર જોવા મળે છે. મંદિરના પ્રવેશદ્વાર પાસે જ જૂનાગઢના એક કવિની સ્મૃતિ 'બ્રહ્મભાટની ઓરડી' તરીકે જળવાએલી છે. આ શક્તિભક્ત કવિને અહીં વાણી ફૂટતાં એણે માતાજીના ચોર્યાસી છંદ રચ્યા હતા. 'સ્વર્ગદ્વાર'માં થઈ મુખ્ય મંદિરમાં આવતાં પૂર્વાભિમુખ માતાજીનાં દર્શન થાય છે. જમણી બાજુ માતાજીનો હિંડોળો ને પૂજારીની ગાદી તથા ડાબી તરફ જગડુશાનો પરિવાર છે. અસંખ્ય યાત્રીઓ અહીં આવે છે જેમાં ગામડાંના લોકો વિશેષ જોવા મળે છે. તેઓ 'હર્ષદ'-ને 'હરસ મટાડનારી' માતા માને છે, અને એથી માતાજીને ચડાવેલાં સોનાચાંદીનાં નેત્રો ખરીદી જઈ, આંગળીએ પહેરવાની વીંટીમાં જડી, હરસ મટે એવી શ્રદ્ધાથી પહેરે છે.

મંદિરની પાસે જ ડુંગર પર જવાનાં પગથિયાં થોડાં ચડીએ ત્યાં, આ સ્થળના પ્રાચીનતમ અવશેષ જેવાં, બે શિખરો વિનાનાં અને એક ચંદ્રશાલાયુક્ત શિખરવાળુ એવાં ત્રણ મૈત્રક મંદિરો જોવા મળે છે. વધુ ઊંચે જતાં જમણે હાથે વરતુ નદી ને ખાડી, ડાબે ઘૂઘવતો સાગર ને સામે ટોચ પર સોલંકી કાળની અદ્‌ભુત કલાકારીગીરીયુક્ત શિખરભંગ અપૂજ મંદિર સુંદર દશ્ય રચી રહે છે. ભક્તો આ મંદિરને હર્ષદનું જૂનું સ્થાનક કહે છે, પણ મંદિરનાં શિલ્પો એને શિવમંદિર ઠેરવે છે. એના મંડોવરમાં ગુજરાતની બેનમૂન શિલ્પકળાના થોડાક શ્રેષ્ઠ નમૂના છે.

ડુંગરની પાછળ નીચે સમુદ્રકિનારે ભીડભંજન મહાદેવના ભગ્નાવશેષો છે. ત્યાંથી કિનારે કિનારે ચાલતાં આવીને તળેટીની ધર્મશાળાએ પહોંચાય છે. સાંજે આરતી પછી પ્રસરતા અંધકારમાં પણ ડુંગર ચડવા સાથે તારલેમઢ્યા આકાશનું દર્શન કે ચાંદનીમાં રૂપ ઘૂઘવતા સાગરનું દર્શન એ પણ એક લહાવો છે. ઉનાળામાં ડુંગર પર રાત ગાળવાનો ને પરોઢિયે પમરતી ચેતનાનો રોમાંચ પણ અકથ્ય છે.

મિયાણી ગામમાં સોલંકી યુગનો કિલ્લો, અંદરનાં બે મંદિરો, એક મંદિરના ભદ્ર ગવાક્ષમાંની લકુલીશની મૂર્તિ, ગામ બહાર પીરની દરગાહમાં પથ્થર થઈ પડેલું ઘેટું, નૈવેદ્યના મોટા ખાંડણિયા, ત્રણચાર માત્ર

સોલંકી મંદિરો (જેમાંની બે વિષ્ણુમૂર્તિઓ જૂનાગઢના સંગ્રહસ્થાનમાં છે), અહીંતહીં રખડતાં શિલ્પખંડો, પાદરમાં વિરાટકાય હનુમાનની ભગ્ન પ્રતિમા, ખાડીના ભાઠોડામાં સિકોતરી માતાનું ભયંકર સ્થાન, થોડે દૂર ગુજરાતની વિરલ ગણાય એવી હજારેક વર્ષ જૂની શ્યામ આરસની બ્રહ્માજીની મૂર્તિવાળી દેરી વગેરે અહીં સુધીના પ્રવાસનું સાર્થક્ય સિદ્ધ કરે છે. ('લોકજીવન'માંના નરોત્તમ પલાણના લેખ પરથી)

દમવેલ

દિલ્હીના ચિકિત્સક ડૉ. શિવપુરીએ આ વેલનો દમના રોગીઓ પર સફળ ઉપયોગ કર્યા પછી આ વનસ્પતિનો પ્રચાર વધતો જાય છે.



આ વેલનાં વિવિધ ભાષાઓનાં પ્રચલિત નામો છે: સંસ્કૃતમાં આંત્રપાચક; હિંદીમાં અન્તમૂલ, જંગલી પિકવન; બંગાળીમાં અન્તોમૂલ; મરાઠીમાં ખડકી રાસ્ના, પિત્તકારી, પીતમરી; તમિળમાં પિપ્પલઇ, નવો હુરુપન; તેલુગુમાં વેરિયળ, કુક્કાપલા; મલાયાલમમાં વલ્લીપાલ; કન્નડમાં કિરુમંજિ અને લૅટિનમાં નામ Tylophora Indica.

અર્કાદિકુલની આ બહુવર્ષીય લતા છે. તેનાં પાન ૫ થી ૭ સે. મી. લાંબાં અને ૩ થી ૫ સે. મી. પહોળાં તથા અણિયાળી અંડાકૃતિવાળાં હોય છે. પાનનો ઉપરનો ભાગ ચીકણો અને ચમકતો તથા નીચેનો ભાગ રાખોડી રંગનો રુવાંટીવાળો હોય છે. તેનાં ફૂલ બહુ નાનાં અને બહારથી હલકા પીળા રંગનાં અને અંદરના ભાગમાં જાંબલી રંગનાં હોય છે. એ ઝૂમખાંમાં થાય છે. તેનાં ફળ ૫ થી ૭ મિ. મી. લાંબાં અને આગળથી અણીવાળાં હોય છે. મૂળ બહુ લાંબાં, બારીક રેસાઓવાળાં, જાડાં અને હલકા પીળા રંગનાં તથા બટકણાં અને ગંધ વિનાનાં હોય છે. મૂળનો સ્વાદ ગળચટો પરંતુ પાછળથી તીખો લાગે છે.

બીજ તેમ જ મૂળની ગાંઠો દ્વારા આ વેલ ઉગાડી શકાય છે. બીજ વર્ષાઋતુની શરૂઆતમાં વાવવામાં આવે છે. લગભગ એક મહિનામાં તેની વેલ તૈયાર થાય છે. તેનાં મૂળની ગાંઠોને અલગ અલગ કૂંડાંઓમાં રોપવામાં આવે છે જે લગભગ બે મહિને કોળે છે.

ચિકિત્સાશાસ્ત્ર અનુસાર દમવેલનાં પાન કફનિઃસારક, સ્વેદલ, રક્તશોધક, પાચક તથા વાયુનું અનુલોમન કરનારાં છે. પાનનો ઉપયોગ દમરોગમાં વિશેષ પ્રમાણમાં થાય છે. ખાસ કરીને તમક શ્વાસ (bronchial asthma) પર તે વધુ અસરકારક છે.

દમના રોગીએ સૂર્યોદય પહેલાં છ દિવસ સુધી રોજ તેનું એકેક પાન ચાવવું અને તેનો રસ ચૂસવો. આ સેવન પછી ઓછામાં ઓછા બેથી ત્રણ કલાક સુધી દર્દીએ આરામ કરવો અને આ દરમિયાન કંઈ પણ ખાવું-પીવું નહિ. આ પાંદડાંના સેવનથી દરદીને ક્યારેક મોઢામાં ચાંદાં પડવાં, મોઢું ફીકું લાગવું, શરીરની ઉષ્ણતા વધવી, ગળામાં ખરસટપણું લાગવું વગેરે જણાય છે. પણ તેથી ગભરાવું નહિ. આ બધા ઉપદ્રવો થોડાક દિવસોમાં જ શમી જાય છે. જેને આ ઉપદ્રવો વધુ માત્રામાં થાય છે, તેને વધુ પ્રમાણમાં ફાયદો થવાનાં પરિણામો પણ જોવા મળ્યાં છે.

પરંતુ આ ઔષધસેવન દરમિયાન રોગીએ તળેલી ચીજો ખાવી જોઈએ નહિ, અને સાંજે સૂતાં પહેલાં લગભગ ૨થી ૩ કલાક પૂર્વે ભોજન કરી લેવું. દમ ઉપરાંત (૧) કફના વિકારોમાં તેનાં પાનના ચૂર્ણને ઘોડાવજ તથા જેઠીમધ સાથે આપવાથી ફાયદો થાય છે. (૨) પ્રસૂતિ થયા બાદ સ્રાવશુદ્ધિ માટે તેનો ઉપયોગ થાય છે. (૩) તેનામાં રસાયન તેમ જ રક્તશુદ્ધિનો ગુણ રહેલો છે. (૪) આમવાત, સંધિવાત, શરીર-પીડા તથા સર્પદંશમાં પણ તેનો ઉપયોગ થાય છે. (૫) આ વનસ્પતિમાં વાતનાશક ગુણ વિશેષ પ્રમાણમાં જોવા મળે છે. ઘરઆંગણે ઉગાડવી સરળ હોઈ આ દમવેલનો લાભ સૌએ લેવા જેવો છે.

('નિરામય'માં) —વૈદ્ય આદિત્યભાઈ પટેલ

ગુજરાતી પ્રથમ વિમાની યુવતી

ગુજરાતની યુવતી પર્વતારોહણ પછી આકાશને આંબવાના પ્રયત્નો કરી રહી છે. ગયા ઑક્ટોબરમાં, રાજકોટની સેકન્ડ ગુજરાત ગર્લ્સ બટાલિયનની સાર્જન્ટ રેશન મહોબ્બતખાન પઠાણે, આગ્રા ખાતે બે હજાર મીટરની ઊંચાઈએથી હવાઈ-કૂદકો મારીને આ સિદ્ધિ મેળવી છે. રેશન રાજકોટમાં વીરાણી આર્ટ્સ કૉલેજમાં અભ્યાસ કરે છે.

હવાઈ કૂદકો મારનાર તાલીમાર્થીનું વજન ઓછામાં ઓછું ૪૧ કિલો તો હોવું જ જોઈએ; કારણ, તે કૂદકો મારે ત્યારે બે હવાઈ છત્રી તેમ જ અન્ય સાધનો સાથે તેની પાસે કુલ પાંત્રીસ કિલોનો બોજ હોય છે; વિમાનમાંથી કૂદતી વખતે પવનના સપાટા વચ્ચે હવાઈ છત્રી પર કાબૂ જાળવવાનો હોય છે; છત્રીના કાપડનો ઘેરાવો ૧૦૦ મીટર હોય છે, અને દોરડાની લંબાઈ સાત મીટરની હોય છે; એટલે પૂરતું વજન ને તાકાત ન હોય તો કૂદકો મારનાર પવનમાં ફેંકાઈ જાય. રેશનનું વજન ૩૮ કિલો હતું; પણ છેલ્લી કસોટી યોજાય તે પહેલાં કસરત-ખોરાક વગેરે વડે તેણે ૪૪ કિલો વજન કરી દીધેલું.

રાજકોટ ગર્લ્સ બટાલિયનમાં પસંદગી પામ્યા પછી, રેશનને અમદાવાદમાં આખા રાજ્યમાંથી આવેલી યુવતીઓ સાથે હરીફાઈ થઈ. તેમાં પસંદગી પામ્યા પછી આગ્રા ખાતે તેમની શિબિર યોજાઈ. તાલીમ દરમ્યાન છત્રી સમયસર ન ખૂલે, દોરડામાં પગ ભરાઈ જાય, ઉતરાણ વખતે જમીન પર માથું પટકાય વગેરે વખતે કેવા દાવપેચ કરવા તેની સમજ અપાય છે. આગ્રા ખાતેના હવાઈદળ-મથકની છત્રીદળ-તાલીમ શાળામાંથી 'પાંખ' મેળવનાર રેશન પઠાણ ગુજરાતની પ્રથમ અને એકમાત્ર

—ગણિતગમ્મત—

(૧)+(૧+૨) .... = ૨^{૨}
(૧+૨)+(૧+૨+૩) .... = ૩^{૨}
(૧+૨+૩)+(૧+૨+૩+૪) .... = ૪^{૨}
(૧+૨+૩+૪)+(૧+૨+૩+૪+૫) ...... = ૫^{૨}
(૧+૨+૩+૪+૫)+(૧+૨+૩+૪+૫+૬) ..... = ૬^{૨}
(૧+૨+૩+૪+૫+૬)+(૧+૨+૩+૪+૫+૬+૭) ... = ૭^{૨}
(૧+૨+૩+૪+૫+૬+૭)+(૧+૨+૩+૪+૫+૬+૭+૮) .. = ૮^{૨}
(૧+૨+૩+૪+૫+૬+૭+૮)+(૧+૨+૩+૪+૫+૬+૭+૮+૯) = ૯^{૨}
અને એ પ્રમાણે આગળ ગમે ત્યાં સુધી. (મ. ના. ખત્રી)

યુવતી છે. આ સિદ્ધિ પછી તેની ઈચ્છા 'સ્કાઈ ડાઇવિંગ' કરવાની છે. હવાઈ છત્રીના ૫૦ કૂદકા પૂરા કરનારને જ 'સ્કાઈ ડાઇવિંગ' કરવા દેવાય છે. આમાં તાલીમાર્થીએ ૪૫ હજાર મીટરની ઊંચાઈએથી હેલીકૉપ્ટરમાંથી કૂદકો મારવાનો હોય છે. સ્વયં સંચાલિત હવાઈ છત્રી, કૂદકો મારનાર બે હજાર ફૂટ નીચે આવે પછી ખૂલે છે. એ સમયગાળા દરમ્યાન તેણે અંગકસરતના પ્રયોગ કરવાના હોય છે. —('યોજના' - 'નવનીત')

ગુજરાતનો એકમાત્ર વનસ્પતિ-ઉદ્યાન

દક્ષિણ ગુજરાતના છેડે આવેલો ડાંગ જિલ્લો અખૂટ વનસ્પતિથી છલકાતાં ગાઢ જંગલો, વિશિષ્ટ આબોહવાવાળો અને દોઢ કરોડ જેટલી જંગલ-ઊપજની આવક આપતો ગુજરાતનો નાનામાં નાનો જિલ્લો છે.

આઝાદી બાદ રાજ્ય સરકારે વનવૃદ્ધિની વિવિધ યોજનાઓ સાકાર કરતાં ડાંગ જિલ્લાની વનસમૃદ્ધિને અનુલક્ષીને ઈ. ૧૯૬૪–૬૫ની સાલમાં વઘઈ નજીક અંબિકા નદીના કિનારે ડાંગ જિલ્લાના પ્રવેશદ્વાર ગણાતા ત્યાંની ફળદ્રુપતાને લક્ષમાં લઈને ૬૦ એકરના વિશાળ વિસ્તારમાં એક વનસ્પતિ-ઉદ્યાનની રચના કરી છે. ગુજરાતનો તે એકમાત્ર વનસ્પતિ-ઉદ્યાન છે.



વઘઈ (ડાંગ) નજીકના વિશાળ વનસ્પતિ-ઉદ્યાનનું પ્રવેશદ્વાર

વનસ્પતિના સંશોધકો અને એ શાસ્ત્રના અભ્યાસી વિદ્યાર્થીઓનાં પ્રત્યક્ષ નિરીક્ષણ માટે જરૂરી સવલતો ઊભી કરવાના તેમજ સામાન્ય જનસમાજમાં વનસ્પતિ વિષેની રસવૃત્તિ પ્રકટાવવા સાથે દરેક જાતનાં દેશી તેમજ પરદેશી વૃક્ષો તથા ઔષધીય વનસ્પતિ ઉછેરીને તેની જાળવણી કરવાના હેતુને પણ આ ઉદ્યાનની રચનામાં લક્ષમાં લેવાયો છે.

ઉદ્યાનમાં વિવિધ વિભાગો પાડીને તેમાં જુદાજુદા પ્રદેશોની સદા હરિયાળી, અર્ધહરિયાળી, ભેજવાળી પાનખર, શુષ્ક પાનખર, કાંટાળી ને રણની વનસ્પતિ વગેરે વિવિધ પ્રકારની ઉછેરવામાં આવે છે. હાલમાં ૧૨૦૦થી યે વધુ જાત આ ઉદ્યાનમાં જોવા મળે છે.

ઉદ્યાનના પ્રવેશદ્વાર પાસે જ પ્રવાસીઓ માટે વિવિધ પ્રકારનાં આકર્ષણો ઊભાં કરીને વનસ્પતિસૃષ્ટિના વિકાસનો આછેરો ખયાલ આપવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. ત્યાર બાદ આકર્ષક લૉન અને બન્ને બાજુ વિવિધ વૃક્ષોથી છવાએલા માર્ગ પર આગળ જતાં જમણી તરફ ડાંગની વનસ્પતિનો પ્લૉટ આવે છે. ત્યાં ઊંચા, સુડોળ સાગ, સાદડ અને કિલઈનાં વૃક્ષો જોવા મળે છે. આ પ્લૉટમાં અહીંની મૂળ વનસ્પતિ ઉપરાંત ડાંગ જિલ્લામાં ન મળતી દરેક વનસ્પતિ પણ બહારથી લાવીને ઉછેરવામાં આવી છે. એ રીતે હાલ એમાં ૩૦૦ ઉપરાંત નમૂના જોવા મળે છે. આ દરેક વનસ્પતિ આગળ તેનું નામ, નામકરણ કરનારનું નામ, વનસ્પતિ વંશ તથા તેનું ગુજરાતી નામ પણ નિદર્શિત કરવામાં આવ્યાં છે. આના પછી આગળ કૉન્ઝર્વેટરી પ્લૉટમાં હંસરાજ, કેકારુ અને મૃદુ વનસ્પતિના નમૂના જોવા મળે છે.

એક પ્લૉટ તો ખાસ ગુલાબ માટે જ છે. તેમાં કેસરી, પીળા, લાલ, સફેદ, કાળા એમ અનેક જાતના ગુલાબના છોડ છે. જ્યારે ચિર-હરિયાળીના પ્લૉટમાં કેરળ, કર્ણાટક, આસામ, આંદામાનની વનસ્પતિઓ જોવા મળે છે. ત્યાર બાદ રોપ-ઉછેર કેન્દ્રમાં બહારથી આવેલા તેમજ અન્ય ઉદ્યાનોમાંથી મેળવેલા છોડનાં બીજ તથા ઉછેરેલા રોપ જોવા મળે છે.

કાંટાળી વનસ્પતિનો પણ એક અલગ પ્લૉટ છે. તેમાં ૨૫૦થી ૭૫૦ મિ. મી. સુધીના વરસાદમાં ઊગતી વનસ્પતિઓ ઉછેરવામાં આવી છે. તેમાં બનાસકાંઠા, રાજસ્થાન વગેરે પ્રદેશની વનસ્પતિઓ છે. જેમાં ગાંડો બાવળ, સમડો, અસિયાર બોર, રગત, રોહિડો, ખરસણો, ઝાપરો વગેરે અર્ધ રણપ્રદેશની વનસ્પતિઓ છે.

આ જ રીતે વાંસના પ્લૉટમાં ભારતમાં થતી ૧૨૦ જેટલી વાંસની જુદીજુદી જાતો ઉગાડવાનો ખયાલ છે. હાલ આ પ્લૉટમાં વાંસની ૨૨ જેટલી જાતો ઊછરી રહી છે, જેમાં બર્માનો રાક્ષસી કદનો (અનુ. પૃ. ૧૨૪)

પરદેશનાં પત્રમિત્રો

માત્ર વિદેશ અને પરદેશમાં વસતા હિંદી પત્રમિત્રોનાં જ નામ આ વિભાગમાં પ્રકટ થાય છે. વળી અહીં પ્રકટ થતાં નામો ઉપરાંતની કોઈ યાદી અમારી પાસે રહેતી ન હોઈ વ્યક્તિગત રીતે મોકલવાનું શક્ય નથી, એટલે એ અંગે તથા આ નામો પ્રકટ કરવા સિવાય એ વિષેની અન્ય કોઈ બાબતોની અમારી જવાબદારી ન હોઈ એ માટે પૃચ્છા ન કરવાની સૌ મિત્રોને વિનંતિ છે.

નીચે આપેલાં દરેક નામ-સરનામાં પછી આ રીતે—( )કૌંસમાં પત્રમિત્રની જાતિ (M=પુરુષ, F=સ્ત્રી) અને વય દર્શાવ્યાં છે.

(9) Frances Arnesen, 12 Williams Street, Christchurch 1, S. Island, New Zealand—(F–16), Stamps, swimming, needlework. (10) Bea van Lacken, Dendermandse Steenweg 797, 9120 Destelbergen, Belgium—(F—16), Swimming, reading, music. (11) Kerrie Slow, P. O. Box 51, Kariba, Rhodesia, Africa—(F—17), Stamps, postcards, reading, swimming. (12) Georgia K. Lee, 170—2nd Street, Lebanon, Oregon 97355, U.S.A.—(F—17), General interests. (13) Susanne Billinger, Com. Biled No. 48, Judetul, Timis, Rumania—(F—18), General interests. (14) Anne Marie Gillick, 23 Hamilton Drive, Gambuslang, Glasgow G 27 8 JQ, Scotland. (15) N. Maria de Queiroz Pinto, Praia de Botafogo, 484—Apto. 805, 20,000 Botafogo, Rio de Janeiro, Brazil—(F—29), General interests. (16) Patrieia L. Smith, 44, Woodworth Avenue, Jamestown, N. Y. 14701, U.S.A.—(F—34), Viewcards, sports. (ચાલુ)

આ માસ (માર્ચ) ઇતિહાસમાં

તા. ૨ (૧૯૪૯) પોતાના કાવ્યગાનની ધારા અને કવિત્વભરી વાક્છટા વડે દેશવિદેશમાં 'હિંદના બુલબુલ' તરીકે વિખ્યાત તથા દેશના સ્વાતંત્ર્ય સંગ્રામમાં હિંદી નારીનાં એક અગ્રણી પ્રતિનિધિ કવયિત્રી સરોજિની નાયડુનું અવસાન. 'ગોલ્ડન થ્રેશૉલ્ડ', 'પોએમ્સ ઑવ લાઈફ ઍન્ડ ડેથ', 'બર્ડ ઑવ ટાઈમ' અને 'બ્રોકન વિંગ' એમના જાણીતા કાવ્યસંગ્રહો છે. હિંદી સ્ત્રીઓને મતાધિકાર અપાવવામાં તેઓ અગ્રણી હતાં. લખનૌમાં મળેલી કૉંગ્રેસની ૪૦મી બેઠકનાં તેઓ પ્રમુખ અને સ્વાતંત્ર્ય બાદ ઉત્તર પ્રદેશનાં ગવર્નર હતાં. દેશનાં તેઓ પ્રથમ સ્ત્રી ગવર્નર હતાં. ઈ. ૧૯૪૭માં એશિયન રીલેશન્સ કૉન્ફરન્સનાં પણ તેઓ પ્રમુખ હતાં.

તા. ૬ (૧૪૭૫) ઈટાલીના જગવિખ્યાત કલાકાર, શિલ્પી, સ્થપતિ અને કવિ માઈકલ ઍન્જેલોનો જન્મ. આ વર્ષે એની ૫૦૦મી જન્મજયંતીનું છે. (આ નિમિત્તે એનો અને એની કળાનો પરિચય હવે પછી.)

તા. ૧૦ (૧૮૭૬) એ. ઈ. ડૉલબીઅર અને ડૅનિયલ ડ્રૉબાઘે તથા પ્રો. એલિશા ગ્રેના દાવા સામે ફતેહ પામી ઍલેક્ઝાંડર ગ્રેહામ બેલે ટેલિફોનના પ્રથમ શોધક તરીકે સત્તાવાર મંજૂરી મેળવી.

તા. ૧૧ (૧૭૦૨) દુનિયાનું સૌ પહેલું અંગ્રેજી દૈનિક સમાચારપત્ર 'ડેઈલી કરન્ટ' પ્રસિદ્ધ થયું.

તા. ૧૪ (૧૯૪૮) હિંદી કારીગરીનું પ્રથમ જહાજ ૮૦૦૦ ટનનું 'જળઉષા' તરતું મુકાયું.

તા. ૧૫ (ઈ.સ. પૂર્વે ૪૪) લગભગ ભગ્નાવસ્થાએ પહોંચેલી રોમન લોકશાહીમાં સૈન્યના બળે બધી રાજસત્તા હાથ કરીને એને સુધારવા ખેતીનો વિકાસ, પરદેશીઓને રોમન નાગરિકત્વ, જાહેર પુસ્તકાલય, નવું પંચાંગ, નવા કાયદા વગેરે દ્વારા રોમની પ્રતિષ્ઠા અને ગૌરવની પુનઃસ્થાપના કરવા માટે પોતાની સત્તાનો ઉપયોગ કરવા બદલ લોકશાહીમાં માનનાર ચોખલિયાઓએ ને વિરોધીઓએ જુલિયસ સીઝરને સેનેટમાં બોલાવી દગાથી એનું ખૂન કર્યું.

તા. ૧૮ (૧૯૬૫) સોવિયેત એર ફૉર્સ ઑફિસર લેફ. કર્નલ ઍલેક્સેઈ લીઓનૉવે પૃથ્વીથી અધ્ધર લગભગ ૪૮૩ કિ. મી. દૂર અવકાશમાં, પોતાના યાનમાંથી બહાર નીકળીને થોડાં ગોઠમડાં ખાઈ તથા થોડી પળ ઊંધે માથે લટકી રહ્યા બાદ કેટલીક છબિઓ લીધી અને અમુક વૈજ્ઞાનિક પ્રયોગો કર્યા. અવકાશયાનની બહાર ખુલ્લા અવકાશમાં નીકળવાનો માણસનો આ સૌ પ્રથમ પ્રયોગ હતો.

તા. ૨૧ (૧૭૯૧) અંગ્રેજોએ ટીપુ સુલતાન પાસેથી બૅંગલોર શહેર લઈ લીધું. બીજે વર્ષે આ જ માસની ૯મી તારીખે મ્હૈસૂરના આ વાઘ પાસેથી અંગ્રેજોએ અર્ધું મ્હૈસૂર પણ પડાવી લીધું હતું.


તા. ૨૩ (૧૮૫૪) હિંદુસ્તાનમાં પહેલવહેલી વીજળી નખાઈ.

તા. ૨૫ (૧૮૯૮) ગુજરાતી સાહિત્યના એક અગ્રગણ્ય ઉદ્ધારક અને પ્રચલિત વાતાવરણમાંથી સદંશો ને સંસ્કાર ઝીલી, સદાચાર અને ધર્મવિષયમાં રત રહેવા સાથે સૌને મીઠી લાગે એવી શાંત, સુધારાના બોધવાળી અને વ્યવહારદક્ષતા ભરેલી, જનસામાન્યથી સમજી શકાય તેવી ઘરગથ્થુ શબ્દોથી શોભતી કવિતાઓના સર્જક દ્વારા ધીરેધીરે સમાજસુધારો દાખલ કરવાના હિમાયતી કવિ દલપતરાય ડાહ્યાભાઈનું નિધન.

તા. ૨૭ (૧૬૬૮) સૂરતમાં કોઠી નાખી ત્યારથી મુંબાઈનો ટાપુ હાથ કરવાની અંગ્રેજોને ઇચ્છા હતી. આ માટે વલંદાઓ સાથે મળી એમણે ઈ. ૧૬૨૬માં મુંબાઈ પર ચડાઈ કરી લૂંટ ચલાવીને આગ લગાડેલી. ત્યાર બાદ ઇંગ્લૅન્ડના રાજાએ પોર્ટુગાલની કુંવરી સાથે લગ્ન કરતાં એને કન્યાદાનમાં આ ટાપુ મળ્યો. આ પછી રાજાના પ્રતિનિધિઓ આ ટાપુનો વહીવટ કરતા અને એ અંગે ઈસ્ટ ઇંડિયા કંપનીના માણસો સાથે વારંવાર ટંટા પણ થતા. અંતે ઈ. ૧૬૬૮ના આ દિવસે વાર્ષિક દસ પાઉન્ડની ગણોતના બદલામાં કંપનીએ આ ટાપુનો પટ્ટો મેળવ્યો. ૧૯૦ વર્ષના ભોગવટા પછી ઈ. ૧૮૫૮માં રાણી વિક્ટોરિયાએ હિંદમાં પોતાનું સાર્વભૌમત્વ જાહેર કર્યું ને અંગ્રેજ સરકારનો તેના પર અમલ શરૂ થયો.

તા. ૨૮ (૧૮૧૮) વરાળયંત્રોથી ચાલતાં હલેસાં ચકોવાળા જહાજ વડે આટલાંટિક પાર કરવાનો પ્રથમ પ્રયાસ થયો. એ જહાજ 'સાવાનાહ' ન્યૂ યૉર્કથી યુરોપ આવવા નીકળેલું. હલેસાં ચક્રો ઉપરાંત એમાં ત્રણ કૂવાથંભો સાથે સઢની પણ વ્યવસ્થા હતી. મર્યાદિત જથ્થામાં જ બળતણ લઈ શકવાને કારણે ૨૮ દિવસની યાત્રામાં એનાં વરાળયંત્રો તો માત્ર ૮૦ કલાક જ કામમાં લેવાયાં હતાં.

માસમાસ (માર્ચ-એપ્રિલ)ના આકાશમાં



'મિથુન' અને એની ઉત્તર દક્ષિણનાં તારામંડળો બાદ હવે કર્ક (Cancer) તથા 'સિંહ' (Leo)ના તારામંડળ જોઇએ.

'કર્ક'ના તારા ઝાંખા અને એનો વિસ્તાર નાનો છે. પણ એમાં નરી આંખે યે પામી શકાતું 'મે-૪૪' યા Praesepe નામનું લગભગ ૩૦૦ જેટલા છૂટાછવાયા તારાવાળું ગુચ્છ નોંધનીય છે. દૂરબીનમાંથી આ તારાગુચ્છ સુંદર દેખાય છે.

'સિંહ' તારામંડળ તો એના તેજસ્વી તારાઓ તથા ગૌરવપૂર્વક બેઠેલા સિંહ આકારમાં આ મંડળના તારાઓનાં સ્થાનને કારણે જાણીતું છે. એમાં અગ્રભાગે સિંહના મસ્તક પછી ગરદનના સ્થાને અથવા તો દાતરડા જેવા આકારે ગોઠવાએલા આ તારાઓમાં દાતરડાની મૂઠને છેડે ઝૂમતું કે હીરો જડ્યો હોય તેમ જે એક તેજસ્વી તારો ધ્યાન દોરે છે એ છે 'મઘા' (Regulus). મઘા નક્ષત્ર મંડળમાં પણ ગણના થાય છે. મઘા તારો અને એની પાસેનો Algieba તારો એ બંને યુગ્મ તારા છે. મઘા આપણાથી ૮૪ પ્રકાશવર્ષ દૂર અને સૂર્યના કરતાં સવાસો ગણો તેજસ્વી તારો છે અને તે બરાબર ક્રાન્તિવૃત્ત પર આવેલો છે. સિંહની પૂછડી પાસેનો 'ઉત્તરા ફાલ્ગુની' પણ જાણીતો તેજસ્વી તારો છે.

સિંહની બાજુમાં જ સિંહિકા (Leo minor) નામે એક નાનું મંડળ છે એ પણ અહીં જોઈ લઇએ.

ભૂલ-સુધાર

આ અંકના ત્રિરંગી મુખચિત્ર નીચે કેટલીક નકલોમાં તેના ચિત્રકારનું નામ ભૂલથી 'મગનલાલ દેસાઈ' છપાયું છે ત્યાં 'મગનલાલ ત્રિવેદી' વાંચવું.

ઉપજાતિ

કર્તવ્યનો 'શ્રી' લખી દઉં હું રહેલાં,
પછી 'સવા' આવી ઊભે ફળેલા.

—ગોવિન્દભાઈ પટેલ

ઈ. ૧૯૩૨ના ઉપવાસ પછી યરવડા જેલમાં મહાત્માજી વાતો કરતા બેઠા હતા. પાસે જ સગડી પર પાણી ગરમ થતું હતું. તે ગરમ થઈ રહેતાં એક કેદીએ વાસણ ઉતારી લીધું, પણ સગડીમાં રહેલા થોડાક કોલસા ઓલવ્યા નહિ. મહાત્માજીએ તે જોતાં જ વાતમાં વિક્ષેપ પાડીને પણ પેલાને સગડી ઓલવી નાખવા કહ્યું. આ જોઈ પાસે બેઠેલા જેલ-અમલદારે કહ્યું: 'કોલસા સરકારી છે; આપ તેની ચિંતા શા માટે કરો છો?' લાગલા જ મહાત્માજીએ કહ્યું: 'ના, એ તો જાહેર પ્રજાનાં નાણાંના કોલસા છે. અને તેમ ન હોય તો પણ એટલી દેશની સામગ્રી એળે જવા કેમ દેવાય?'

∞

અનેકાર્થી શબ્દ: **ચોકડી**= × આવી આકૃતિ; પાણી ઢોળવા માટેનું ખાળવાળું કડિયાકામ; ચારની ટોળી; ચાર યુગનો સમુદાય; ગંજીફાની ચોકટ; એક ભાત; ચાર ઘોડા કે બળદ જોડેલા હોય તેવી ગાડી; ચોરાશી કે દેશતેડું; ધૂળ કે કાંકરી માપવાનું લાકડાનાં પાટિયાંનું પોલું ખોખું; લગામ.

∞

કહેવતોના અર્થ: 'સૌ ગયાં સગે વગે, ને વહુ રહ્યાં ઊભે પગે.' (ઊભે પગે=એકલાં પડીને)–જૂના જમાનામાં વહુની જે ઓશિયાળી સ્થિતિ હતી તેના દષ્ટાંત પર રચાએલી આ કહેવત, નાનાં નબળાં કે આશ્રિતની દરકાર રાખ્યા વિના પોતપોતાની સુખસગવડ શોધી લે કે સ્વાર્થ સાધી લે એ સ્થિતિ દર્શાવવા વપરાય છે.



વિષુવવૃત્તની ઉત્તરે ઝંઝાવાત ઘડિયાળના કાંટાથી ઊંધી દિશામાં ચક્કર લે છે, જ્યારે વિષુવવૃત્તની દક્ષિણે એ ઘડિયાળના કાંટાની દિશામાં ઘૂમે છે!

गुणो भूषयते रूपम्
शीलं भूषयते कुलम् ।
सिद्धिः भूषयते विद्यां
दानो भूषयते धनम् ॥

ગુણોથી સૌંદર્ય શોભે છે, સદાચારથી કુળની શોભા થાય છે, અભ્યાસની સિદ્ધિ વડે વિદ્યા અને દાન કરવાથી ધન શોભે છે.



–'ચન્દ્ર'

(સંદેશ)



યુનાઈટેડ સ્ટેટ્સ ઑફ અમેરિકાએ કાઢેલો સૌ પ્રથમ સિક્કો: ઈ. ૧૭૮૭નો ફ્યુજિયો સેન્ટ.' એ 'ફ્રૅન્કલિન સેન્ટ'ના નામે પણ ઓળખાય છે, કેમ કે એના ઉપર (ડાબી બાજુ)ના ચિત્રમાં 'માઈન્ડ યૉર બિઝનેસ' (તમારું કામ સંભાળો) એવું ફ્રૅન્કલિનનું ગણાતું સૂત્ર કોતરેલું છે. મથાળે સૂર્ય અને તેની નીચે તડકા ઉપરથી સમય માપવાના સૂર્યયંત્રનું આલેખન છે. તે એમ દર્શાવે છે કે સમય ઘણો ઝડપથી પસાર થઈ જાય છે; અને તેથી જ તેની નીચે લખેલું સૂત્ર ઉપયુક્ત છે. જમણી બાજુના ચિત્રમાં અમેરિકાનાં તેર રાજ્યોના પ્રતીકરૂપ તેર કડીઓ એકબીજીમાં પરોવાઈને ગોળ સાંકળ રૂપ બનેલી દર્શાવેલી છે તે, અમેરિકાના સ્વાતંત્ર્ય સમયે રચાએલાં તેનાં તેર રાજ્યોની એકસંપી દર્શાવવા યોજી છે, જેની વચ્ચે લખેલા સૂત્ર 'વી આર વન' (અમે એક છીએ)ને તે સાર્થ કરે છે.



કલાકણિકા: વિશ્વ હૉકી સ્પર્ધાની 'વર્લ્ડ કપ ટ્રૉફી.' હાથીદાંતની બેસણી પર સોનારૂપાની કારીગરીવાળી આ ટ્રૉફી પૃથ્વીના ગોળા પર હૉકી અને બૉલની સૂચક રચના સાથે કુલ ૬૫૦ મિલિમીટર ઊંચી છે. એનું ડિઝાઈન પાકિસ્તાની સૈન્યના બશીર મુજીદે કરેલું છે.

ટપાલ-ટિકિટની કથા



તાજેતરમાં પાકિસ્તાન સામે જ્વલંત વિજય મેળવીને ભારત જેમાં વિશ્વ ચૅમ્પીઅન બની 'વર્લ્ડ કપ ટ્રૉફી' અને સુવર્ણ-ચંદ્રક જીત્યું એ, કુઆલાલામ્પુર (મલયેશિયા)માં રમાએલી ત્રીજી વિશ્વ હૉકી ટૂર્નામેન્ટ નિમિત્તની આ ત્યાંની એક ટિકિટ છે. (પ્રેષક: પ્રો. વસંત જોષી અમદાવાદ) તેમાં હૉકી રમતા ખેલાડીઓ ઉપરાંત 'આંતરરાષ્ટ્રીય હૉકી ફેડરેશન'ની સંજ્ઞા તથા વિજેતા દેશને અપાતી ટ્રૉફીનું આલેખન છે.

ભારત અને પાકિસ્તાનના સંયુક્ત સૂચનથી ઑલિમ્પિક ટુર્ના. ઉપરાંત વિશ્વસ્તર પર અલગ હૉકી સ્પર્ધા માટે આયોજન થયું અને ઈ. ૧૯૭૧માં બાર્સિલોના (સ્પેઈન)માં આવી પ્રથમ સ્પર્ધા યોજાઈ. તેમાં દસ દેશોમાં પાકિસ્તાને પ્રથમ, સ્પેઇને બીજું અને ભારતે ત્રીજું સ્થાન મેળવ્યું હતું.

બીજી સ્પર્ધા ઈ. ૧૯૭૩માં આમ્સ્ટરડામ (નેધરલૅન્ડ્ઝ)માં થઈ જેમાં અનુક્રમે નેધરલૅન્ડ્ઝ, ભારત અને પાકિસ્તાને પ્રથમ ત્રણ સ્થાન મેળવ્યાં. છેલ્લે આ વર્ષે ભારત વિશ્વ-ચૅમ્પીઅન બન્યું. બીજું પાકિસ્તાન અને ત્રીજું પ. જર્મની આવ્યું. હવે પછી એના બદલે દર ચાર વર્ષે આ સ્પર્ધા યોજાશે. આવતા વર્ષે મૉન્ટ્રીઅલ (કૅનૅડા)માં યોજાનારા ઑલિમ્પિક રમતોત્સવમાં આ ત્રણે દેશો ઉપરાંત એમની પછીના ક્રમના મલાયા, ઑસ્ટ્રેલિયા ને ઇંગ્લૅન્ડ હૉકી સ્પર્ધામાં ભાગ લેશે.

અનુ] **ગુજરાતનો એકમાત્ર વનસ્પતિ ઉદ્યાન** [પૃ. ૧૨૭થી

વાંસ ભારતમાં સૌથી મહત્ત્વનો ગણાતો માનવેલ, કાંટસ, પીળા રંગનો દેખાવડો, બામ્બુ અને બલ્ગેરિયન બામ્બુ વગેરે સાથે ઝુંડમાં થતા વાંસ મોટા વૃક્ષ જેવા થતા જાડા ને ઊંચા વાંસ વગેરેનો સમાવેશ છે.

આયુર્વેદના મહત્ત્વને પિછાનીને તેમજ આયુર્વેદના અભ્યાસીઓને આ અંગે સંપૂર્ણ માહિતી મળે તે હેતુથી ઓષધીય વનસ્પતિઓ માટેનો પણ એક ખાસ પ્લૉટ છે. તેમાં હાલ ૧૫૦ જેટલી વનસ્પતિઓ છે. સર્પગંધા, અશ્વગંધા, દસમૂળ, ઠંદો, મધુનાશિની, બ્રાહ્મી, આમળાં, બેડાં, હરડે, ચિત્રક વગેરે અનેક ઔષધીય વનસ્પતિ અહીં જોવા મળે છે.

વનસ્પતિના વર્ગીકરણમાં સહાયક તેમજ વનસ્પતિના અભ્યાસમાં અતિ મહત્ત્વના એવા વર્ગીકરણના ખાસ પ્લૉટમાં જુદી જુદી વનસ્પતિના વંશોની વિશિષ્ટતા સૂચવતા નમૂનારૂપ એકએક જાતના રોપ ઉછેરવામાં આવ્યા છે. વનસ્પતિશાસ્ત્રમાં એકબીજાનાં લક્ષણોની સરખામણી તથા તફાવતને અનુલક્ષીને દરેક વનસ્પતિને જુદાજુદા વિભાગમાં વહેંચી કાઢવામાં આવેલી છે અને સંભવિત ઉત્પત્તિક્રમ મુજબ એક વનસ્પતિ બીજી જાત સાથે વધુ મળતી આવે તેમ એકસાથે મૂકવામાં આવી છે, જેને 'જીનસ' કહે છે. આવા જીનસ મળીને વનસ્પતિનું 'કુટુમ્બ' બને છે. ત્યાર બાદ 'કુટુમ્બો' મળીને 'વર્ગ', વર્ગો મળીને 'ક્લાસ', અને 'ક્લાસો' મળીને 'વિભાગ' થાય છે. અને આ વિભાગો મળીને 'સામ્રાજ્ય' થાય છે. વર્ગીકરણમાં કુટુમ્બને જ મુખ્ય એકમ ગણવામાં આવે છે અને આ એકમના ગુણો જાણવાનું વનસ્પતિશાસ્ત્રમાં ઘણું મહત્ત્વનું છે. વનસ્પતિનાં આ અંગેનાં લક્ષણો જાણવા માટે જ આ પ્લૉટની રચના થઈ છે. એમાં મોરવેલથી માંડીને સાગના ઝાડ સુધીની વનસ્પતિસૃષ્ટિના ઉત્ક્રાંતિપથમાં આવતાં કુટુમ્બોનો સમાવેશ કરાયો છે. હાલ ૧૨૫ કુટુમ્બોની ૬૯૦ જેટલી વનસ્પતિ અહીં જોવા મળે છે.

જનસામાન્યના લાભ અને આકર્ષણ માટે પણ અહીં અનેક પ્રયાસો થયા છે. જેમાં સુશોભન-છોડ, લૉન, સીઝનલ બોર્ડર્સ, એક ફુવારો, ઉજાણીગૃહ વગેરેનો સમાવેશ થાય છે. વળી, દરેક રસ્તા ઉપર જુદીજુદી જાતનાં ૫૯ જેટલાં શોભનવૃક્ષો રોપવામાં આવ્યાં છે.

આ બધા પ્લૉટોના વિકાસની સાથોસાથ રણપ્રદેશની, દરિયાકિનારાની અને પાણીની ખાસ વનસ્પતિઓ ઉછેરવાની નેમ પણ છે. વધુમાં તાજેતરમાં જ ઉદ્યાનમાં એક મકાન બનાવી તેમાં જુદીજુદી વનસ્પતિના લગભગ ૧૦૦૦ જેટલા સૂકવેલા નમૂનાનું સંગ્રહસ્થાન તથા ૧૦૦ ઉપરાંત સંદર્ભ ગ્રંથો સહિત એક નાનકડી પ્રયોગશાળા પણ યોજવામાં આવ્યાં છે.

આમ સમગ્ર ગુજરાત રાજ્યમાં નમૂના રૂપ એવો આ વનસ્પતિ ઉદ્યાન વનસ્પતિશાસ્ત્રના અભ્યાસીઓને જ નહિ પણ સમગ્ર રાજ્યની જનતાને નિહાળવા લાયક બની ચૂક્યો છે. વનસંપત્તિની દૃષ્ટિએ ઠીક ઠીક પછાત એવા ગુજરાત રાજ્યમાં આવો વનસ્પતિ-ઉદ્યાન રચવાનું રાજ્ય સરકારનું આ પગલું ખરેખર આવકાર્ય અને પ્રશંસનીય છે. સાપુતારા જતા સહેલાણીઓએ આ ઉદ્યાનની મુલાકાત અવશ્ય લેવી ઘટે.

STATEMENT

STATEMENT of ownership and other particulars about the newspaper 'Kumar'

as required to be published under rule 8 of the Registration of Newspapers (Central) Rules 1956.

1. Place of Publication	Kumar Printery, 1454 Raipur, Ahmedabad-1
2. Periodicity of its Publication	Monthly
3. Printer's Name & Nationality	Bachubhai P. Rawat (For Kumar Karyalaya Ltd.) Indian
Address	1454 Raipur, Ahmedabad-1
4. Publisher's Name & Nationality	Bachubhai P. Rawat (For Kumar Karyalaya Ltd.) Indian
Address	1454 Raipur, Ahmedabad-1
5. Editor's Name & Nationality	Bachubhai P. Rawat Indian
Address	1454 Raipur, Ahmedabad-1
6. Names and addresses of individuals who own the newspaper and are partners or share holders holding more than one per cent of the total capital.	(1) Chinubhai C. Shah and Mangalagauri Chinubhai Shah, 22 B.N. Kapol Nivas, Vincent Road, Bombay-19 (2) Chhotalal Jivraj Sheth 125 Medows Street, Bombay-1 (3) Indumati Chaitanyaprasad Diwanji, 'Paradise', Shahibag, Ahmedabad-4 (4) Mahendrabhai Shantilal Shah,

Shahibag, Ahmedabad-4 (5) Kusumben Champaklal Banker, Kochrab, Opp. Kagdiwad, Ahmedabad-6 (6) Dhirendra Nanjibhai Mehta, Swastik Bhuvan, Uganda Road, Porbandar (7) Lady Tanumati Chinubhai, Shanti Kunj, Shahibag, Ahmedabad-4 (8) Parshuram Premshanker & Rameshchandra P. Raval, C/o Raval Bros., 185 Princess St., Bombay-2 (9) Isuf Abdul Qaiyum Faizullabhai, Karim Bag, Athva Lines, Surat (10) Bhartiben Ramakant Mehta, Moti Mahal, Churchgate Reclamation, Bombay-1 (11) Jadavlaxmi R. Kamani and Poonamchand R. Kamani, Kamani Chambers, Bombay-1 (12) Bai Triveni, Widow of Pranjivan K. Desai, 47 C. P. Tank, Jadhav Bag, Bombay-4 (13) Amritlal P. Trivedi, Mines Owner, Balaghat (M.P.) (14) Narendra Ravishanker Raval, Brahmin Mitra Mandal Society, Ahmedabad-6 (15) Gajendra Ravishanker Raval, Brahmin Mitra Mandal Society, Ahmedabad-6 (16) Kanak Ravishanker Raval, Brahmin Mitra Mandal Society, Ahmedabad-6 (17) Mrs. Rashmibala D. Trivedi & Miss Rajanibala K. Pandya, 587, 18th Road, Khar, Bombay-21 (18) Prabhudas Balubhai Patwari & Smt. Savita Prabhudas Patwari, 80 Parimal Society, Ahmedabad-6 (19) Girdharlal Damodardas, 'Prerana', Ambavadi, Ellis Bridge, Ahmedabad-6 (20) Janardan Pranshanker Raval, Mahashanker Bhuvan, Takhteshvar, Bhavnagar (21) Lt. Col. (Retd.) Balvantrai J. Bhatt, Krishna Bag, Maninagar, Ahmedabad-8 (22) Purushottam G. Mavalankar & Purnima P. Mavalankar, 'Pragati' Maharashtra Society, Ellis Bridge, Ahmedabad-6 (23) Bachubhai P. Rawat, Brahmin Mitra Mandal Society, Ahmedabad-6 (24) Hiralal Harilal Bhagwati, 169 New Cloth Market, Ahmedabad-2 (25) Biharilal Popatlal Shah, Jagabhai Park, Lala Lajapatray Road, Maninagar, Ahmedabad-2

I, Bachubhai P. Rawat, hereby declare that the particulars given above are true to the best of my knowledge and belief. Dated this 27th day of Feb. 1975

Sd./ B. Rawat, Publisher

('કુમાર' અંક ૬૧૫ · માર્ચ ૧૯૭૫)

આપણે સૌ ભારતીય છીએ

હંમેશાં સદ્‌માર્ગે અનુસરીએ।
પરસ્પર વફાદાર રહીએ।
એકબીજાંના ઘાતક ન બનીએ।
હિંસા ન આચરીએ।
બીજાંના દૃષ્ટિબિન્દુને સમજીએ।
અને સંગઠિત બનીએ॥

ઋગ્વેદ



દુનિયાની સાત વ્યક્તિઓમાં
એક ભારતીય છે.
વિભિન્ન જાતિઓમાં વહેંચાયેલ છતાં
આપણે એક પ્રજા છીએ.
ભારતીય હોવાનું આપણને ગૌરવ છે.

માહિતી-ગુજ-૫-'૭૪